कर भला होगा भला

- છગનભા



વર્ષ : 1 ✦ અંક : 6
નવે.-ડિસે., 2011

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

## કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

પુસ્તકોને જોવાં એ તો લહાવો હતો જ. પણ એ પુસ્તકોને એકાગ્ર આનંદથી જોતાં પુસ્તકપ્રેમીઓને જોવાં એ અધિક લહાવો હતો. અને તેમાંય અસંખ્ય બાળકોએ આ મેળામાં સદ્‌ભાગ્યે બાળસાહિત્યમાં જે અસંખ્ય પુસ્તકો હતાં તે પ્રત્યે જે પ્રેમ પ્રગટ કર્યો અને માબાપમાં પ્રગટાવ્યો એમાં તો આ મેળાની ધન્યતાનો જ અનુભવ થયો. એમાં એક રાષ્ટ્ર તરીકે આપણે માટે મોટી આશાનું ચિહ્ન હતું. પુસ્તકમાં જે લખાણ હોય છે એ મનુષ્યના મગજની સરજત છે, એ જ્ઞાન છે, વિજ્ઞાન છે; પણ પુસ્તક નામનો પદાર્થ પોતે મનુષ્યના બે હાથની સરજત છે, એ યંત્રવિજ્ઞાન છે. 15મી સદીમાં જર્મનીમાં ગુટેનબર્ગે મુદ્રણનું યંત્રવિજ્ઞાન શોધ્યું પછી આજ લગીમાં જગતભરમાં એનો અદ્‌ભુત અને અસાધારણ વિકાસ અને વિસ્તાર થયો છે. આપણા દેશ જેવા વિકાસશીલ દેશમાં આવા પુસ્તકમેળાઓનું સવિશેષ મૂલ્ય છે. એથી પુસ્તકો પ્રત્યેનો પ્રેમ જ માત્ર નહિ પણ યંત્રવૈજ્ઞાનિક માનસ પણ કેળવાય છે. પુસ્તક પણ જાણે માનવસર્જિત પુષ્પ ન હોય એમ મોહક અને મઘમઘતું હોય છે!

**– નિરંજન ભગત**

✶

વર્ષોવર્ષ ભરાતા કલકત્તાના પુસ્તકમેળામાં આ ત્રીજી વાર જવાનો અવસર મળ્યો.... કલકત્તામાં હવે ફેબ્રુઆરી-માર્ચ એટલે પુસ્તકમેળાના દિવસો. લોકો રાહ જુએ. આ જાતની માનસિકતાએ મહત્ત્વની ઘટના કહેવાય. પુસ્તકો અને પાઠકોનો આ મેળો છે. પરિણામે એક પ્રકાશકે કહેલી વાત (જે પુસ્તકમેળાના સુવેનીરમાં ઉલ્લેખ પામી છે) કે ભારતમાં બીજે સ્થળે પુસ્તકોને વેચવામાં આવે છે, જ્યારે કલકત્તામાં પુસ્તકોને ખરીદવામાં આવે છે. (ભારતેર અન્યત્ર બઈ બિક્રિ હય, આર કલકાતાય બઈ કેના હય.) આ 'ખરીદવા' (કેના) પર તેમનો ભાર છે. તેઓ કહે છે કે કલકત્તામાં પુસ્તકોના ખરીદનાર છે, કારણ કે પાઠકો છે અને કલકત્તામાં પાઠકો ઘણુંખરું પોતે ખરીદનાર પણ હોય છે. પુસ્તક પણ ખરીદવાની વસ્તુ છે એવી માનસિકતા પાઠકોમાં કેળવવાની જરૂર છે... વેપારવણજમાં ગુજરાતી પ્રજાની નામના છે, પણ પુસ્તકના વેપારને લાગેવળગે છે ત્યાં સુધી એ વાત બરાબર નહિ લાગે. કલકત્તાના પુસ્તકમેળા પરથી તો એવું લાગ્યું કે બંગાળીઓ કંઈ નહિ તો પુસ્તકોનો વેપાર બહુ સારી રીતે કરી જાણે છે, અલબત્ત ત્યાં પુસ્તક ખરીદનાર પાઠકો તો છે જ, પણ વિક્રેતા અને પાઠક એ બન્નેની પારસ્પરિક રસવૃત્તિ – ભલે જુદી જુદી – પણ છે. પરિણામે દરેક પાઠકને એનું પુસ્તક મળી રહે છે અને દરેક પુસ્તકને એનો પાઠક. એમાં વ્યવહાર પણ પાછો સચવાય છે.

**– ભોળાભાઈ પટેલ**





શ્રીમતી મેનાબેન મંગળદાસ પટેલ મધ્યસ્થ કાર્યાલય
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કાર્યાલય, ગાંધીનગર

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

कर भला होगा भला

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૧, અંક : ૬, નવેમ્બર-ડિસેમ્બર, ૨૦૧૧

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

## અનુક્રમ

૧. સંપાદકીય ૧
૨. શ્રદ્ધાંજલિ
– સ્વ. પ્રો. મંગળદાસ પટેલ ૬
– સ્વ. પ્રિ. નરોત્તમભાઈ પટેલ ૬
– સ્વ. ડૉ. મંગુભાઈ પટેલ ૭
૩. શ્રી બળવંતભાઈ પારેખને આંતરરાષ્ટ્રીય પારિતોષિક ૮
૪. સંસ્થા પરિચય
– ભોળાભાઈ પટેલ કોલેજ ઓફ BCA. ૯
૫. ગાંધી : ગઈકાલના, આજના અને આવતીકાલના ૧૨
૬. એક દિલેરી આંદોલન ૨૦
૭. Holidays in Temples of Lear... ૨૩
૮. પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં મૂલ્યનિષ્ઠ... ૩૦
૯. સાહિત્યિક અભિલેખાગાર ૩૫
૧૦. ભારતીય વિજ્ઞાન પ્રત્યે દૃષ્ટિ ૩૭
૧૧. ગ્રંથસૌરભ ૪૦
૧૨. સંસ્થા-વૃત્ત ૪૫

પત્રવ્યવહારનું સરનામું

**મણિભાઈ પ્રજાપતિ**

ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન,
કડી સર્વ વિશ્વવિદ્યાલય,
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. : ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### વિશ્વ પુસ્તકમેળો

ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવો-મેળાઓનું ભારે મોટું માહાત્મ્ય રહ્યું છે. તેથી જ કહેવાયું છે કે 'जना: खलु उत्सवप्रिया:' સમગ્ર ભારતીય સાહિત્ય (સંસ્કૃત-પ્રાકૃતથી આધુનિક ભારતીય ભાષાઓના સાહિત્ય સમેત) ઉત્સવો-મેળાઓના રસ-વૈવિધ્યપૂર્ણ વર્ણનોથી સમૃદ્ધ જોવા મળે છે. સમગ્ર ભારતવર્ષમાં ભારતીય કે રાજ્ય સ્તરના ધાર્મિક, સામાજિક વગેરે પ્રકારના મેળાઓ પ્રાચીનકાળથી ભરાતા આવ્યા છે અને આજે પણ નિયત સમયે યોજાતા રહે છે. ઉદા. તરીકે કુંભમેળો, વૈશાખી મેળો, ગંગાસાગર, ભાદરવી પૂર્ણિમાએ ભરાતો અંબાજીનો મેળો, સિદ્ધપુરનો કાત્યોકનો મેળો, તરણેતરનો મેળો, શામળાજીનો મેળો વગેરે કે જેમાં લાખોની સંખ્યામાં માનવ મહેરામણ ઉભરાતો જોવા મળે છે. આ ખેતીપ્રધાન દેશમાં પરાપૂર્વથી પશુમેળાઓનું પણ ઉત્સાહ અને જોશ સાથે સ-હેતુક આયોજન થાય છે.

પરંપરાગત મેળાઓ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં શિક્ષણ, સંસ્કૃતિ અને કલાના પ્રચાર-

પ્રસાર, પ્રોત્સાહન અને સંવર્ધન અર્થે પુસ્તક મેળો, વિજ્ઞાન મેળો, કલા મેળો વગેરે વૈવિધ્યશીલ મેળાઓનું સરકાર, સ્વાયત્ત સંસ્થાઓ વગેરે દ્વારા પ્રસંગોપાત્ત આયોજન કરવામાં આવે છે. પરંતુ અનુભવે જણાયું છે કે પ્રજાજનો પરંપરાગત મેળાઓ અને ધાર્મિક સમારોહોમાં જે ઉત્સાહથી ભાગ લે છે તેની તુલનાએ પુસ્તકમેળા વગેરે આધુનિક મેળાઓમાં ભાગ લેવા પ્રત્યે કેટલાક અપવાદો બાદ કરતાં ઉદાસીન વલણ ધરાવતા જોવા મળે છે. આપણી આ એક મોટી કરુણતા છે.

'પુસ્તક મેળો' શબ્દના ઉચ્ચારણની સાથે જ મોંમાં પાણી વળી જાય છે. એક આહ્‌લાદક રોમાંચ અનુભવાય છે. મન અતિ ઉત્સાહિત થઈ જાય છે અને ક્યારે પુસ્તક મેળો ભરાશે, આ વખતે મહત્તમ દિવસો કઈ રીતે ફાળવીએ તેની પળોજણમાં મન પરોવાઈ જાય છે. અરે ! સન્મિત્રોને, પુસ્તક મેળાના રસિયાઓને આ ખુશખબર આપવા મન લાલાયિત થઈ જાય છે અને સમાચાર પહોંચાડીને જ ઝંપે છે. પુસ્તક મેળો એટલે મનભાવંત પુસ્તકોનાં સાક્ષાત દર્શન અને તેના સર્જકોને પરોક્ષ અને ક્વચિત પ્રત્યક્ષ રીતે મળવાનો મહામૂલો અવસર ! મન, હૃદય અને બુદ્ધિ સંતૃપ્તિ અનુભવે તેવી તક ! વાંચનરસિયાઓને તો રસતરબોળ – રસાપ્લાવિત કરે જ, પરંતુ વાંચનવિમુખને પણ વાંચવા લલચાવી મૂકે તેવી ઉત્તમ તક પૂરી પાડે છે; એક વારની પુસ્તકમેળાની મુલાકાત જિંદગીભરનું સ્નેહ-સંભારણું તો બની જાય છે, પરંતુ સાથે સાથે આગામી મેળાની મુલાકાતનાં બીજ પણ અંકુરિત કરી દે છે.

આમ તો સમગ્ર ભારતમાં કે વિશ્વમાં સ્થાનિક પ્રકાશકો કે વિક્રેતાઓ કે સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા પ્રસંગોપાત્ત પુસ્તકમેળાઓનું આયોજન કરવામાં આવતું હોય છે. પરંતુ, વિશ્વનો સૌથી મોટો પુસ્તકમેળો એટલે જર્મનીના ફ્રેંકફર્ટમાં પ્રતિવર્ષ ભરાતો 'Frankfurt Book Fair' = 'Frankfurter Buchmesse'. આ પુસ્તકમેળાનો ઇતિહાસ ૫૦૦થી અધિક વર્ષ જૂનો છે. Johannes Gutenberg (૧૩૯૮-૧૪૬૮) દ્વારા Mainz (Germany)માં પ્રિન્ટિંગ પ્રેસની શોધ (૧૪૫૦) કર્યાનાં થોડાંક વર્ષોમાં ફ્રેંકફર્ટમાં પુસ્તક મેળો ભરવાની શરૂઆત કરવામાં આવી હતી, જે આજપર્યંત ચાલુ છે. વર્ષો સુધી આ મેળો યુરોપના દેશોમાં વધુ પ્રચલિત રહ્યો હતો, જે દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ નિયમિત રીતે વિશ્વ પુસ્તકમેળા સ્વરૂપે આયોજિત કરવામાં આવે છે. આ મેળો વિશ્વના પ્રકાશન જગતની એક અણમોલ સાંસ્કૃતિક ઘટના ગણવામાં આવે છે. આ મેળામાં પુસ્તક વેચાણના હક્કો, લાયસન્સ, અનુવાદ, પુનઃમુદ્રણ વગેરે હેતુઓ સર વિશ્વના મોટા ભાગના દેશોના પ્રકાશકો-વિક્રેતાઓ ભાગ લે છે. સાહિત્યિક-સાંસ્કૃતિક ગોષ્ઠિઓનું આયોજન એ આ મેળાનું વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. સામાન્યતઃ આ મેળો ઑક્ટોબર માસના મધ્યમાં પાંચ દિવસ માટે આયોજિત કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૨ના પુસ્તકમેળામાં અંદાજિત ૧૧૦ દેશોના ૭૫૦૦ જેટલા પ્રકાશકો ભાગ લેશે. ફ્રેંકફર્ટ બુક ફેર માણવા જેવો મેળો છે.

'નેશનલ બુક ટ્રસ્ટ, ઇંડિયા' (NBT)ની સ્થાપના ભારત સરકારના શિક્ષણ મંત્રાલય (માનવ સંસાધન મંત્રાલય) દ્વારા એક સ્વાયત્ત સંસ્થા તરીકે ૧૯૫૭માં નવી દિલ્હીમાં કરવામાં આવી હતી, જેનો મુખ્ય ઉદ્દેશ અંગ્રેજી સહિત ભારતીય ભાષાઓમાં પુસ્તકોના પ્રચાર-પ્રસાર અને આદાન-પ્રદાનનો રહ્યો છે. NBTએ કિંમતની દૃષ્ટિએ સસ્તાં અને સુરુચિપૂર્ણ ૧૧૦૦ જેટલાં ભારતીય ભાષાઓનાં પુસ્તકોનું પ્રકાશન કર્યું છે. પ્રકાશનપ્રવૃત્તિની સાથે સાથે NBT દ્વારા પ્રતિવર્ષ દેશના કોઈ એક રાજ્યમાં 'રાષ્ટ્રીય પુસ્તકમેળા'નું

આયોજન કરવામાં આવે છે, કે જેમાં પ્રાયઃ રાષ્ટ્રના પ્રકાશકો અને વિક્રેતાઓ વત્તા-ઓછા પ્રમાણમાં ભાગ લેતા હોય છે. આ ઉપરાંત NBT ઈ.સ.૧૯૭૨થી પ્રતિ બે વર્ષે 'વિશ્વ પુસ્તકમેળા'નું નિયમિત રીતે આયોજન કરે છે. આ મેળા દરમ્યાન સાહિત્યિક ગોષ્ઠિઓ, ગ્રંથાલય વિજ્ઞાન અને પ્રકાશન વ્યવસાય સંબંધી પરિસંવાદો, ગ્રંથલોકાર્પણ સમારોહો વગેરેનું આયોજન કરવામાં આવે છે. સાથે સાથે પ્રગતિ મેદાનમાં સ્થિત 'શાકુંતલ થિયેટર'માં નાટકોની ભજવણી ચાલતી હોવાથી તેનો લાભ પણ મેળવી શકાય તેમજ સ્વાસ્થ્યપ્રદ ખાણીપીણીની પણ સરસ સગવડ ઉપલબ્ધ ખરી જ.

આગામી ૪૦મા **'વિશ્વ પુસ્તકમેળા'નું** આયોજન **તા. ૨૫ ફેબ્રુઆરીથી ૪ માર્ચ, ૨૦૧૨ દરમ્યાન નવી દિલ્હી** સ્થિત 'પ્રગતિ મેદાન'માં કરવામાં આવનાર છે. નવી દિલ્હીમાં 'પુરાના કિલ્લા' પાસેના ૧૪૯ એકરમાં પથરાયેલા આ મેદાનમાં કલાત્મક અને ભવ્ય પ્રદર્શન ભવનો (Halls) બાંધવામાં આવેલાં છે. આ પૈકી ૧૪ વિશાળ ભવનોમાં આ મેળો આયોજિત કરવામાં આવશે, જેમાં વિશ્વ સમેત ભારતના અંદાજિત ૨૫૦૦ પ્રકાશકો ભાગ લેશે. મેળાની ભવ્યતા દર્શનીય બની રહે છે. બુક સ્ટૉલની નયનરમ્ય સજાવટ અને કર્ણપ્રિય સંગીતની શાંત અને મધુર સુરાવલિઓ વચ્ચે વિક્રેતાઓ દ્વારા મુલાકાતીઓને પોતાના સ્ટૉરમાં આગમન માટે અપાતું સ્નિગ્ધ સ્નેહપૂર્ણ નિમંત્રણ મેળાના મુલાકાતીને પુસ્તકમય બનાવી દે તેટલાં મોહક હોય છે કે જેથી પ્રદર્શન હોલ બંધ થવાનો સમય (સાંજના ૮:૦૦ કલાકે) પૂર્ણ થઈ ગયાનું ભાન જ રહેતું નથી. અરે, આ મેળાની મુલાકાત માટે એક સપ્તાહ પણ ઓછું પડે છે. સદાબહાર ફિલ્મી અદાકાર દેવાનંદના ગીતના શબ્દો 'અભી ના જાઓ છોડકર કિ દિલ અભી ભરા નહીં....' સહૃદયી મુલાકાતીના અંતસ્થળમાંથી સતત ગૂંજતા રહે છે. અહીં આપણને લાખોની સંખ્યામાં વિવિધ વિષયોનાં તાજાં મઘમઘતાં ગ્રંથપુષ્પો તેમજ મુદ્રણકલાની દૃષ્ટિએ કલાત્મક તેમજ કલાના ઉત્તમ ગ્રંથોનાં દર્શન સહજમાં સુલભ થાય છે. વિદેશી પ્રકાશકો, ભારતીય ભાષાઓના પ્રકાશકો, હિંદી પ્રકાશકો, સંસ્કૃતના પ્રકાશકો, અંગ્રેજી પ્રકાશકો, બાળપુસ્તકોના પ્રકાશકો વગેરે માટે અલાયદા હોલ્સ ફાળવવામાં આવે છે. ઑક્સફર્ડ, કેમ્બ્રિજ, હિન્દી વિભાગ, બાળ વિભાગ, આચાર્ય રજનીશ, ગીતાપ્રેસ વગેરેના સ્ટૉલોમાં ભારે ભીડ રહેતી જોવા મળે છે.

આ મેળામાં ભાગ લેનાર પ્રકાશકો / વિક્રેતાઓ સંબંધી વિસ્તૃત માહિતી સભર ડિરેક્ટરીનું પણ NBT દ્વારા પ્રકાશન કરવામાં આવે છે, જેથી ઇચ્છિત પ્રકાશક / વિક્રેતાનો સ્ટૉલ કયા હોલમાં છે તેમજ કયા કયા વિષયોના પોતે પ્રકાશક કે કયા પ્રકાશકના એજન્ટ છે તે બધી માહિતી સરળતાથી જાણી શકાય છે. આ ડિરેક્ટરી ગ્રંથપાલો અને પુસ્તક પ્રકાશન વ્યવસાય સાથે સંકળાયેલા સૌ કોઈ માટે એક મૂલ્યવાન અને ઉપયોગી સ્રોત બની રહે છે.

વિદેશોના અગ્રણી પ્રકાશકો કે તેમના ભારત સ્થિત એજન્ટો તેમજ દેશના મોટાભાગના અગ્રણી પ્રકાશકો પોતાનાં ઉપલબ્ધ પ્રકાશનો સાથે આ મેળામાં ભાગ લેવા ઉપસ્થિત રહેતા હોવાથી ગ્રંથપાલો, આચાર્યો અને અધ્યાપકો માટે આ મેળો અનેકવિધ રીતે ફળદાયી બની રહે છે.

આજે એક બાજુ આપણાં ગ્રંથાલયો નાણાંકીય ખેંચ અનુભવતાં હોય છે અને બીજી બાજુ પુસ્તકોની અસહ્ય કિંમતની સાથે સાથે પ્રતિવર્ષ સંખ્યાબંધ પુસ્તકો પ્રકાશિત થતાં હોય ત્યારે પુસ્તકોની પસંદગીની સમસ્યા વિકટ બની

જાય છે. પરિણામસ્વરૂપે પુસ્તક પસંદગીના માપદંડો અને હેતુઓને વિસારી દઈ પ્રાયઃ ગ્રંથનાં શીર્ષકોને તેમજ પુસ્તક ખરીદી ઉપર મહત્તમ ડિસ્કાઉન્ટ કેટલું મળશે તેને ધ્યાને લઈ પુસ્તકોની પસંદગી તેમજ ખરીદી કરવામાં આવે છે. ઉદા. તરીકે હમણાંથી Encyclopedia – વિશ્વકોશ તેમજ વિવિધ વિષયોના શબ્દકોશોના નામે થોકબંધ પુસ્તકોનું પ્રકાશન થઈ રહ્યું છે. કહેવાતા આ વિશ્વકોશોને વિશ્વકોશની વિભાવના સાથે કોઈ સ્નાનસૂતકનો પણ સંબંધ હોતો નથી. આવા વિશ્વકોશોમાં કોઈ વિષયના લેખો કે ક્વચિત પૂર્વપ્રકાશિત સ્વતંત્ર ગ્રંથોના સંચયોને વિશ્વકોશોના નામે પ્રકાશિત કરવામાં આવે છે અને વિશ્વકોશના નામે મસ મોટી કિંમત રાખીને ઉઘાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે. સાથે સાથે બહુખંડીય વિશ્વકોશ શીર્ષક હેઠળ પ્રકાશિત થયેલા ખંડો સ્વતંત્ર ગ્રંથ તરીકે પણ તે જ પ્રકાશક દ્વારા પ્રકાશિત કરવામાં આવતા જોવા મળે છે. પરિણામે નવાં શીર્ષકોથી આકર્ષાઈને તેની ખરીદી બેવડાતી રહે છે. આ બધા ગ્રંથોની ગુણવત્તા સંબંધી પ્રશ્નો તો ખરા જ. ગ્રંથાલયો આવા (અવિશ્વસનીય) વિશ્વકોશો વસાવીને સંતૃપ્તિનો ઓડકાર અનુભવીને ગર્વ અનુભવતાં હોય છે કે અમારી પાસે અમુક અમુક વિશ્વકોશો છે. ક્યાં આપણા ગુજરાતી વિશ્વકોશ, મરાઠી વિશ્વકોશ, બંગાળી વિશ્વકોશ, હિંદી વિશ્વકોશ, બ્રિટાનિકા, અમેરિકાના કે મેકગ્રોહિલ એન્સાયક્લોપીડિયા ઑફ સાયન્સ એન્ડ ટેકનોલોજી અને ક્યાં પસ્તીનું મૂલ્ય ધરાવતા વ્યાપારી ધોરણે મુદ્રિત કરવામાં આવતા વિશ્વકોશો ? ગ્રંથપસંદગીના મૂલ્યાંકનનાં ધોરણોને આપણે ક્યારે ખપમાં લઈશું ? હમણાંથી પુસ્તક ખરીદી ઉપર વધુ કમિશન (૨૫% – ૩૦% – ૪૦% કે અધિક) મેળવવાના લોભ અને મહત્તમ કમિશન મેળવ્યાની અર્થહીન સંતૃપ્તિના કારણે ગ્રંથાલયો યુજીસી અનુદાનો કે બજેટ વાપરવા માટે ગુણાત્મકતાના સ્થાને જથ્થાત્મક રીતે વૃદ્ધિ પામી રહ્યાં છે. કેટલાક વિક્રેતાઓ વ્યવસાયિક રીતે અનુકૂળ તેવાં પુસ્તકો જાંગડ ઉપર આપી જતા હોય છે. પરિણામે જરૂરિયાતની સામે ઉપલબ્ધ ગ્રંથોમાંથી પસંદગી કરવાની થતાં ગ્રંથસંગ્રહ વિક્રેતા દ્વારા વ્યાપાર અર્થે પસંદ કરાયેલાં પુસ્તકો પૈકીનો મર્યાદિત સંગ્રહ બની રહે છે, જે લાંબા ગાળે મોટી ઊણપવાળો પુરવાર થાય છે. પ્રથમ દષ્ટિએ સામાન્ય લાગતી આવી મહત્ત્વપૂર્ણ બાબતોને આપણે ક્યારે ગંભીરતાથી લઈશું ? આપણાં ગ્રંથાલયો ખરા અર્થમાં જ્ઞાનભંડારો બની રહે તે માટે પ્રત્યેક પુસ્તકની પસંદગી કાળજીપૂર્વક કરવી જોઈએ. આપણા ત્યાં પૂર્વ-પ્રકાશન સમીક્ષા પ્રવૃત્તિ પ્રચલિત ન હોવાથી મોટા પુસ્તકમેળાઓની મુલાકાતો વિશેષ લાભદાયી બની રહે છે.

સામાન્ય રીતે વિવિધ રાજ્યોની અકાદેમીઓ, યુનિવર્સિટીઓ, વિદ્વત્ સંસ્થાઓ અને ભારત સરકારના પ્રકાશન વિભાગ વગેરેનાં પ્રકાશનોની તેમના મુખ્યમથકોએથી પ્રાપ્તિની પ્રક્રિયા ઠીક ઠીક કઠિન અને સમય માગી લે તેવી કંટાળાજનક હોવાથી સરળતાથી પ્રાપ્ત થઈ શકતાં નથી, પરંતુ વિશ્વ પુસ્તકમેળામાં તેમના સ્ટૉલની ઉપસ્થિતિથી તેમનાં પ્રકાશનો અહીં સરળતાથી પ્રત્યક્ષ જોઈ-તપાસીને ખરીદી શકાય છે. આ એક મોટો ફાયદો છે. આ મેળામાં અલભ્ય પુસ્તકોના વિક્રેતાઓના સ્ટૉલ પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહે છે. સ્વ. દિનકરભાઈ ત્રિવેદી (New Order Book Co., Ahmedabad) આ મેળાઓમાં ૧૭–૧૮–૧૯મી સદીનાં અલભ્ય, કલાત્મક અને બહુમૂલ્યવાન પુસ્તકો સાથે અચૂક ભાગ લેતા હતા. તેમના સ્ટૉલની મુલાકાત Rare પુસ્તકો મેળવવા માટેના ઇચ્છુકો તેમજ ડૉ. કપિલા વાત્સ્યાયન જેવાં કલામર્મજ્ઞો અચૂક લેતાં નજરે નિહાળ્યાં છે.

પુસ્તકપસંદગી અને ખરીદી સંબંધી આ બધી સમસ્યાઓને ધ્યાને લેતાં ગ્રંથપાલો, આચાર્યો અને અધ્યાપકોની પુસ્તક મેળાની મુલાકાત બહુવિધરીતે લાભદાયી બની રહે છે. પુસ્તક મેળાની મુલાકાત તેમના ગ્રંથાલયને નવપલ્લવિત – નવપ્રાણિત કરશે, તેમજ તેમના વિષય સંબંધી આંગળીને વેઢે ગણી શકાય તેટલા લેખકો અને ગ્રંથોની તેમની સ્મૃતિની સામે ન સાંભળવા કે જોવામાં આવ્યા હોય તેવા તેમજ એક-એકથી ચઢિયાતા વિદ્વત ગ્રંથોના વિપુલસંગ્રહનાં પ્રત્યક્ષ દર્શન તેમની સોચ અને દ્રષ્ટિમાં આમૂલ પરિવર્તન આણશે, જે અંતતઃ જનસમાજ – વિદ્યાર્થીઓના લાભમાં પરિણમશે. કોઈ પરિસંવાદમાં હાજરી આપવાથી જે 'પુણ્યલાભ' મેળવાય છે, તેનાથી અનેકઘણો લાભ વિશ્વ પુસ્તકમેળો, રાષ્ટ્રીય પુસ્તક મેળો કે કલકત્તા બુક ફેર જેવા મેળાઓની મુલાકાતથી થાય છે. ભલે, શાળા / કૉલેજ / યુનિવર્સિટી માટે પુસ્તક ખરીદી ન કરવામાં આવે, તો પણ પુસ્તકમેળાની મુલાકાતે ગ્રંથપાલો અને અધ્યાપકોને મોકલવાનું રાખવું સર્વથા હિતાવહ બની રહે છે. પ્રકાશનજગત અને સર્જાતા સાહિત્ય સાથે સતત નાતો જોડી રાખવા માટે પુસ્તકમેળો સેતુની ભૂમિકા અદા કરે છે.


આજે પ્રાયઃ સમગ્ર સમાજ વાંચનવિમુખ થઈ રહ્યો છે ત્યારે આવા ગ્રંથ ઉત્સવો-પુસ્તકમેળાઓ વાંચનપ્રીતિ વધારવા માટે ઉદ્દીપનનું કાર્ય કરી રહ્યા હોઈ આવી પ્રવૃત્તિઓ સતત પ્રોત્સાહિત કરવી જોઈએ. પુસ્તકમેળાઓ ગ્રંથસંસ્કૃતિનાં સંવર્ધનકેન્દ્રો કે તીર્થસ્થાનો હોવાથી માનવસમાજના વિવિધ ઘટકોએ એક પવિત્ર ધર્મકાર્ય તરીકે સ્વીકારીને ખાસ સમય ફાળવીને તેની મુલાકાત લેવી જોઈએ. દિલ્હી અને આસપાસની શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ આ મેળાનો ભરપૂર લાભ લેતા જોવા મળ્યા છે. ગુજરાતમાંથી અવનાર વિદ્યાર્થીઓની ટુકડીઓનાં દર્શન પ્રાયઃ દુર્લભ હોય છે. તૃતીય વિશ્વ પુસ્તકમેળાથી અસ્ખલિત રીતે આ મેળાની મુલાકાત લેવાનું સતત ચાલુ રહ્યું છે તેના અનુભવે નોંધું છું કે વિશ્વ પુસ્તકમેળામાં ગુજરાતી મુલાકાતીઓ – ગ્રંથપાલો, આચાર્યો, અધ્યાપકો – ની સંખ્યા સાવ પાંખી જોવા મળે છે.

કેટલાંક વર્ષો પૂર્વે પશ્ચિમ બંગાળના સામ્યવાદી પક્ષે પોતાના ચૂંટણી ઢંઢેરામાં રાજ્યની પ્રજાની ગ્રંથાલયપ્રીતિ અને વાંચનપ્રીતિને ધ્યાને લઈ રાજ્યમાં ગ્રંથાલય ધારો પસાર કરવાનું વચન આપ્યું હતું. આ પક્ષે ચૂંટણી જીત્યા બાદ તેનું પાલન પણ કરી બતાવ્યું. ગુજરાતના રાજકીય પક્ષો રાજ્યમાં વાંચન પ્રવૃત્તિ તેમજ ગ્રંથસંસ્કૃતિને પોષક એવી નવતર પ્રવૃત્તિઓના આરંભ કરવાનું જેમકે 'ગામ ત્યાં ગ્રંથાલય' અને ગ્રંથાલય ત્યાં ગ્રંથપાલની નિમણૂક કરવાનું પોતાના આગામી ચૂંટણી ઢંઢેરામાં સમાવેશ કરવા વિચારશે ખરા ? યોગાનુયોગ ઈ.સ. ૨૦૧૨ના ચાલુ વર્ષમાં આપણે વડોદરાના મહારાજા સર સયાજીરાવ ગાયકવાડ (ત્રીજા)ની ૧૫૦મી જન્મજયંતી તરીકે ઉજવી રહ્યા છીએ ત્યારે તેમનાં આ દિશાનાં આદર્યાં-અધૂરાં સ્વપ્નોને સાકાર કરીને આ ઉજવણી ખરા અર્થમાં સાર્થક કરવાનું દૂરંદેશિતા પૂર્ણ પગલું બની રહેશે. 'વાંચે ગુજરાત' અભિયાનને સ્વર્ણિમ ગુજરાતની ઉજવણી સુધી મર્યાદિત ન રાખતાં પ્રત્યેક વર્ષે આ અભિયાન વધુ ને વધુ બળવત્તર અને સત્ત્વશીલ બને તેવું આયોજન જરૂરી બની રહે છે. આ પ્રવૃત્તિ સાર્થક રીતે સતત ચાલુ રહે તેમાં જ વ્યક્તિ માત્ર અને સરવાળે સમગ્ર રાષ્ટ્રનું કલ્યાણ – માનવસમાજનું કલ્યાણ સન્નિહિત છે.

**– મણિભાઈ પ્રજાપતિ**

# શ્રદ્ધાંજલિ

## પ્રો. મંગળદાસ પટેલ



ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ, માણસા મતવિસ્તારના ધારાસભ્ય રાજનીતિજ્ઞ, કુશળ વહીવટકર્તા, સંનિષ્ઠ અને વિદ્યાર્થીવત્સલ અધ્યાપક પ્રો. મંગળદાસ પટેલનું ગાંધીનગરમાં તા.૧૬ નવેમ્બર, ૨૦૧૧ ના રોજ હાર્ટ એટેકથી દુઃખદ નિધન થયું. પ્રો. મંગળદાસ પટેલનું વતન પરબતપુરા (તા. માણસા, જિ. ગાંધીનગર). તેમણે માણસા સાયન્સ કૉલેજમાં યશસ્વી સેવાઓ દરમ્યાન સક્રિય રાજકારણમાં ભાગ લઈને ગામના સરપંચના હોદાથી શરૂ કરી વિજાપુર તાલુકા પંચાયતના પ્રમુખ, મહેસાણા જિલ્લા પંચાયતના પ્રમુખ, જિલ્લા પંચાયતમાં વિરોધપક્ષના નેતા, રાજ્ય વિધાનસભા ગૃહના મુખ્ય દંડક, વિધાનસભાના અધ્યક્ષ, પંચાયતી રાજ સમિતિના સતત બે ટર્મ સુધી અધ્યક્ષ, રાજ્ય બીજ નિગમના ડિરેક્ટર વગેરે હોદાઓ ઉપર રહીને તટસ્થતા અને ન્યાયપુરઃસર પોતાની સેવાઓ આપી હતી. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ તરીકે તેમણે આ ગૌરવવંતા પદની ગરિમા અને સંસદીય પ્રણાલીનું નિષ્ઠાપૂર્વક જતન કર્યું હતું. તેઓશ્રી એક મૂલ્યનિષ્ઠ રાજકારણી તરીકે ખ્યાતિપ્રાપ્ત રહ્યા હતા. ભારતીય જનતા પાર્ટીના એક કર્મઠ સૈનિક તરીકેની તેમની સુવાસ સાદ્યંત રહી હતી. પ્રજાકાર્યો અને સવિશેષતઃ ખેડૂતોના પ્રશ્નો હલ કરવા તેઓશ્રી હરહંમેશાં તત્પર રહેતા હોવાથી સવિશેષતઃ પોતાના માણસા વિધાનસભા મતદાર વિસ્તારમાં, મહેસાણા-ગાંધીનગર જિલ્લામાં અને સમગ્ર રાજ્યમાં લોકપ્રિય બની ગયા હતા. પરિણામસ્વરૂપે માણસા વિધાનસભા મતદાર ક્ષેત્રમાંથી સતત ત્રણ વખત ચૂંટાઈ આવ્યા હતા. પ્રો. મંગળદાસ તેમનાં સેવાકાર્યોની સુવાસ થકી જનસમાજના વિશેષ પ્રીતિપાત્ર બની ગયા હતા. તેઓશ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના વિકાસમાં ખાસ રસ-રુચિ દાખવતા હતા અને પ્રસંગોપાત કેળવણી મંડળને મદદરૂપ નીવડતા હતા. તેમના આકસ્મિક અવસાનથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળે પોતાનો હમદર્દ ગુમાવ્યો છે. ઈશ્વર સદ્‌ગતના આત્માને ચિર શાંતિ અર્પે તેવી સર્વ વિદ્યાલય પરિવારની પ્રાર્થના.

## સ્વ. પ્રિ. નરોત્તમભાઈ પટેલ
## (૧૯૩૨–૨૦૧૧)



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સંચાલિત પ્રમુખ સ્વામી સાયન્સ એન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજના સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ તથા રોટેરિયન શ્રી નરોત્તમભાઈ જોઈતારામ પટેલનું દુઃખદ અવસાન તેમના વતન વિસનગરમાં તા. ૨૦ નવેમ્બર, ૨૦૧૧ના રોજ થયું. સ્વ. નરોત્તમભાઈ રસાયણશાસ્ત્રના અધ્યાપક તરીકે એમ. એન. કૉલેજ, વિસનગર, શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ અને એમ. એન. સાયન્સ કૉલેજ, પાટણમાં યશસ્વી સેવાઓ આપ્યા બાદ સાયન્સ કૉલેજ, કડીમાં ૧૯૭૦માં પ્રિન્સિપાલ તરીકે જોડાયા

હતા અને નિવૃત્તિપર્યંત (૧૯૮૮) અહીં સેવાઓ આપી હતી. આચાર્યશ્રી તરીકેના તેમના દ્રષ્ટિવંત કાર્યકાળ દરમ્યાન ગ્રામ્ય વિસ્તારની સાયન્સ કૉલેજોમાં કડી કૉલેજે પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી હતી. તેમણે સર્વ વિદ્યાલયના કૅમ્પસમાં સ્થિત કૉલેજ હૉસ્ટેલના મુખ્ય ગૃહપતિ તરીકે રહીને વિદ્યાર્થીઓમાં સંસ્કાર-સિંચન અને તેમના જીવનઘડતરમાં ઊંડો રસ લીધો હતો. અહીં તેમણે એક વિદ્યાર્થીવત્સલ અધ્યાપક છતાં શિસ્તના ભારે આગ્રહી અને હેતાળ વાલી તરીકેની પ્રશસ્ય ભૂમિકા અદા કરી હતી. રસાયણશાસ્ત્રના અધ્યયનશીલ અધ્યાપક, અનુશાસનના આગ્રહી આચાર્યશ્રી ઉપરાંત એન.સી.સી.ના મેજર તરીકેની પણ તેમની સેવાઓ વિશેષ ઉલ્લેખનીય રહી છે. નિવૃત્તિ બાદ તેમણે ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બૉર્ડના ચેરમેન તથા મહર્ષિ અરવિંદ કેન્દ્ર, વિસનગરના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપી હતી. રાષ્ટ્રભાવના અને ભારતીયતાને વરેલા સ્વ. નરોત્તમભાઈએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને જનસંઘના સક્રિય કાર્યકર તરીકે સુદીર્ઘકાળપર્યંત સેવાઓ આપી હતી.

સદ્‌ગતના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પરિવારની આર્તભાવે પ્રાર્થના.

## સ્વ. ડૉ. મંગુભાઈ પટેલ
## (૧૯૩૭-૨૦૧૧)



સ્વ. ડૉ. મંગુભાઈ રામદાસ પટેલનો જન્મ તેમના વતન કંબોઈ (તા. ચાણસ્મા, જિ. મહેસાણા)માં ઈ.સ. ૧૯૩૭માં થયો હતો. તેમણે માધ્યમિક શિક્ષણ સર્વ વિદ્યાલય, કડીમાં અને ઉચ્ચશિક્ષણ ગુજરાત યુનિવર્સિટીમાંથી મેળવ્યું હતું. તેમણે ઇતિહાસના અધ્યાપક તરીકે એલ. એચ. આર્ટ્સ કૉલેજ, માણસા, સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ અને વિવેકાનંદ કૉલેજ, અમદાવાદમાં સેવાઓ આપ્યા બાદ ગુજરાત યુનિવર્સિટીના ઇતિહાસ વિભાગમાં સેવાઓ આપી હતી અને રીડરપદેથી સેવાનિવૃત્ત થયા હતા. પાટીદારોના ઇતિહાસવિષયક તેમનું સંશોધનકાર્ય યશોદાયી રહ્યું છે. તેમનાં પ્રકાશનો પૈકી 'કૂર્મિ ક્ષત્રિય પાટીદારોંકા ઇતિહાસ', 'પાટીદાર ગૌરવગાથા', 'પાટીદાર પ્રગતિ અને પરિવર્તન', 'સામાજિક ક્રાંતિના પ્રણેતા છગનભા', 'બહેચરદાસ લશ્કરી', 'કર્મયોગી દાસકાકા', 'બાપુભાઈ વિ. ગામી', 'ભારતના સ્વાતંત્ર્યસંગ્રામો અને તેના ઘડવૈયા', 'ફ્રેન્ચ ક્રાંતિ અને નેપોલિયન', 'આંતરરાષ્ટ્રીય સંબંધો', 'વિશ્વક્રાંતિઓ અને રાષ્ટ્રીય આંદોલન' વગેરે ખ્યાતિપ્રાપ્ત છે. તેમના ૩૫થી અધિક ગ્રંથો પ્રકાશિત થયા છે. તેમના માર્ગદર્શન હેઠળ ૧૦ વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની પદવી મેળવેલ છે. તેમણે 'ધરતી' માસિકના સંપાદક, ગુજરાત ઇતિહાસ પરિષદના પ્રમુખ, અખિલ ભારતીય કૂર્મિ ક્ષત્રિય સંગઠનના સચિવ વગેરે હોદ્દાઓ ઉપર રહીને પોતાની જવાબદારી સેવાની ભાવના સાથે સભાનતાપૂર્વક નિભાવી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી. કર્મવીર ઇતિહાસજ્ઞ ડૉ. મંગુભાઈ પટેલના તા. ૨૭ ઑક્ટોબર, ૨૦૧૧ના રોજ થયેલ અવસાનથી સર્વ વિદ્યાલય પરિવાર ઊંડા દુ:ખની લાગણી અનુભવે છે અને સદ્‌ગતના અંતરાત્માને પરમાત્મા ચિર શાંતિ અર્પે તેવી અભ્યર્થના સેવે છે.

**માણેકલાલ એમ. પટેલ**

પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

ચેરમેન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,

કડી–ગાંધીનગર

# શ્રી બળવંતભાઈ પારેખને આંતરરાષ્ટ્રીય પારિતોષિક

ફાર્બસ ગુજરાતી સભા પોતાની દોઢસોમી જન્મજયંતી (૧૮૬૫-૨૦૧૫)ની પૂર્વસંધ્યાએ ઊભી છે, ત્યારે આનંદ અને ગર્વ થાય એવા સમાચાર સભાએ ગુજરાતને આપવાના છે : આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતી 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ જનરલ સિમેન્ટિક્સ'નો 'જે ટેલ્બટ વિન્ચેલ ઍવૉર્ડ' ૨૦૧૧ના વર્ષ માટે શ્રી બળવંતભાઈ પારેખને આપવાનો નિર્ણય જાહેર કરાયો છે. અમેરિકાના શિકાગો શહેરમાં ઈ. ૧૯૩૮માં વિખ્યાત વ્યવહાર-ચિંતક ઓલ્ફ્રેડ કોર્ઝીબ્સ્કી દ્વારા સ્થપાયેલી વિદ્યાસંસ્થા 'ઇન્સ્ટિટ્યૂટ ઑફ જનરલ સિમેન્ટિક્સ', એ વિદ્યાશિસ્તને સક્રિય પ્રદાન વડે આગળ વધારનાર એક વ્યક્તિને એ પારિતોષિક અર્પણ કરે છે. ઈ. ૨૦૧૧ના વર્ષ માટે શ્રી બળવંતભાઈ પારેખને આપવાનો નિર્ણય ઇન્સ્ટિટ્યૂટની કાર્યવાહક સમિતિએ જાહેર કર્યો છે. વિન્ચેલ ઍવૉર્ડ ભારતમાં (બલ્કે પાશ્ચાત્ય દેશોની બહાર) પહેલી વાર અપાય છે. આ આનંદપર્વે ફાર્બસ ગુજરાતી સભા વતી શ્રી બળવંતભાઈને અભિનંદન અને સ્નેહવંદન !

ગુજરાતને શ્રી બળવંતભાઈનો પરિચય આપવો પડે નહીં. દેશના અગ્રણી અને ઊજળા ઉદ્યોગપતિ તરીકે જ નહીં, ગુજરાતના સંસ્કારજીવનને, એની ઉમદા વિદ્યાસંસ્થાઓને, સાહિત્યની સંસ્થાઓ, સામયિકો અને પ્રવૃત્તિઓને, એના શરીર-સ્વાસ્થ્યનું અને મનોસ્વસ્થનું જતન કરતી સંસ્થાઓ અને કેન્દ્રોને, ગમતાનો ગુલાલ કરીને આજ દશકોથી બહોળી, ઉદારદિલ અને દષ્ટિવંત સહાય કરનાર ઓછાબોલા અગ્રણીરૂપે ગુજરાત અને ભારત શ્રી બળવંતભાઈ પારેખને સુપેરે ઓળખે છે. ફાર્બસ ગુજરાતી સભા માટે તો સંસ્થાને ગરવી અને નરવી રાખતા એ અમારા પ્રમુખ છે.

જનરલ સિમેન્ટિક્સ (વ્યાપક અન્વયવિચાર) નામની વિદ્યાશાખા આજે અમેરિકી વિદ્યાલયોમાં જાણીતી છે. ભારતમાં એ મલ્ટિડિસિપ્લિનરી, સમન્વયક, વિદ્યાશાખામાં રસ લેનારાઓમાં શ્રી બળવંતભાઈ કદાચ પહેલા હશે. ચારેક દશકોથી એનો અભ્યાસ કરી, એનો વહીવટી ક્ષેત્રે, ઉદ્યોગક્ષેત્રે એના પ્રયોગ કરતા રહ્યા છે. વડોદરાની વિદ્યાસંસ્થા, 'સેન્ટર ફોર જનરલ સિમેન્ટિક્સ ઍન્ડ અધર હ્યુમન સાયન્સીઝ'ના શ્રી બળવંતભાઈ સ્થાપક પ્રમુખ છે.

માનવ સંબંધોને અને એ સંબંધોની ભૂમિકારૂપ ભાષા-વ્યવહારને પારદર્શી, કાર્યક્ષમ અને પરસ્પર સમાદરયુક્ત રાખવાના ઉદ્દેશ્યને મનોવિજ્ઞાન, ભાષાવિચાર, સમાજશાસ્ત્ર, ફિલસૂફી વગેરે વિદ્યાશાખાઓની સહાયથી પાર પાડવાનાં સાધનો અને રીતો શોધવાં અને અમલમાં મૂકવાં, એ આ વ્યાપક અન્વયવિચારનું હાર્દ છે.

શ્રી બળવંતભાઈના વ્યક્તિત્વનું પણ.

**– સિતાંશુ યશશ્ચંદ્ર**

**('ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક' પુસ્તક ૭૬ અંક ૨-૩ ૨૦૧૧માંથી સાભાર)**

આ ગરવા પ્રસંગે કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી માણેકલાલ એમ. પટેલ અને વિશ્વવિદ્યાલય પરિવાર શ્રી બળવંતભાઈ પારેખને હાર્દિક શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવે છે.

# સંસ્થા પરિચય

## ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, સંચાલિત ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યૂટર સ્ટડીઝ, ગાંધીનગરની સ્થાપના ગુજરાત રાજ્યના પૂર્વમંત્રી, સહકારી આગેવાન અને પાટણ, કડી અને ગાંધીનગર ક્ષેત્રે ઉચ્ચશિક્ષણનાં વિદ્યાધામોની સ્થાપના માટે માતબર દાન આપનાર દાતાશ્રી અને વિસનગરમાં ઉચ્ચશિક્ષણની વિવિધ વિદ્યાશાખાઓ શરૂ કરનાર આર્ષદ્રષ્ટા, કેળવણીપ્રેમી શ્રી ભોળાભાઈ ચતુરદાસ પટેલના માતબર દાનથી તા. ૧૨ ઑગસ્ટ, ૧૯૯૯ના રોજ કરવામાં આવી હતી.

કૉલેજનું ભવન, વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને ઉચ્ચતમ માળખાકીય સુવિધાઓ સાથે બનાવવામાં આવ્યું છે. જેમાં ૧૫ વર્ગખંડો તથા ઉચ્ચ ટેકનોલોજીથી સજ્જ ૯૦ કમ્પ્યૂટર ધરાવતી લેબોરેટરી, વિદ્યાર્થીઓની બૌદ્ધિક શક્તિ ખીલવવા માટે ૧૦,૪૯૨ પુસ્તકોથી સજ્જ ગ્રંથાલય કે જેમાં ૧૬૭૭ સંદર્ભગ્રંથો અને ૪૩૩૭ CDનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ૭૦ નેશનલ અને ઇન્ટરનેશનલ જર્નલ્સ મંગાવવામાં આવે છે. ગ્રંથાલયમાં ૬ કમ્પ્યૂટર ઈન્ટરનેટ સુવિધા સાથે ઓનલાઈન જોડાયેલ છે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક વાતાવરણ પૂરું પાડવાના હેતુથી પ્રાયોગિક કાર્ય માટે તમામ કમ્પ્યૂટર લેબ અને લાઈબ્રેરી વિવિધ ઇ-રિસોર્સિસ સાથે વહેલી સવારથી મોડી સાંજ સુધી ચાલુ રહે છે. આ ઉપરાંત સ્પોર્ટસરૂમ, ગર્લ્સ અને બોયઝ કોમનરૂમ, કેન્ટીન, બસસુવિધા, ઓડીઓ-વિઝ્યુલ લેબ, વિશાળ મેદાન તથા બહારગામનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને રહેવા માટે અદ્યતન હોસ્ટેલની સુવિધા પણ ઉપલબ્ધ છે. પ્રવર્તમાન ઈન્ડસ્ટ્રીઝની ડિમાન્ડને ધ્યાનમાં રાખીને રોજગારલક્ષી અને તાલીમલક્ષી અભિગમ કેળવાય તે માટે Bachelor in Computer Applicationsનો સમગ્ર અભ્યાસક્રમ ઘડવામાં આવ્યો છે. જેમાં નવીનતમ પ્રોગ્રામીંગ લેન્ગવેજીસ, ઓપરેટીંગ સિસ્ટમ, લેન્ગ્વેજ લેબ, મલ્ટિમીડિયા પ્રોગ્રામીંગ, સાયન્ટીફિક એનાલિસિસ અને મેથડ્સ તથા સૉફ્ટવેર, પ્રોજેક્ટ મેનેજમેન્ટ જેવા મહત્ત્વના વિષયોને આવરી લેતો અભ્યાસક્રમ પ્રાયોગિક તાલીમ દ્વારા વધુ સમૃદ્ધ બનાવ્યો છે. સમગ્ર શૈક્ષણિક વર્ષ દરમિયાન તમામ સેમેસ્ટરમાં નિયમિત વર્ગો લેવાય, વિદ્યાર્થીઓ નિયમિત હાજરી આપે ઉપરાંત સંસ્થાના તમામ નિયમોનું શિસ્તપૂર્વક પાલન થાય વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને દર બે મહિને પેરન્ટ્સ-ટીચર કાઉન્સેલિંગનું આયોજન કરવામાં આવે છે. સંસ્થા, શિક્ષકો અને વિદ્યાર્થીઓના વિકાસ માટેના સામૂહિક પ્રયત્નોના સ્વરૂપે દર વર્ષે સંસ્થાના વિદ્યાર્થીઓ સરેરાશ ૮૦–૯૦ % વચ્ચે પરિણામ પ્રાપ્ત કરી સંસ્થા તથા યુનિવર્સિટીનું ગૌરવ વધારે છે.

વિદ્યાર્થીઓમાં રહેલી ટેકનિકલ અભિવ્યક્તિને બહાર લાવવા માટે વિવિધ અભ્યાસલક્ષી ઇતર પ્રવૃત્તિઓ જેવી કે ટેકનિકલ ફેસ્ટ, એકસપર્ટ લેક્ચર્સ, ઈન્ડસ્ટ્રીઝ વિઝીટ, કારકિર્દી ઘડતર માટે સેમિનાર, વર્કશોપ, રોજગારલક્ષી સેમિનાર વગેરેનું

આયોજન સમયાન્તરે કરવામાં આવે છે. આ ઉપરાંત દર વર્ષે ટેકનો-ક્લબ એક્ટીવીટી અંતર્ગત 'ટેકનોબ્રેઈન' – ટેકનિકલ મેગેઝીન, 'ટેકનોલોજીકલ ક્વીઝ', વિદ્યાર્થીઓ દ્વારા લેટેસ્ટ ટેકનોલોજીનું આદાન-પ્રદાન થઈ શકે તે માટે કૉલેજ કેમ્પસમાં ક્રિએટીવ બોર્ડસ પર નવાં ટેકનિકલ સંશોધનો સંબંધી વિસ્તૃત માહિતી મૂકવામાં આવે છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓની Preservation skill વધારવા માટે inter class technical સેશન્સનું આયોજન પણ કરવામાં આવે છે. આ તમામ પ્રવૃત્તિઓની સાથે સાથે વિદ્યાર્થીઓને ઈન્ડસ્ટ્રીઝની માંગ પ્રમાણેનું જ્ઞાન મળી રહે તે હેતુથી દ્વિતીય સેમેસ્ટરથી જ વિદ્યાર્થીઓનો ઈન્ડસ્ટ્રીઝ સાથે મેળાપ કરાવીને છઠ્ઠા સેમેસ્ટર સુધીમાં ઈન્ડસ્ટ્રીઝની માંગનું સંપૂર્ણ જ્ઞાન થઈ જાય તે હેતુથી ઉત્તરોતર સેમેસ્ટર પ્રમાણે In-house Project, Small-scale Project અને Industrial Project પણ કરાવવામાં આવે છે.

અભ્યાસ ઉપરાંત વિદ્યાર્થીઓમાં રહેલી આંતરિક શક્તિઓને ખીલવવા માટે વિવિધ ઇતર પ્રવત્તિઓ પણ કરાવવામાં આવે છે. જેમ કે સ્પોર્ટસ વીકનું આયોજન વર્ષમાં બે વાર થાય છે. યુનિવર્સિટીનો વાર્ષિક મહોત્સવ 'સંગત', Teacher's day, ગરબા, Fresher's party, Blood-donation camp, Thalesamia check-up, Health awareness program જીવન જીવવાની કળા, યોગાસન, મેડીટેશનના કાર્યક્રમો, વિવિધ વિચારોની અભિવ્યક્તિ સાથેનાં ડે સેલિબ્રેશન્સ, ઉપરાંત case study જેવા અનેક સ્પર્ધાત્મક કાર્યક્રમોનું પ્રસંગોપાત આયોજન કરવામાં આવે છે. પરિણામરૂપે વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃત્તિઓમાં સંસ્થાકીય, રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તરે કૉલેજનું પ્રતિનિધિત્વ કરી શકે છે.

વિદ્યાર્થીઓનું ભાષા ઉપર પ્રભુત્વ કેળવવા માટે ત્રિઅઠવાડિક ભાષા-જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવે છે. જેમાં સંસ્થાની ભગિની શાળા-કૉલેજોનાં વિદ્યાર્થીઓ વચ્ચે Quiz, Presentations, Models, Charts, Debate, Group Discussions જેવી સ્પર્ધાત્મક પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવે છે.

વિદ્યાર્થીઓના કારકિર્દી વિકાસ માટે સદાય તત્પર રહેતી અધ્યાપકોની ટીમ આ સંસ્થાનું પ્રબળ જમા પાસું છે. અધ્યાપકોની ટીમમાંથી ૫ Ph.D., ૮ M.Phil., ૨ M.Tech.ની ડિગ્રી તેમજ અન્ય અધ્યાપકો ઉચ્ચ સંશોધનક્ષેત્રે કાર્યરત છે. પ્રતિવર્ષ કૉલેજનાં અધ્યાપકો દ્વારા પુસ્તકોના પ્રકાશન ઉપરાંત રિસર્ચ પેપર્સ વિવિધ નેશનલ તથા ઈન્ટરનેશનલ જર્નલ્સમાં પ્રગટ થતાં રહે છે. સંસ્થા દ્વારા અધ્યાપકોને રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસંવાદો અને અધિવેશનોમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરવામાં આવતાં પ્રતિવર્ષ નોંધપાત્ર સંખ્યામાં અધ્યાપકો પોતાનાં શોધપત્રો રજૂ કરે છે. કૉલેજનાં અધ્યાપકો દ્વારા વિવિધ કન્સલ્ટન્સી સર્વિસ, પ્રાઈવેટ ઈન્ડસ્ટ્રીઝ તથા કૉલેજની વેબસાઈટ અને વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવા વિવિધ In house Software પણ વિદ્યાર્થીઓની ટીમને સાથે રાખીને ડેવલપ કરવામાં આવે છે. છેલ્લાં બે વર્ષથી કૉલેજનાં અધ્યાપકો H.S.E.B., Gujarat તથા ભાસ્કરાચાર્ય ઇન્સ્ટિટ્યૂટ ઑફ સ્પેસ એન્ડ રિસર્ચના સંયુક્ત ઉપક્રમે ચાલતા 'સંધાર' કાર્યક્રમ અંતર્ગત કમ્પ્યૂટર વિષયને લગતાં કુલ ૭૧ online લેક્ચર્સની રજૂઆત કરેલી છે. આ લેક્ચર્સ ગુજરાતની ૬૫૦ થી વધુ કૉલેજોમાં પ્રદર્શિત થાય છે. ફેકલ્ટી અને વિદ્યાર્થીઓના વિકાસને ધ્યાનમાં રાખીને આ સંસ્થા દ્વારા Higher Secondary Teachers Training Program, Industrial Projects, Faculty Develop-

ment Program (CSI - KSV અંતર્ગત) વગેરે જેવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ઉલેખનીય છે કે પ્રિન્સિપાલ શ્રી શિવાની ત્રિવેદી અને કમ્પ્યૂટર વિદ્યાશાખાના ડીન ડૉ. એન. એન. જાનીની નિશ્રામાં સંચાલિત પ્રસ્તુત કૉલેજની ઊર્ધ્વગતિની વિકાસકૂચ ધ્યાનાર્હ બની રહી છે.

ખાસ નોંધપાત્ર બાબત એ કે વિદ્યાર્થીઓ શિસ્ત અને નિયમના આગ્રહી રહી શકે તે માટે વિમેન ડેવલપમેન્ટ સેલ (WDC) અને Anti-Ragging Cell સતત કાર્યશીલ રહે છે. આ કાર્યમાં વાલીઓનો પણ સતત સહયોગ મળતો રહે છે.

## ``રસ્તો કરો !"

લંડન શહેરમાં હાઈડ પાર્ક નામનું ખુલ્લું મેદાન છે. અંગ્રેજ પ્રજાએ સદીઓથી જેની આરાધના કરેલી છે તે વાણી-સ્વાતંત્ર્યનો પ્રાણવાયુ ત્યાં જાણે કે નજરે જોવા મળે છે. તરેહતરેહના વક્તાઓ પોતાના કાલાઘેલા હરકોઈ વિચારો ત્યાં જુસ્સાભેર વ્યક્ત કરતા હોય છે અને દરેકને શ્રોતાઓનું નાનુંમોટું ટોળું મળી રહે છે.

એક સવારે ત્યાં જેની આસપાસ નાનકડું ટોળું ભેગું થયેલું તે વક્તા રાષ્ટ્રની પ્રવર્તમાન અવદશા માટે રાજકર્તા વર્ગની જવાબદારીની જુસ્સાભેર ઘોષણા કરી રહ્યા હતા : ‘‘આપણી તમામ મુસીબતોના મૂળમાં એ લોકો જ રહેલા છે !’’ વક્તાએ ત્રાડ પાડી : ‘‘આપણે આમસભાને આગ લગાડવી જોઈએ ! રાણીના મહેલને સળગાવી મૂકવો જોઈએ !’’

એ ભાષણમાંથી મનોરંજન મેળવી રહેલું પ્રેક્ષકવૃંદ જરા જરા વિસ્તરતું સડક પર ફેલાયું ને પછી વાહનવહેવારને અડચણરૂપ બનવા લાગ્યું, ત્યારે એક પોલીસનું ત્યાં આગમન થયું. વિનય અને મક્કમતાના મિશ્રણવાળા સ્વરે એણે સાદ પાડ્યો કે, ‘‘ચાલો સજ્જનો, અહીંથી એક બાજુ ખસો અને વાહનવહેવાર માટે રસ્તો ખુલ્લો રાખો. આમસભાને આગ લગાડવાની તરફેણ કરનાર મહેરબાની કરીને અહીં જમણી બાજુ આવી જાવ, અને રાણીનો મહેલ બાળી મૂકવાની તરફેણમાં હોય તે ત્યાં ડાબી બાજુએ ! ચાલો, રસ્તો કરો, રસ્તો કરો.’’

હાસ્યના ખડખડાટ વચ્ચે એ ખુશમિજાજી ટોળું તરત વિખેરાઈ ગયું.

## પળપળની કિંમત

હિસાબમાં થોડા પાઈપૈસા વધ્યાઘટ્યા, એમાં શું થઈ ગયું ? આપણે ક્યાં ખાઈ ગયા છીએ ? તેમાં નકામી ચિંતા શી કરવી ? – આવો વિચાર જે કાર્યકર્તા કરે, તે ગમે તેવો ભલો માણસ હોય તો પણ ભયંકર છે; પ્રજાના પૈસાનો વહીવટ કરવા તે લાયક નથી.

તે જ પ્રમાણે, ઘણા લોકોનો સમય જેમના હાથમાં છે તે પણ જો સહુની એક એક પળની કીમત ન સમજે અને કોઈની પણ પળ બગડે નહીં એ રીતે કાર્યક્રમ વિચારવાની ચીવટ ન રાખે, તો બીજાઓ માટે બહુ અગવડરૂપ થઈ પડ્યા વિના રહેશે નહીં.

જુગતરામ દવે

(‘અડધી સદીની વાચનયાત્રા’માંથી સાભાર)

# ગાંધી : ગઈકાલના આજના અને આવતીકાલના

નારાયણ દેસાઈ

વર્ષો પહેલાં ઇંગ્લૅન્ડના કાર્ટૂન સામયિક પંચમાં એક કાર્ટૂન જોયેલું તેમાં એક લબ્ધપ્રતિષ્ઠિત લેખક તાર ઑફિસ આગળ મૂંઝાતો ઊભો છે. એ કહે છે : "આમ તો મને શબ્દદીઠ નાણાં ચૂકવાય છે. પણ અહીં મારી મુશ્કેલી એ છે કે અહીં શબ્દદીઠ મારે નાણાં ચૂકવવાનાં છે." સામાન્ય રીતે એક ગાંધીકથા કરવામાં મને ૧૫ કલાક મળતા હોય છે, જ્યારે અહીં ચારએક કલાકમાં આટોપવાનું છે, અને ત્યાં હું માત્ર ગઈકાલના ગાંધીની કથા કરું છું, અહીં વિષય એનાથી ત્રણ ગણો મોટો છે.

ગઈકાલના ગાંધી સાથે હું વર્ષો સુધી રહ્યો છું; આજના ગાંધીને મેં થોડાઘણા જાણ્યા છે; આવતીકાલના ગાંધીને હું મારા સમણામાં જોવા ઇચ્છું છું.

ગઈકાલના ગાંધી વિશે કથા નથી માંડવાનો. આપમાંથી ઘણાખરા એ કથા જાણો છો. એમને વિશે માત્ર કેટલાક મુદ્દાઓનો જ સ્પર્શ કરવા ઇચ્છીશ.

## અખિલપુરુષ

પહેલો મુદ્દો હું એ કહેવા ઇચ્છું છું કે આપણે ગાંધીનો વિચાર અખિલાઈમાં કરવો જોઈએ. કેટલાકને ગાંધી સંત લાગે, કેટલાકને મુત્સદ્દી, તો કેટલાકને વળી રાજકારણી લાગે. પણ ગાંધીને માત્ર સંત કે માત્ર રાજકારણી તરીકે જોવાથી એમને અન્યાય થવાનો સંભવ છે. ગાંધીના વ્યક્તિત્વના એમ ભાગલા પાડી ન શકાય.

ગાંધીકથાનું એક ગીત કહે છે :

**ગાંધીનું ચારિત્ર રૂડું ! એક ને અખંડ હતું**
**ગાંધીના ભાગલા પાડશો મા.**
**શાણા હો માનવી**
**સત્યનું કમળ સો પાંખડીએ શોભતું**
**પાંખડીઓ પીંખી પીંખી નાખશો મા.**
**શાણા હો માનવી**

ગાંધીના ચારિત્ર્યની આપણે આયુવૃક્ષ સાથે તુલના કરીએ તો ગાંધીનાં મૂળ અને બીજ એમની આધ્યાત્મિકતામાં, એમનું થડ અને ડાળીઓ તેમના સામાજિક, આર્થિક, શૈક્ષણિક વિચારોમાં અને ફળફૂલ એમના રાજનૈતિક કાર્યક્રમોમાં હતાં એમ કહી શકાય. સાધક ગાંધી, લડવૈયા ગાંધી અને ઘડવૈયા ગાંધી એકબીજામાં અવિચ્છિન્નપણે ગૂંથાયેલા હતા.

ઘણીવાર લોકો કહે છે કે ગાંધીજીએ જ આ દેશને સ્વરાજ અપાવ્યું. પણ તે આંશિક સત્ય છે, પૂર્ણ સત્ય નથી, સ્વરાજ આવવા પાછળ ગાંધીના નેતૃત્વ હેઠળ ચાલેલું આંદોલન ઘણે અંશે જવાબદાર હતું એ વાત સાચી, બ્રિટિશ પાર્લામેન્ટમાં પણ આ વાત સ્વીકારાઈ છે. પરંતુ સ્વરાજ આવવા પાછળ બીજાં પણ ઘણાં કારણો હતાં. હા, સ્વરાજ મેળવવાની ગાંધીજીએ દેખાડેલી રીત એ સાવ આગવી હતી એ ખરું.

## નિત્યવિકાસશીલ

ગાંધી વિશે વિચાર કરતી વખતે બીજો મુદ્દો એ ધ્યાનમાં રાખવો જોઈએ કે ગાંધીનું વ્યક્તિત્વ

નિત્યવિકાસશીલ હતું. તેમણે પોતે જ નોંધ્યું છે કે મારાં લખાણોમાં વાચકોને જો કોઈ વિસંગતિ લાગે, તો તેમણે આગલી વાતને બાજુએ રાખીને પાછલી વાતને માનવી. જે માણસ નિત્ય વિકાસ કરતો હોય તે જ આવી વાત વિશ્વાસપૂર્વક કહી શકે. રાતે અંધારામાં બહાર નીકળતાં ડરતો મોનિયો, આગળ જતાં દુનિયાના સૌથી મોટા સામ્રાજ્ય સામે એકલો ઝઝૂમે એવો નિર્ભય બન્યો. દક્ષિણ આફ્રિકામાં બ્રિટિશ સામ્રાજ્યને વફાદાર રહેનાર ગાંધી, જલિયાંવાલા બાગ પછી બળવાખોર ગાંધી બને છે. એમના જીવનમાં આવા અનેક પલટાઓ આપણને જોવા મળે છે, તે એમની નિત્ય વિકાસશીલતાને લીધે. અહીં એક વસ્તુ ધ્યાનમાં રાખવા જેવી છે. બધા પલટાઓની પાછળ એમની એક વાતની નિત્ય એકરાગિતા જોવા મળતી. તે હતી એમની સત્યની શોધ.

એમની સત્યની શોધ નિરંતર હતી. અને એમની સત્યની વ્યાખ્યા વિકસતી જતી હતી. 'સત્ય એટલે સાચું બોલવું'થી શરૂ કરી 'સત્ય એ જ પરમેશ્વર છે' સુધી તેઓ પહોંચ્યા હતા.

ગાંધીએ પોતાને પ્રેક્ટિકલ આઈડીઅલિસ્ટ કહ્યા હતા એ ભૂલવું ન જોઈએ. એમનું માથું આકાશમાં રહેતું, પણ પગ હંમેશાં ભોંય પર મક્કમ રહેતા. પોતે વ્યવહાર સમજનાર આદર્શવાદી હતા તેથી જ દક્ષિણ આફ્રિકાથી પાછા આવ્યા ત્યારે એમને હરદ્વાર અને દેવઘર જેવાં તીર્થસ્થળોનાં નિમંત્રણ હતાં છતાં તેમણે અમદાવાદને આશ્રમ સ્થાપવા સારુ પસંદ કર્યું હતું તે પણ આ જ કારણે. અમદાવાદના શ્રેષ્ઠીઓએ તેમનો આરંભમાં વરસ બેવરસ આશ્રમનો ખરચ ઉપાડી લેવાની જવાબદારી લીધી હતી તે સ્વીકારવામાં ગાંધીનો વાસ્તવવાદ હતો અને મારે જનતાની સેવા કરવી હોય તો તેની ભાષામાં જ કામ કરવું જોઈએ અને મારે સારુ માતૃભાષા ગુજરાતી સહજ છે એટલે ગુજરાતને પોતાનું સેવાક્ષેત્ર બનાવીશ, એ એમનો આદર્શવાદ હતો.

તેઓ જેમ સિદ્ધાંતની બાબતમાં દૃઢ આગ્રહી હતા, તેમ બીજી બાજુ ઘણી વિગતો કે પેટામુદ્દાઓ બાબત બાંધછોડ કરવા પણ તૈયાર રહેતા એ ભૂલવું ન જોઈએ. તેમણે પંડિત મોતીલાલજી અને ચિત્તરંજન દાસ જોડે, લૉર્ડ અરવિન જોડે, જનરલ સ્મટ્સ જોડે કે આંબેડકર જોડે પણ ઘણી બાબતોમાં બાંધછોડ કરવા તૈયાર નહોતા, તે સાધન-શુદ્ધિની બાબતમાં.

હું માનવતાને ગાંધીની ત્રણ મોટી દેણ ગણું છું. સત્યાગ્રહ, રચનાત્મક કાર્ય અને એકાદશ વ્રત. સત્યાગ્રહ મારફત ગાંધીજીએ આપણને પરિવર્તનનો એક મૌલિક અભિક્રમ (ઇનિશિએટીવ) બતાવ્યો. ત્યાર સુધી માનવજાત બે જ પ્રેરક બળને લીધે પરિવર્તન થાય છે એવી સમજ સાથે વર્તતી હતી : કાં લોભને લીધે કાં ભયને લીધે. ગાંધીજીએ સત્યાગ્રહ મારફત પ્રેમ, સમજ અને સહકારનું એક ત્રીજું પ્રેરકબળ દેખાડ્યું.

ક્રાંતિકારી જે વ્યવસ્થાને બદલવાની હોય છે તે બાબત તો બહુ સ્પષ્ટ હોય છે પણ એને બદલે જે બીજી વ્યવસ્થા લાવવાની હોય છે, તે બાબત ક્રાંતિકારીઓના મનમાં ચિત્ર ધૂંધળું હોય છે. રચનાત્મક કાર્યક્રમ મારફત ગાંધીએ આપણને ક્રાંતિનું વિધાયક પાસું ખોલી આપ્યું. આપણે તંત્ર તો બદલવું છે, પણ એની જગાએ નવો અહિંસક સમાજ લાવવો છે એ એમણે તંત્ર બદલવાના આંદોલન સાથે સાથે જ શીખવ્યું.

ગાંધીજીએ આમ તો આશ્રમવાસીઓના આચરણ સારુ બતાવેલ અગિયાર વ્રતો આખા સમાજને ટકાવવા અને સ્વસ્થ રાખવામાં મદદરૂપ થાય એમ છે. ગાંધી દ્વારા સૂચિત એકાદશ વ્રતનું રહસ્ય એ બાબતમાં છે કે અત્યાર સુધી સત્ય,

અહિંસાદિને આપણે વ્યક્તિગત ગુણ માન્યા હતા. તેને તેમણે' સામાજિક મૂલ્યો તરીકે સ્થાપ્યાં.

ગાંધીએ આપણને એ વાતની પણ યાદ આપી છે કે દેશમાં સૌથી અંતિમ શક્તિ તો લોકોની જ છે.

ગઈકાલના ગાંધીનો વિચાર કરતાં છેલ્લે એક વાત પર મારે ભારપૂર્વક ધ્યાન દોરવું છે. ગાંધીવિચારોને આપણે સગવડ ખાતર બે વિભાગોમાં વહેંચી શકીએ. તત્ત્વ અને તંત્ર. એમના જે વિચારો તત્કાલીન દેશ અને કાળની પરિસ્થિતિમાંથી નિપજ્યા છે તેને હું 'તંત્ર' કહું છું. પણ એમના ઘણા એવા વિચારો છે, જેને દેશકાળની સીમા બાંધી નથી શકતી. આવા વિચારોને આપણે 'તત્ત્વ'માં ગણી શકીએ. સત્ય, અહિંસા, સાધનશુદ્ધિ જેવા વિચારો ગાંધીજીનાં તત્ત્વ છે – જે કોઈ પણ દેશમાં અને કોઈ પણ કાળમાં લાગુ પડે' એમ છે. ખાદી, અસ્પૃશ્યતા નિવારણ એ બંને વિચારો આપણા દેશકાળની પરિસ્થિતિમાંથી ઉત્પન્ન થયા છે. ખાદી કદાચ સાઇબિરીયામાં ન ચાલે અને જે દેશમાં આભડછેટ હોય જ નહીં ત્યાં અસ્પૃશ્યતા નિવારણનો પ્રશ્ન જ નથી ઊઠતો. તત્ત્વ દેશકાળ અબાધિત રહે છે, તંત્ર દેશકાળ મુજબ બદલાઈ શકે, બદલાવું જોઈએ. પણ તંત્રની બદલાવાની દિશા હંમેશાં તત્ત્વ તરફની જ હોવી જોઈએ.

એકવાર અમેરિકન વિચારક હોમર જેકે વિનોબાને પ્રશ્ન પૂછ્યો કે ગાંધીજીના જવાના સમાચાર સાંભળ્યા ત્યારે તમને સૌથી પહેલો વિચાર શો આવ્યો ? વિનોબાએ કહ્યું કે મને સૌથી પહેલો વિચાર એ આવ્યો કે તેઓ ગયા જ નથી. ગાંધીજી પોતે પણ આપણને કહી ગયા છે કે મર્યા પછી પણ હું ચૂપ નથી રહેવાનો. કબરમાંથી પણ આળસ મરડીને ઊભો થઈશ. શરીરની સીમામાં રહેલા ગાંધીએ મૃત્યુ દ્વારા અસીમમાં પ્રવેશ કર્યો. સ્થૂળમાંથી એ સૂક્ષ્મમાં પ્રવેશ્યા. અને દેશમાંથી દુનિયા સુધી ફેલાઈ ગયા.

## આજના ગાંધી

આજે જેમણે ગાંધીતત્ત્વને પોતાની રીતે જીવતું રાખ્યું છે, તેવા લોકોમાં મને આજના ગાંધી દેખાય છે. સસીમમાંથી અસીમ તરફ જવાનો પ્રયાસ એટલે ગાંધી. શરીરમાંથી આત્મા તરફ જવાનો પ્રયાસ એટલે ગાંધી.

આપણા દેશમાં જેમણે ગાંધીના ગયા પછી ગાંધીતત્ત્વને જીવતું રાખ્યું તેમાં પ્રથમ આવે વિનોબા ભાવે. એમણે આર્થિક ક્ષેત્રમાં અહિંસાનો પ્રવેશ કરાવ્યો. દેશનો પાયાનો પ્રશ્ન છે ભૂમિનો પ્રશ્ન. એને અહિંસાને માર્ગે ઉકેલવા તેમણે પ્રયાસ કર્યો. ગાંધીએ જુલમનો વિરોધ કર્યો હતો, પણ જુલમીનો નહીં. વિનોબાએ એ જ રીતે અમીરી અને ગરીબીનો વિરોધ કર્યો, પણ અમીર અને ગરીબને બચાવવા સારુ. વળી તેમણે રાજનીતિને બદલે લોકનીતિની રાહ દેખાડી. તેમણે શાસ્ત્રીય ભાષામાં કહ્યું કે, આપણે હિંસાશક્તિની વિરોધી, દંડશક્તિથી નિરપેક્ષ એવી તૃતીય શક્તિ પેદા કરવી છે. તેમણે એ પણ સમજાવ્યું કે આ દુનિયા તો જ ટકી શકશે જો વિજ્ઞાન અને અધ્યાત્મનો સમન્વય થશે. તેમણે સમજાવ્યું કે જીવનની ગાડીમાં વિજ્ઞાન અને ટેકનૉલૉજી પેટ્રોલનું કામ કરે છે, પણ અધ્યાત્મ સ્ટીઅરીંગ વ્હીલનું કામ કરે છે. જો આનાથી ઊંધું થશે તો આપણી ગાડી ખાડામાં ખાબકશે. વળી વિનોબાએ જુદા જુદા ધર્મોનો આદરપૂર્વક ઊંડો અભ્યાસ કરી દરેકનો સાર કાઢી બતાવ્યો. આમ તેઓ આપણને ગાંધીના સર્વધર્મસમભાવની તરફ એક ડગલું આગળ લઈ ગયા.

બીજા જયપ્રકાશજી. ગાંધીદષ્ટિએ મને એમનામાં જે ગુણ વધુમાં વધુ આકર્ષક લાગ્યો તે હતો ઋજુતાનો. સ્ફટિક શી પારદર્શિતા એમનામાં હતી. પોતાના કામમાં ક્યાંય કમી લાગી હોય તો તેને જગજાહેર કરવામાં એમને લવલેશ પણ સંકોચ નહોતો થતો.

એકવાર પવનારના આશ્રમમાં હું ત્યાંના આશ્રમવાસીઓ સાથે બેઠો હતો. ત્યારે મેં કહ્યું કે આપણા સર્વોદયવાળાના બે નેતાઓ છે. એક સંત અને બીજો રાજનીતિજ્ઞ. અને એમાં જયપ્રકાશજી સંત છે. આ સાંભળીને બહેન કુસુમ દેશપાંડે કૌતુકમિશ્રિત ઉત્તેજના સાથે ઊભી થઈ ગઈ અને વિનોબાની ઓરડી તરફ ધસી ગઈ. હું પણ એની પાછળ પાછળ ગયો. એણે જઈને કહ્યું, ''બાબા ! જુઓ આ નારાયણ શું કહે છે ?''

વિનોબાને એક ટેવ એવી હતી કે જ્યારે ખૂબ ખુશ થઈ જાય ત્યારે ઊભા થઈને તાળીઓ પાડે. તેઓ કુસુમની વાત સાંભળી ઊભા થઈ ગયા અને તેમણે તાળી પાડતાં પાડતાં કહ્યું, 'બરાબર, બિલકુલ બરાબર ! જયપ્રકાશજી સંત છે અને હું રાજનીતિજ્ઞ છું.'

એક દાખલો આપું. કટોકટી પછી જનતાપાર્ટીનું રાજ આવ્યું ત્યારે જેલમાં જયપ્રકાશજી સાથે બરાબર વર્તણૂક થઈ હતી કે નહીં તેની તપાસ કરવા સારુ ડૉ. આલ્વાનું એક વ્યક્તિનું બનેલું કમિશન નીમવામાં આવ્યું હતું. ડૉ. આલ્વા એમ ઇચ્છતા હતા કે બીજે બધે તપાસ કરી છે તો આ બાબત જયપ્રકાશજીનો શો અભિપ્રાય છે તે પણ જાણી લઈએ. જયપ્રકાશજીને જેલમાં લઈ ગયા ત્યારે તેઓ જે દવાઓ નિયમિત રીતે ખાતા હતા તે તેમની પાસેથી લઈ લેવામાં આવી હતી અને તદ્દન જુદી જ દવાઓ આપવામાં આવી હતી. એમને જિંદગીમાં કદી કિડનીની બીમારી નહોતી પણ નવી દવાઓ કિડની અંગેની જ હતી.

ડૉ. આલ્વાએ જયપ્રકાશજીને કહ્યું કે ''આપ છાતી પર હાથ રાખીને કહો કે તમારી સાથે જે વ્યવહાર થયો હતો, તે બાબત તમને શંકા છે કે નહીં.''

જયપ્રકાશજીએ કહ્યું, ''ડૉ. તમે છાતી પર હાથ મૂકીને કહેવાનું કહો છો એટલે હું એમ તો નથી કહી શકતો કે મને જરાય શંકા નથી.'' ડૉ. આલ્વાએ પૂછ્યું હું મારા અહેવાલમાં આ બાબતની નોંધ લઉં ?'

''ના, ના. આ વાત ઑફ ધ રેકૉર્ડ છે.''

''જે. પી. ! હું સત્ય શોધવા નીકળ્યો છું. અને મારે સત્યની તો નોંધ કરવી જ પડે કે તમને પણ મનમાં શંકા છે.'' ડૉ. આલ્વા.

તે વખતે જયપ્રકાશજી એકાંતરે દિવસે ડાયાલિસિસ કરાવતા હતા. આલ્વાએ જ્યારે બહુ આગ્રહ કર્યો ત્યારે જયપ્રકાશજીએ કહ્યું, ''જુઓ, મારો એક પગ આ દુનિયામાં છે અને બીજો પગ પેલી દુનિયામાં છે. ઈંદુને તો હજી લાંબી જિંદગી કાઢવાની છે. હું એને કલંકિત કરવા નથી માગતો.'' આ હતું જયપ્રકાશજીનું સંતપણું પોતાને જેલમાં ધકેલીને એમની સાથે શંકાસ્પદ વ્યવહાર કરનારને પણ એ કલંકિત કરવા તૈયાર નહોતા.

ક્રાંતિકારીનું એક લક્ષણ એ છે કે એની હૃદ્તંત્રીમાં વિશ્વના કોઈ પણ ખૂણાની વેદના હોય તોયે તે ઝંકૃત થઈ ઊઠે છે. પેરુ હો કે ચિલી હો, ચેકોસ્લોવેકિયા હો કે હંગેરી હો, ક્યાંય પણ પ્રજા પર અન્યાય થતો સાંભળે તો જયપ્રકાશજી હાલી ઊઠતા. હંગેરીમાં સોવિયેટ યુનિયન દ્વારા જે દમન થયું તેનો સૌથી પહેલો વિરોધ જયપ્રકાશજીએ કર્યો હતો. બાંગ્લાદેશ વખતે તો ત્યાંના વાસીઓની વાત લઈને એમણે આખી દુનિયાનો પ્રવાસ કર્યો હતો. બહુ ઓછા લોકો કદાચ એ વાત જાણતા હશે કે સંયુક્ત રાષ્ટ્રોની જે પીસ કીપિંગ આર્મી છે તે નિઃશસ્ત્ર હોવી જોઈએ એવું સૂચન સૌથી પહેલાં જયપ્રકાશજીએ સ્પેનના એક નેતા જોડે મળીને કરેલું. શાંતિદળ જો નિઃશસ્ત્ર હોય તો જ એ અસરકારક નીવડે એ વાત દુનિયા આગળ કહેનાર જયપ્રકાશજી સૌથી પહેલા હતા.

હવે હું દેશ બહારના કેટલાક આગેવાનોનો ઉલ્લેખ કરીશ. જેમનામાં મને ગાંધીનો કોઈ એક

કે બે ગુણ વિશેષ રૂપે દેખાયા હોય. તેમાંથી કેટલાકનો ઉલ્લેખ હું આજના ગાંધીના મથાળા હેઠળ કરીશ.

સ્વાભાવિક રીતે જ એમાં સૌથી પહેલું નામ માર્ટીન લૂથર કિંગ જૂનિયરનું યાદ આવે. આપણે એમને વિશે ઠીકઠીક જાણીએ છીએ. એટલે ખૂબ વિસ્તાર નહીં કરું. એમણે પોતે જ એ સ્વીકાર્યું છે કે તેમણે પ્રેમનું દર્શન જીસસ ક્રાઇસ્ટ પાસેથી લીધું હતું, પણ તેને આચરણમાં મૂકવાની ટેક્નિક એમને ગાંધી પાસેથી મળી હતી. વિશ્વના મોટા ભાગના શાંતિવાદીઓએ ગાંધીના સત્યાગ્રહને એક ટેક્નિક તરીકે જોયો છે, દર્શન તરીકે, જીવન જીવવાની શૈલી તરીકે જોયો નથી. મારી માન્યતા મુજબ એ એમની બહુ મોટી મર્યાદા છે. સત્યાગ્રહની તકનીક પણ એના દર્શનમાંથી જ નીકળી છે. પરંતુ માર્ટિન લૂથર કિંગે સત્યાગ્રહને માત્ર ટેક્નિક ગણ્યો એમ ન કહી શકાય, કારણ એમણે પ્રેમનું દર્શન ક્રાઇસ્ટ પાસે લીધું હતું.

ગાંધીતત્ત્વનો વિચાર કરતાં જ બીજું નામ સાંભરે છે નેલ્સન મેન્ડેલાનું. નિર્વૈરતાને હું તેમનો સૌથી મોટો ગુણ માનું છું. ૨૭-૨૮ વર્ષ જેલમાં રહ્યા પછી અને લગભગ આખા સમાજથી વિખૂટા રહ્યા પછી છૂટ્યા ત્યારે જે શાસને એમને જેલમાં રાખ્યા તેને વિશે એમણે સહેજે વેરભાવ દાખવ્યો નહીં. એમની નિર્વૈરતા આજના ગાંધી તરીકે આપણી વચ્ચે હયાત છે.

કેટલાક દેશોએ ગાંધી પાસે પ્રેરણા લીધી છે. એમાં ચેકોસ્લોવાકિયા અને પોલંડ જાણીતા દાખલા છે. રશિયા અને એની જોડે વૉરસોપેક્ટના સૈન્યોની સામે નિઃશસ્ત્ર પ્રતિકારનું સાધન ત્યાંની પ્રજાએ અપનાવ્યું. આના મૂળમાં મને ગાંધી વિચાર લાગે છે.

મ્યાનમાર (બ્રહ્મદેશ)ની ઑંગ સાન સૂ કીમાં મને વિવેકનો ગુણ મુખ્ય દેખાયો છે. આટલી નાની ઉંમરે તેણે પ્રગલ્ભ વિવેક દેખાડ્યો છે. એવી રીતે પેલેસ્ટીનના મુબારક અવાડ આજે તો જોકે અમેરિકામાં છે, તેઓ ઇઝરાઇલ સાથેનો પેલેસ્ટીનનો સંઘર્ષ અહિંસક જ હોય તેના આગ્રહી છે અને એ સંઘર્ષમાં જોકે સફળતા નથી મળી પણ અહિંસા વિશેની તેમની નિષ્ઠા પાકી છે. આજે તેઓ અહિંસા અંગે એક આંતરરાષ્ટ્રિય કેન્દ્ર ચલાવે છે.

આપણા પડોશી દેશ તિબેટનો મુક્તિ માટેનો અહિંસક સંગ્રામ પણ ગાંધીનું સ્મરણ કરાવે તેવો છે. દલાઈ લામા તો વારંવાર કહે છે કે તેમને બધી પ્રેરણા બુદ્ધ અને ગાંધી પાસેથી મળી છે.

આજના સંદર્ભમાં ગાંધીના રચનાત્મક કાર્યોને યાદ કરતાં સૌથી મોખરે નામ મૂળ ઈટલીના પણ પછી ફ્રાન્સમાં જઈ આશ્રમ સ્થાપનાર લાંઝા ડેલ વાસ્તો ઉર્ફે શાંતિદાસનું યાદ આવે છે. એમનાં નવ જેટલાં આશ્રમો તો ફ્રાન્સમાં જ છે અને બીજા અન્ય દેશોમાં પણ છે. એમના મુખ્ય આશ્રમ લબોરી નોબ્વમાં સૌ આશ્રમવાસીઓ પોતાનાં ગરમ વસ્ત્રો અને ખોરાક જાતે પેદા કરી લે છે. બધા શાકાહારી છે. એમની મુખ્ય પ્રવૃત્તિ રચનાત્મક છે, પણ લારઝાકના અહિંસક પ્રતિકારના આંદોલનમાં પણ તેમનો મોટો ફાળો હતો.

મૂળ લેટિન અમેરિકન સીઝર શાવેઝનું મુખ્ય કાર્યક્ષેત્ર યુ.એસ.એ. હતું. દ્રાક્ષની વાડીઓમાં કામ કરતા શ્રમિકોનું તેમણે સંગઠન ઊભું કર્યું. ૧૪ વર્ષ સુધી સંઘર્ષમય જીવન જીવીને તેમણે શ્રમિકોને સારુ અહોનિશ મથામણ કરી. ૯ દેશોમાં ખાવાની દ્રાક્ષના બહિષ્કારના વ્યાપક આંદોલનને સફળ બનાવ્યું. કદાચ યુ.એસ.એ.માં માર્ટિન લૂથર પછી અહિંસા અંગે સૌથી વધુ જાણીતું નામ હોય તો તેમનું જ હશે.

બ્રાઝિલના મહાનગર સાઓપાઓલોની એક ઝૂંપડપટ્ટીમાં રહેતા ફાધર કુન્ત્સ એમ તો જર્મન

મૂળના. પણ બ્રાઝીલિયન જ થઈ ગયેલા. બ્રાઝિલના ઉત્તર પશ્ચિમના એક વિસ્તારમાં એકવાર ભયાનક દુકાળ પડ્યો. ગામડાંના લોકો ભૂખના માર્યા શહેરો તરફ આવવા લાગ્યા ત્યારે શહેરના કેટલાક વતનીઓએ છાપામાં લખ્યું કે રેશનની દુકાનવાળાઓને બંદૂકનાં લાઇસેન્સ આપવાં જોઈએ. કારણ ગામડાંનાં લોકો આવીને લૂટ ચલાવી શકે છે. આ વાંચીને ફાધર કુન્ત્સનું હૈયું દ્રવી ઊઠ્યું. એ તો તરત તે શહેરમાં પહોંચ્યા અને ત્યાંના મુખ્ય કેથીડ્રલમાં બેસીને ઉપવાસ કરવાની તેમણે ત્યાંના વ્યવસ્થાપકો પાસે રજા માગી. તેમણે કેથીડ્રલમાં જ રહીને ૨૧ દિવસના અનશન ઘોષિત કર્યા. શરૂઆતમાં તો કેટલાક લોકોએ ઠેકડી ઉડાડી કે ફાધરના ઉપવાસ કરવાથી ભૂખ્યાની ભૂખ શી રીતે મટશે ? પણ ધીરે ધીરે લોકો એમની પથારી પાસે આવીને પૂછવા લાગ્યા, 'અમે શું કરી શકીએ ? અમેય ઉપવાસ કરીએ ?' ફાધર કુન્ત્સે કહ્યું કે ''સહાનુભૂતિના ઉપવાસ કોઈ ૨૪ કલાકથી વધારે ન કરે. પણ તમારે કંઈક કરવું જ હોય તો પોતપોતાના ઘર આગળ પાટિયું ટિંગાડી એમાં જાહેરાત કરો કે અમારાં દ્વાર સૌને સારુ ખુલ્લાં છે. જેને આવવું હોય તે ભલે પધાર્યા. અમારી કને જે કાંઈ હશે તે વહેંચી ખાશું. એક રોટલો હશે તો અર્ધો અર્ધો વહેંચી લઈશું. કાંઈ નહીં રહે ત્યારે સાથે બેસીને પ્રાર્થના કરશું.'' ઉત્તર પશ્ચિમના એ શહેરમાં ફાધર કુન્ત્સના ૨૧ દિવસના ઉપવાસ પછી જ્યારે પારણાં થયાં ત્યારે ત્યાંના ૧૦ હજાર ઘરોમાં આવા પાટિયાં લાગી ગયાં હતાં અને બંદૂકના લાઇસેન્સની વાત તો સાવ ભુલાઈ જ ગઈ હતી.

અહીં મને આપણા મણિપુરની બહેન ઈરોમ શર્મિલાની યાદ આવે છે જે આજે વરસોથી એક લશ્કરી કાયદો દૂર કરાવવા ઉપવાસ કરી રહી છે અને જેને બળજબરીથી નાકમાં નળીઓ ખોસી ખોરાક ચડાવીને ટકાવી રાખવામાં આવે છે. ઈરોમ શર્મિલાનું તપ આપણા દેશની હૃદયશૂન્યતાને પડકાર સમાન છે.

દક્ષિણ અમેરિકાના પેરેગ્વેમાં રેલવે લાઇનથી ૩૦૦ માઈલ દૂર એક આદિવાસી ગામ હતું. એ ગામમાં મારે જવાનું થયું ત્યારે ભાષાની મુશ્કેલીને લીધે મેં તો મોટે ભાગે ચૂપ રહીને રેંટિયો કાંતવાનો રાખ્યો હતો. રેંટિયો જોઈને છોકરાંઓ સહજ જ આસપાસ વીંટળાઈ વળ્યા. પછી એમની માતાઓ આવી, પછી થોડા જુવાનિયાઓ આવ્યા. મારું મૌન કાંતણ ચાલુ હતું. આ લોકો માંહોમાંહે કાંઈક ચર્ચા કરવા લાગ્યા એટલે મને સમજાયું કે એમને રસ પડવા લાગ્યો છે. ત્યાં અચાનક ચાર-પાંચ છોકરાઓએ દોટ મૂકી. પહેલાં તો મને કાંઈ સમજ ન પડી. પણ થોડીવારમાં આ છોકરાઓ દોડતા પાછા આવ્યા ત્યારે એમના હાથમાં કપાસનાં પૂમડાં જોયાં. મને મજા પડી ગઈ. ત્યાંને ત્યાં કામચલાઉ સાધનો વડે એ કપાસને લોઢી, પીંજીને પૂણી બનાવી. એટલે એક હર્ષનાદ થયો. દુભાષિયાની મદદથી મેં આમની વાત સમજવાનો પ્રયત્ન કર્યો. વચ્ચે કંઈક વિખવાદ થયો અને ઘાંટા જરા ઊંચા થયા. આખી વાત જાણી ત્યારે સમજાયું કે આદિવાસી જુવાનિયાઓમાં વિવાદ પેદા થયો હતો. એક બે જણે કહ્યું કે આવું મશીન આપણી પાસે હોય તો કાપડ સારુ આપણે બજારમાં જવું ન પડે. મને થયું કે વાત તો બરાબર હતી એમાં વિવાદ શો ? વિવાદ એ હતો કે બીજા એક બે જણે કહ્યું કે એ તો જાણે છે જ, પણ મહેમાન કાંઈ માત્ર કપડા સારુ આ યંત્ર નથી ચલાવતા. જો કેવા ટટ્ટાર ને શાંત બેઠા છે ! એ કવળ સૂતર બનાવતા નથી, પણ પ્રાર્થના પણ કરતા લાગે છે. મને સાબરમતી અને સેવાગ્રામ આશ્રમના 'સૂત્રયજ્ઞ' યાદ આવી ગયા જ્યાં અમે રોજ ગાંધીજીની નિશ્રામાં બેસીને કાંતતા.

ઉત્તર ધ્રુવથી આશરે ત્રણસો માઈલ દક્ષિણે ઈન્નુ નામની એક આદિવાસી જાતિનો એક ભાઈ મને પોતાને ગામ લઈ જઈ રહ્યો હતો. એને પોતાને ત્યાં મને લઈ જવામાં રસ એટલા સારુ પડ્યો હતો કે એ લોકોએ થોડા વખત પહેલાં જ એક સફળ સત્યાગ્રહ કર્યો હતો. 'નેટો' રાજ્યોના વિમાની લશ્કરો તે કાળે એમના બરફીલા પ્રદેશ પર વિમાનોની કસરતો કરીને ઝડપથી બૉમ્બ ફેંકીને પાછા કેમ નાસી જવાય તેની રોજેરોજ કવાયત કરતા હતા. વિમાનોની આ કસરતોને લીધે વાતાવરણ એટલું પ્રદૂષિત થયું કે બરફ હેઠળની માછલીઓ મોટી સંખ્યામાં મરવા લાગી. આમનો આદિવાસીઓએ હાથની સાંકળ બનાવીને એરપોર્ટને ઘેરીને વિમાનોને ઊડતાં બંધ કરાવ્યાં હતાં. અને છેવટે પોતાના કસરત મેદાન તરીકે આ વિસ્તારને ન વાપરવાનો નેટો રાજ્યોને ઠરાવ કરવો પડ્યો હતો.

## આવતીકાલના ગાંધી

આવતીકાલના ગાંધી એટલે મારે મન જેનું સપનું જોવું ગમે એવા ગાંધી. ૧૯૪૮માં યુનાઈટેડ નેશન્સના ઠરાવથી ગાંધીના શોકમાં દુનિયાના દેશોના ધ્વજો અર્ધી કાઠીએ કરવામાં આવ્યા હતા. હવે, દુનિયાના દેશોએ ગાંધીજયંતિને 'અહિંસા દિન' તરીકે ઊજવવાનું ઠરાવ્યું છે.

મારું માનવું છે કે આવતીકાલનો ગાંધી કોઈ એક વ્યક્તિ તરીકે નહીં પણ સહસ્રાવધિ રૂપે પ્રગટ થશે. એ લોકો સત્યને પોતાના સંદર્ભમાં શોધશે. ગાંધીનો વિચાર સસીમમાંથી નિઃસીમમાં પહોંચવા માંડ્યો છે. વૈશ્વિક પ્રશ્નોનો ઉકેલ ત્યારે ગાંધી પાસે પ્રેરણા લઈને પણ પોતપોતાની સૂઝબૂઝ મુજબ શોધાશે. સૌથી પહેલાં ઉકેલ શોધવો પડશે વૈષમ્યનો. વૈષમ્યનો ઉકેલ આજે તો ગાંધીના વિચાર સિવાય બીજો કોઈ ઉપાય દેખાતો નથી. દુનિયામાં આજે દેશ-દેશ વચ્ચેનું વૈષમ્ય છે અને દેશની અંદર પણ વૈષમ્ય છે. જો એ બધી વિષમતાઓનો ઉકેલ નહીં શોધાય તો માનવતાને માટે એ મહાન પડકારરૂપ બની જશે. ગાંધીએ રસ્તા બતાવ્યા છે, ટ્રસ્ટીશિપના, ઓશિયેનિક સર્કલ્સના, વ્યક્તિ સમાજને સમર્પિત અને સમાજ પ્રત્યેક વ્યક્તિની કાળજી રાખનાર થાય તેવા સદ્‌ભાવના રસ્તા, સત્ય પ્રેમ કરુણાના રસ્તા, ગ્રામસ્વરાજના રસ્તા. દેશકાળ મુજબ એને અમલમાં મૂકવા શોધનારામાં આપણને આવતીકાલનો ગાંધી જડશે.

બીજો એવો જ પ્રશ્ન આવશે માનવ અને પર્યાવરણના સંબંધનો. આજે એ પ્રકૃતિને લોકો દિગ્વિજયીભાવે જુએ છે તેને બદલે તેની ઉપાસના દ્વારા તેની જોડે સંવાદિતા સાધવા પ્રયત્ન કરાશે. માઉન્ટ એવરેસ્ટ પર સૌથી પહેલા ચડેલા બે માનવીઓને યાદ કરો. તેમાંના એક, હિલરીએ પર્વત પર ચડીને એની ઉપર ધ્વજ ફરકાવ્યો હતો અને બીજા, તેન્ઝિંગે ત્યાંની માટી લઈને પોતાને માથે ચડાવી હતી. પ્રકૃતિ વિષેની દૃષ્ટિમાં આપણે દિગ્વિજયની ઉપાસના સુધી પહોંચવાનું છે એમ આવતીકાલનો ગાંધી આપણને ગળે ઉતારશે.

જ્યાં માનવ માનવના સંબંધોનો પ્રશ્ન છે તેમાં આપણે રાજ્ય, સંસ્થા અને રાષ્ટ્રની ભાવનાના મૂળમાં જઈ એમાં રહેલાં વિભાજક તત્ત્વો ઘટાડીને સમાવેશક તત્ત્વોને ખીલવવાં પડશે. રાજ્યવ્યવસ્થાની બાબત માનવજાત આજે લોકશાહીના વિચાર સુધી પહોંચી છે. પણ એને અસરકારક અને વધુ ન્યાય્ય બનાવવી હશે તો એના પણ અનેક પ્રયોગ અખતરાઓ કરવા પડશે.

શાંતિ અંગેની વિચારણા શસ્ત્રનિરાકરણ (ડિસાર્મામેન્ટ)થી આગળ વધીને સંપૂર્ણ યુદ્ધ નિરાકરણ એટલે કે યુદ્ધનાં કારણોનાં નિરાકરણ સુધી જવું પડશે.

સમાજના માળખાં બાબત એક બાજુ મુખોમુખી (ફેસ ટુ ફેસ) સમાજ અને બીજી બાજુ જય જગતના ભાવ વચ્ચે સંવાદિતા પેદા કરવી પડશે.

મને લાગે છે કે આવતીકાલનો ગાંધી એક નહીં હજારો લોકોનો સમન્વિત થયેલો ગાંધીભાવ હશે અને પૂરી શક્યતા છે કે એ કાંતિના અગ્રદૂત કોઈ દલિત, કોઈ લઘુમતિના પ્રતિનિધિ, કોઈ શ્યામવર્ણની સ્ત્રી હશે.

ગઈકાલના ગાંધીએ આપણને એ દેખાડી આપ્યું કે સત્ય પર દઢ નિષ્ઠા સાથે ચાલી માણસ જો અનવરત પુરુષાર્થ કરે તો ક્યાં સુધી પહોંચી શકે.

આજના ગાંધીઓએ સત્ય અહિંસાને આચરણમાં મૂકવા સારુ અનેક નવાં નવાં ક્ષેત્રો ખોલી આપ્યાં છે.

આવતીકાલના ગાંધી આપણને માત્ર એટલું જ શીખવે છે કે સમગ્ર માણસજાતે જો આત્મહત્યાને ટાળવી હોય તો એણે કઈ દિશામાં પગલાં માંડવાં જોઈશે.

**(ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદમાં ૨૬-૫-૨૦૧૦ના રોજ આપેલ વ્યાખ્યાનને આધારે. – સપ્રેસમાંથી)**

**('શાશ્વત ગાંધી', ઑક્ટોબર-૨૦૧૧, પૃ. ૨૫-૩૧માંથી સાભાર)**

ગાંધીએ ભૂલ કબૂલ કરવામાં કદી ઢીલ નથી કરી. તેથી જ ભૂલસુધારવાનું પહેલું પગલું ભરાઈ જતું. સત્યને માર્ગે ચાલનાર આજે જો મન મોકળું રાખી પોતાનું સતત મૂલ્યાંકન કરી, ભૂલ થઈ હોય ત્યાં તે કબૂલ કરી, તે ફરી ન કરવા સંકલ્પ કરે તો એને અવશ્ય નવા નવા રસ્તાઓ સૂઝી આવશે એવી ખાતરી આપણને ગાંધીનું જીવન કરાવે છે.

ગાંધીનો પ્રયાસ વિકાસ અને વિરોધ, રચના અને સંઘર્ષ સકારાત્મક અને હકારાત્મક કામ સાથે સાથે કરવાનો હતો.

**– નારાયણ દેસાઈ**

## આપણો રાષ્ટ્રીય રિવાજ

મારા નાનપણની વાત છે. તે વખતે લાંચખોરી અપ્રતિષ્ઠિત મનાતી નહીં. ત્યારથી મને લાગ્યું છે કે લાંચખોરી આપણો રાષ્ટ્રીય રિવાજ થયો છે; એ બહારથી આવેલી બદી નથી. બહારના લોકોએ આપણને અનેક જાતના દોષોની દીક્ષા આપી, પણ લાંચરુશવત આપણે કોઈની પાસેથી શીખવી પડી નહીં. પહેલાં સરકારનું ક્ષેત્ર પરિમિત હતું, તેથી લાંચખોરી પરિમિત હતી. હવે સરકારી ક્ષેત્ર સર્વવ્યાપી અને સર્વસમર્થ થવા લાગ્યું છે, તેથી લાંચખોરીનું ક્ષેત્ર પણ વધ્યું છે.

સમાજની નૈતિક ભૂમિકા ઊંચે લઈ જવાની જવાબદારી સમાજના તટસ્થ પ્રભાવશાળી નેતાઓની છે. જેમનામાં જ્ઞાન, કૌશલ્ય અને સમાજસેવા – આ ગુણો છે, તેઓ જે પ્રમાણેનું આચરણ કરશે તે જ પ્રમાણે બીજા લોકો ચાલશે. એમનું જ સ્તર જો નીચે ઊતરે, તો સમાજનું સ્તર પણ પડ્યા વિના રહે નહીં.

લાંચખોરી માટે શિક્ષા હોવી જોઈએ. પણ કેવળ શિક્ષા પર મારી શ્રદ્ધા નથી. અને છાપામાં કરેલી નિંદા પર પણ નથી. શિક્ષાથી માણસ સુધરતો નથી. અને છાપામાં તો સજ્જનોની પણ એટલી ટીકા થતી હોય છે કે આવી ટીકાની કશી અસર થતી નથી.

કાકા કાલેલકર

# એક દિલેરી આંદોલન

ઈ. સ. ૧૯૮૧માં અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં થયેલા એક વિદ્યાર્થી-આંદોલન વિશે વાત કરવા જેવી છે. આ યુનિવર્સિટી મેસેચ્યુસેટ્સ રાજ્યના બોસ્ટનમાં આવેલી છે. એનું સ્થાન જગવિખ્યાત M.I.T. (મેસેચ્યુસેટ્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી)ની લગભગ અડોઅડ છે. હાર્વર્ડ યુનિવર્સિટી પણ ઘણી જાણીતી છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના એ વિદ્યાર્થી-આંદોલન વિશે કંઈ કહીએ એ પહેલાં ઘરના આંદોલનની એક ઝાંખી કરી લઈએ. આપણા દેશની કૉલેજો, યુનિવર્સિટીઓ અને ક્યારેક હૉસ્ટેલોમાં થતાં આંદોલન જોઈએ છીએ અથવા એના વિશે વાંચીએ છીએ ત્યારે આપણું મન દુઃખી થયા વિના રહેતું નથી. અવારનવાર થતાં આ આંદોલનોના કારણે એમના વિશેની એક ચોક્કસ છાપ આપણા ચિત્તમાં દૃઢ થઈ છે. ક્યારેક તો આપણો વિદ્યાર્થી ક્ષુલ્લક કારણોસર અથવા તો જે કદી પોતાનું કારણ નથી એવા પ્રશ્ન ઉપર કોઈ રાજકીય પક્ષનો હાથો બનીને આંદોલન જગાવે છે અને શેરીઓ કે રસ્તાઓ સુધી લઈ જાય છે. પથરા વીંઝીને બસમાંનાં નિર્દોષ ઉતારુઓનાં માથાં ફોડે છે અથવા બસોને આગ ચાંપીને ઉતારુઓને રઝળતાં કરી મૂકે છે. આંદોલનમાં રાજકારણ અને રાજકારણીઓ ભળેલાં હોય છે એટલે પછી આંદોલન વિદ્યાર્થીઓ પૂરતું મર્યાદિત ન રહેતાં એ આખા સમાજને આભડે છે. શાંતિમાં દિવસ પસાર કરવા ઇચ્છતા નાગરિકને કે પછી આખો દિવસ પરસેવો પાડીને રાત્રે ઘેર રાહ જોઈને બેઠેલાં બાળકોને રોટલો ખવડાવવા ઇચ્છતા કોઈ ગરીબ માણસનાં અરમાન ધૂળધાણી થઈ જતાં આપણે જોઈએ છીએ. ઊંચા જીવે બજારમાં ફરતો ખરીદાર ક્યારે અને ક્યાં અટવાઈ જશે એ કશું કહી શકાતું નથી.

હાર્વર્ડ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું આંદોલન એ ઈવી (Ivy) આંદોલન તરીકે જાણીતું છે. ઈવી એક પ્રકારની વેલ છે. એ મંડપો, મકાનો વગેરે પર ભરપટ્ટે ફેલાય છે. ૬૦ ફૂટ જેટલી ઊંચાઈ સુધી એ સહેલાઈથી ચઢે છે. એનાં પાંદડાં ત્રણ પાંખિયાંવાળાં હોય છે. ઇંગ્લૅન્ડની ઈવીનાં પાંદડાં બારેમાસ લીલાં રહે છે. બોસ્ટન ઈવીનાં પાંદડાં પાનખરમાં ખરી પડે છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના સત્તાવાળાઓ યુનિવર્સિટી કેમ્પસમાંનાં કેટલાંક મકાનોમાં સુધારાવધારા કરવા માગતા હતા. તેથી એ મકાનો ઉપર ફેલાયેલી ઈવીને એ કાઢી નાખવા માગતા હતા. એ કાઢી નાખવા માટેનો એમણે નિર્ણય પણ લીધો. સત્તાવાળાઓની દૃષ્ટિ ઈવી અનેક રીતે ઉપદ્રવકારી હતી એટલે મકાનોના સુધારાવધારાનું કામ પૂરું થયા પછી એ લોકો કાઢી નાખેલી ઈવીને ફરીથી રોપીને તૈયાર કરવા માગતા નહોતા. સત્તાવાળાઓના આ નિર્ણયની જાણ વિદ્યાર્થીઓને થઈ એટલે એમનામાં એક પ્રકારનો અસંતોષ ઊભો થયો અને એમને રોષનું કારણ મળ્યું. મકાનોના સુધારાવધારા માટે ઈવીને કાઢી નાખવી પડે એ વાત વિદ્યાર્થીઓ

સમજતા હતા અને સ્વીકારતા પણ હતા. પણ એમનું કહેવું એવું હતું કે મકાનોના સુધારાવધારાનું કામ પૂરું થાય એટલે યુનિવર્સિટી સત્તાવાળાઓએ ઈવીની રોપણી ફરીથી કરીને અગાઉની જેમ એને ફરી વિકસવા દેવી જોઈએ, પણ યુનિવર્સિટી સત્તાવાળાઓ આ માટે તૈયાર નહોતા. એમને તો યુનિવર્સિટી કેમ્પસમાંથી જ ઈવીને સદંતર કાઢી નાખવી હતી. સત્તાવાળાઓનું કહેવું હતું કે ભીંતો ઉપર ઈવીના અસ્તિત્વથી એના ભેજને લીધે ભીંતોના પ્લાસ્ટર અને રંગો ઉપર ખરાબ અસર થાય છે. લાકડું બગડે છે. વળી, ઈવી ભીંતો ઉપર સીમિત રહેતી નથી. એ તો બારીબારણાંનાં ચોકઠાં અતિક્રમીને અંદર ઘૂસે છે.

આની સામે વિદ્યાર્થીઓની દલીલ હતી કે હાર્વર્ડ યુનિવર્સિટીમાં ઈવીની રોપણી યુનિવર્સિટીના ઉગમકાળથી છે એનો લીલો રંગ રમણીય લાગે છે. એને લીધે ઠંડક રહે છે. એનાં પાંદડાં ઉપર પતંગિયાં બેસે છે. ઇંડાં મૂકે છે. પતંગિયાં ઝૂમતાં રહે છે. પક્ષીઓ આવે છે. આખું વાતાવરણ પ્રકૃતિની શોભાથી ભર્યું ભર્યું રહે છે.

હાર્વર્ડ યુનિવર્સિટીના ઉગમકાળથી જ કેમ્પસમાં ઈવી હોવાની વિદ્યાર્થીઓની દલીલના જવાબમાં યુનિવર્સિટી સત્તાવાળાઓનું કહેવું હતું કે બોસ્ટનમાં ઈવીનું આગમન ઈ. સ. ૧૮૭૬માં થયું અને હાર્વર્ડ યુનિવર્સિટીના કેમ્પસમાં તો એણે ઈ. સ. ૧૮૮૬માં જ પ્રવેશ કર્યો. એ પહેલાં હાર્વર્ડમાં ઈવી હતી જ નહીં.

આમ આક્ષેપો પ્રતિઆક્ષેપો. રદિયા અને વિવિધ વિધાનો થતાં રહ્યાં અને યુનિવર્સિટી સત્તાવાળાઓએ પોતાનો નિર્ણય બદલવાની તૈયારી ન બતાવી.

અને શરૂ થયું વિદ્યાર્થીઓનું આંદોલન.

'ઈવી બચાવો. ઈવીને મરવા નહીં દઈએ' એ એમના આંદોલનના મુખ્ય નારા.

'ઈવી બચાવો' આંદોલન માટે એક કમિટી રચાઈ. કમિટીના ચેરમેન અને સહચેરમેન ચૂંટાયા.

વિદ્યાર્થીઓનાં સરઘસ નીકળવા લાગ્યાં. શાંત અને શિસ્તબદ્ધ સરઘસ. કોઈ ધમાલ, ધાંધલ કે બૂમબરાડા પણ નહીં, ગગનભેદી, સૂત્રોચ્ચાર પણ નહીં. શાંત સરઘસમાં વિવિધ લખાણાળાં બેનર ખરાં, જેવાં કે,

"Ivy does not harm, Harvard will do harm.'

"Don't kill Ivy", "Save Ivy Ieague."

પ્રચારરૂપે એક મોટી સભાનું આયોજન થયું. સભાના સમયે હાર્વર્ડ યુનિવર્સિટીની સ્થાપનાના મૂળ પુરુષ જ્હોન હાર્વર્ડની પ્રતિમાના કંઠમાં અને શિર પર ઈવીના હાર આરોપાયા અને ગોઠવાયા.

આશ્ચર્યની વાત તો એ હતી કે જેમની સામે આ આંદોલન ચાલતું હતું એ હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડેરેક બેક ખુદ આ સભામાં શ્રોતા તરીકે ઉપસ્થિત રહ્યા. વિદ્યાર્થીઓ તરફથી એમને માનભર્યું સ્થાન આપવામાં આવ્યું. (હૂરિયા બોલાવવાની, ધરણાં કરવાની, ધક્કે ચઢાવવાની, ગડદાપાટુ કરવાની, સળગતી સિગરેટનું ઠૂંઠું ચાંપવાની તો વાત ક્યાં રહી ?!)

સભામાં પ્રવચનો થયાં. સૌએ પોતપોતાનાં મંતવ્યો રજૂ કર્યાં. સભા ખૂબ જ શાંતિથી ચાલી અને પૂરી થઈ.

આંદોલન ઠીક ઠીક સમય સુધી લંબાયું. આખરે સત્તાવાળાઓએ નમતું મૂક્યું અને ઉભય પક્ષે સંતોષકારક સમાધાન થયું.

સત્તાવાળાઓ તોફાન અને હિંસા સિવાય કદી નમતા નથી. એવો ભ્રામક ખ્યાલ દૂર કરવામાં આવાં શાંત અને સફળ આંદોલનો મોટો ફાળો આપી શકે.

અમેરિકામાં હિંસક આંદોલનો થતાં જ નથી એવું પણ નથી. ઈ. સ. ૧૯૬૨-૬૩ના અરસામાં હબસી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબતે એક યુનિવર્સિટીમાં લોહિયાળ આંદોલન પણ થયેલું. આમ છતાં એક વાત મોટે ભાગે સ્પષ્ટ છે કે અમેરિકાની કૉલેજો કે યુનિવર્સિટીઓમાં છાશવારે આંદોલન થતાં નથી અને જે આંદોલન થાય છે એ આમજનતાને ઉપદ્રવકારી હોતાં નથી. આ લખનારે શિકાગોમાં રૂઝવેલ્ટ યુનિવર્સિટી, એશવિલમાં નોર્થ કેરોલિના યુનિવર્સિટી. બોસ્ટનમાં હાર્વર્ડ યુનિવર્સિટી અને એમ. આઈ. ટી. તેમજ અન્ય કેટલીક શિક્ષણસંસ્થાઓની રૂબરૂ મુલાકાત લીધેલી છે અને એ યુનિવર્સિટીઓ અને શિક્ષણસંસ્થાઓમાં જવાબદાર તેમજ અન્ય વિશ્વસનીય વ્યક્તિઓ સાથે 'વિદ્યાર્થી અજંપો' એ વિષે ચર્ચા કરેલી છે અને બધેથી લગભગ એક જ સૂર સાંભળ્યો છે : "અહીં માથાનો દુઃખાવો થઈ પડે એવાં વિદ્યાર્થી આંદોલનો નથી. જે છે એ દિલેરી આંદોલનો છે."

**– મોહનલાલ પટેલ**

---

*ગૌતમ બુદ્ધે જગતને નવો ધર્મ નથી આપ્યો; તેમણે તો આપણને સનાતન ધર્મનું નવું રહસ્ય બતાવ્યું. બીજાનો જીવ લેવાનો નહીં, પણ પોતાનો જીવ આપવાનો ધર્મ તેમણે હિંદુ સમાજને શીખવ્યો. તેમણે શીખવ્યું કે, પશુને હોમીને યજ્ઞ નથી થતા, પણ પોતે પોતાને હોમીને મનુષ્ય સાચો યજ્ઞ કરે છે. પણ હિંદુ ધર્મ વેદોની ઉપર કોઈ હુમલો કરે તે સાંખી નથી શકતો. તેથી હિંદુ સમાજે બુદ્ધના શિક્ષણનું સત્ત્વ ગ્રહણ કર્યું, પણ નવા ધર્મ તરીકે તેનો ત્યાગ કર્યો.*

**મો૦ ક૦ ગાંધી [૨૨-૫-૧૯૨૪]**

## ઝાડનાં મૂળની જેમ

*ઝાડનાં મૂળિયાં દેખાવમાં તો કેટલાં સુંવાળાં જણાય છે! હાથ અડાડીએ, તો ભાંગી જાય એવાં કોમળ હોય છે. છતાં એ મૂળિયાંમાં કેટલું બધું બળ હોય છે! પથ્થર જેવી જમીનનેય તોડીને ઊંડે ઊંડે પાણી મળે ત્યાં સુધી સોંસરાં ઊતરી જાય છે. અને એક વાર અંદર ઊતર્યાં પછી મૂળ જાડું થવા પ્રયત્ન કરે છે, જમીનને પહોળી બનાવે છે. આ રીતે જમીન સોંસરવા ઊતરવામાં અને પથ્થર જેવી જમીનનેય પહોળી કરવામાં કેટલું બધું બળ જોઈતું હશે!*

*સ્ત્રીમાં પણ આવું જ બળ છે. એના બળને માપી શકાય નહીં, તેથી તેને અ-બળા કહી છે. સ્ત્રી કઠણમાં કઠણ હૃદયમાં ઊતરી જઈને જગા કરે છે. એ પારકાના ઘરને પોતાનું કરી લે છે, પોતે એ ઘરની થઈ જાય છે, એ ઘરમાં સમાઈ જાય છે. ઝાડનાં મૂળની જેમ એ ઘરમાં સોંસરી ઊતરી જઈને ઘરનો કબજો લઈ લે છે.*

**રવિશંકર (મહારાજ) વ્યાસ**

# Holidays in Temples of Learning: How Many Are Too Many ?

M R Gosai

Former Principal, M M Shah Mahila Arts College, Kadi

In an article emphasizing the importance of a sound work ethic, Mahatma Gandhi wrote," To declare my birthday as a holiday should be classified as a cognizable offence. (Assam Times, 2009) Notwithstanding the will of the Father of the Nation, it may be safely asserted that India has been enjoying more holidays than other countries since Independence. The man hours lost by employees, officially or unofficially, in viewing the recent mega shows of the World Cup Tournament in India is a case in point. The Western countries observe fewer holidays than India. And we are inclined to look to the West on many issues. Then why do we not follow these countries in respect of holidays? It may not be denied that Indian colleges and universities are almost independent with regard to holidays. Further, the Union Government and the State Governments announce holidays as they like. In the absence of any definite policy on holidays, holidays have assumed dangerous proportions.

After the implementation of the sixth pay commission report, the pay revision is supposed to be fairly good. But our work ethic does not seem to be in tune with the spirit of the pay commission report. Teachers attract the public charge of full time pay for part time work. Hence, holidays in institutions of higher education call for reconsideration.

## Holidays in Higher Education: A Historical Perspective

During the British rule, in 1924, there were 18 public holidays of which Diwali, Christmas and Easter were allotted three days each. The New Year holiday spanned the last day of the present year and the first day of the coming year. The other holidays included seven Hindu festivals, Id and three Parsi festivals. The Empire Day in May and the King's Birth Day in June were dedicated to celebration (Sethi, 2007).The summer vacation was from March 10 to June 20. The long vacation facilitated the visit of the white teachers working in India to their homeland Britain. Later on, the Diwali vacation was extended to one month. And the Christmas break lasted for ten days. In all, about 170 days were available for teaching in those days. But these working days were reportedly taken seriously.

Post Independence, the same pattern of vacations continued for a long time. But then the public debate on the long vacations compelled the authorities to shorten the vacations. At present, one finds two month's summer vacation and three weeks' Diwali vacation with the abolition of the Christmas

break in many colleges. However, the open ended list of public holidays is getting longer. Public holidays now roughly count twenty seven. Moreover, one new group of holidays, viz. restricted holidays supplements the list of public holidays. Restricted holidays did not exist in the British rule. Regional holidays and festivals celebrated by the regional or linguistic minorities are accommodated in the restricted list. It is also an open ended list containing almost thirty five days, as of now. Each employee can enjoy 2 restricted holidays of his choice in a year. The practice of enlarging the group of restricted holidays has resulted in endless controversies as pressure groups urge the Government to include one or the other festival in the compulsory group, once it is included in the restricted group. Further, every year Dr Baba Saheb Ambedkar's birthday April 14 is added as a holiday under the Negotiable Instrument Act. Historically, we celebrate more holidays than our forefathers.(Selhi, 2007). Our constitutional aspiration is unity in diversity though our long lists of increasing holidays reflect only diversity.

## Holidays in Other Countries

One may find 13 public holidays in the US. The same is the case with Germany and Switzerland. Finland has ll(Menzes, 1996) Austria and the Philippines account for 10 each. Brazil, Sweden and Britain enjoy only 8 holidays each. China celebrates the Labour Day, the Youth Day, the International Child's Day, the People's Liberation Army Day and the Spring Festival. Obviously, these Chinese holidays are meant for celebration only. The Russian Government sanctions only 7 public holidays. In Russia too, the International Women's year, the Spring Festival, the Labour Day and the Defender of the Fatherland Day are celebrated. These nations keep in mind the national traditions, and the national future being built by the present. In the US, over 24 days are celebrated in a year for various causes but these days are not idle holidays. Even Pakistan observes only 12 holidays. Similarly, the other Islamic countries observe a limited number of holidays.(Tai!or, 2007)

Apart from holidays, college and university teachers are entitled to 12 days' casual leave. The support staff in these institutions is also entitled to 12 days' casual leave, that is leave with pay. However, college and university teachers are not entitled to privilege leave on account of their entitlement to vacations. Other employees can enjoy 30 days' privilege leave, that is, also leave with pay, over and above casual leave. Employees in Brazil, Finland and France are entitled to 30 days' leave with pay. In Canada and China, employees can enjoy such leave for 10 days only. In advanced countries, institutions of higher education work for long hours and observe very few holidays. In 1989, when King Hirohito of Japan died, offices and schools and colleges remained open as usual. Way back, around 1991, the Swiss Federal Government asked the cantons to declare a holiday to celebrate the 700th anniversary of the founding of the Swiss Republic. Citizens unanimously declined. They preferred to put in a day of their usual hard work and celebrate the event thereafter. Similarly,

when the Japanese Government declared a five day week for public and private sector companies, almost all workers' unions and people raised a hue and cry against the Government's decision. As a result, the Government had to roll back the decision to curtail the working hours.(Patel, 1993)

## The Scenario of Working and Non-Working Days in Higher Education

According to the survey research by Shakti Ahmad and S M Luthra, on an average, teaching in Indian colleges is done for hardly 100 days in a year.(Drashti, 1998). The research is based on inputs from 148 science colleges, 160 arts colleges, 50 professional colleges and 21 university departments. Respondents consisted of 6306 college teachers and 2144 university teachers, adding up to 8450. Similarly, a comparative study of private colleges/ universities and public funded ones requires to be undertaken with reference to holidays. Understandably, private institutions of higher education may not afford to enjoy so many holidays in view of their competitive nature and less visible presence of unionism on their campuses. The University Grants Commission has made 200 days' teaching in colleges mandatory. Generally, colleges reopen on the 15''' of June after the summer vacation. Following the protracted process of admission, colleges practically start teaching in the third week of July. As per the back of the envelope calculation, 90 days' vacation, 24 public holidays, 35 days for the admission process and 40 Sundays add up to 189 non-working days. Thus only 176 days are left for teaching.

However, there is more to it than meets the eye. When examination results are delayed, the vacation is extended. House examinations and university examinations commencing in March, during the working days, add to the loss of precious teaching days. Further, students are given preparatory holidays prior to house examinations and university examinations, recording further loss of teaching days. Teaching days are also curtailed, following college functions like prize distribution, sports events, cultural events and religious functions. Holidays are also declared to celebrate prize winning by college teams in inter- college competitions. On top of it, there are local- area specific events and occasions claiming their share of holidays, for instance, elections. Similarly, national, regional strikes and students, occasionally taking the institution of higher learning to ransom, cannot be ruled out. All such incidents, events and occasions go to take a toll on teaching days going further down. Can we not view the oft-repeated complaint about the declining standards of education in the light of the declining teaching days in higher education?

The foregoing details about holidays are without reference to unofficial holidays granted by institutions on flimsy grounds. For example, the recent World Cup season translated into a loss of 768 million man hours, as noted by the Times editorial, on the basis of a report (TOI, April 2,2011). It was either due to collective sick leave or pure absenteeism to view the World

Cup shows. To extrapolate, holidays have become an obsession with an average Indian employee. For example, when the General Secretary of Soviet Union, Brezhnev died, Russia worked one hour extra while India declared a half holiday to mourn his death. Astonishingly, Good Friday in predominantly Christian America is a working day whereas it is a holiday in India. Inspite of Gandhiji's express written intention not to have his birthday to be declared a holiday, we have it as a holiday without second thoughts. Conversely, when American President John F Kennedy was assassinated, no holiday was announced there. But when the former Prime Minister of India, Morarji Desai died, the Maharashtra Government announced a two-day holiday to mourn his death. These two holidays for mourning were followed by two public holidays, which were in turn followed by the weekend, resulting in six non-working days, causing immeasurable hardship to all sections of society.

Due to our holiday culture, an average Indian works for 1400 hours in a year while a Japanese works for 2100 hours. The Americans work for 1700 hours in a year and the Canadians put in 2000 hours' work.(Samkalin, 1998). An average European worker records 1700-1800 hours' work. Thus we have the shortest working year in the world.(Menzes, 1996) Colleges and universities in Europe and America work hard and for long hours. On the one hand, the Union Government and the State Governments express their commitment to worldclass education and on the other no serious thought is given to the pattern of working hours and working days in higher education. Our education system is riddled with constant breaks from work, detrimental to the quality of learning. Deplorably, casual leave or sick leave is used to create more breaks. For instance, an employee takes a casual leave or a sick leave on an intervening working day between two holidays, making it a three-day break. Such practice tends to further weaken our system.

## Counter Argument

The pro-holiday group argues that the holidays notified for college and university teachers are the same as those for other employees. Holidays are justified in view of the bewildering religious and regional diversity of India. As for vacations, they point out that on account of vacations in institutions of higher education, teachers are not entitled to privilege leave available to other employees. They further state that vacations in educational institutions facilitate the conduct of examinations. The admission process is undertaken in the vacation time and teachers also participate in it as members of the relevant committees, as this group explains. According to them, seminars, symposia and such other programmes are often organized in vacations.

Further, higher education is not the only sector for vacations. The judiciary also enjoys vacations. The grouse of the pro-vacation group is that there is little dispute on the judicial vacations but higher education is subjected to harsh criticism for its vacations though vacations in the institutions of higher education serve the relevant purposes, as mentioned earlier.

As regards shorter teaching hours, it is argued that teachers are supposed to assess journals, notebooks, house examination papers and all that. In their opinion, their work does not bear comparison with Government employees' duty as these employees are engaged in routine work. The pro-vacation group further claims that teachers also have to prepare their lectures at home. Moreover, they organize college functions and programmes in their colleges, over and above their lectures.

More importantly, they plead that academic freedom of college and university teachers should not be curtailed at the risk of academic excellence. What they fear is hide bound rules for them, in this respect, might stultify their creativity and scope for research.

## Rejoinder to the Counter Argument

First of all, the judiciary too now, draws flak for its long vacations and mounting arrears of cases. The Supreme Court working for 185 days and the High Courts for 210 days in a year are being publicly questioned now. Hence, this is no defence for academic vacations. The crux of the matter is both the judiciary and the academia require to increase their actual working days. As for academic programmes organized in vacations, it would not be far from the truth to state that very few colleges can claim this. The demand for curtailment of long vacations and numerous holidays' stands justified in view of the hike in the scales of pay by the sixth pay commission. The sixth pay commission report has recommended five hours presence of teachers in colleges. But their actual teaching hours may remain three as per the maximum permissible workload for them. The rest of the time is meant for their academic pursuit and guidance to students. The pay commission has recommended that teachers should be available at least five days a week for conducting classes, holding tutorials, guiding research or carrying out any other academic or co-curricular activities (The UGC Pay Commission Report, Chapter V-5, Section 13.1). Compared to this, over six hours' work is mandatory in Government offices. The college teachers receive the salary at least on a par with the secretary level officers in the Government. These officers too are expected to perform intellectual and sometimes arduous duties for long hours. What matters is their accountability. An accountability framework is yet to be evolved in the case of college and university teachers. Their academic freedom is not balanced by their accountability. Of course, all college and university teachers may not be worthy of blame. There are moderate holiday seekers and militant holiday seekers among them. But the moderates are swamped by the numerically dominant militants. The former cannot beat the latter and therefore they join their militant fellow travellers in holidaying.

Moreover, holidays in colleges are not virtually the same as those in Government offices. Institutional and local holidays may be taken into account, just to mention the university establishment day and the college establishment day. Too many holidays, official or unofficial, tend to make our temples of learning less holy and less

respectable in the public eye. Paper assessment in examinations during vacations or otherwise, a specious argument for staying away from teaching work, is mostly a remunerative work. Moreover, it is found that college teachers attempt to avoid even this remunerative work. The case in point is the recent absence of teachers from the paper evaluation centres of Gujarat University, Ahmedabad. The Vice Chancellor of the University had to warn the erring teachers of strict action. The number of such teachers was sufficient to derail the paper checking process.[1] Further, teachers lending a hand to admission work in vacations are few and far between. And research by teachers, in terms of quality and quantity, in free time at their disposal, in institutions of higher learning is debatable. Of course, honourable exceptions, in this regard, should be appreciated unreservedly. But they are exceptions, not the rule. Significantly, one new and vital tool of research, that is, the internet has given rise to a new professional hazard in educational institutions. Employees could access the World Wide Web for online games, social networking and entertainment sites during college hours. This new distraction from work, too, calls for critical attention.

## Conclusion

For a country struggling to forge ahead in a competitive world, excessive holidays are a scourge. The Central Authority for Holidays should be appointed to control excess in holidays. For example, in America, legal federal holidays are notified for the Unites States. It seems that the universities, as monitoring authorities have failed to restrict the affiliated colleges from declaring inessential holidays. It appears that universities too are prisoners of holidays in India.

Restricted holidays for sectional festivals should be restricted to the section of employees concerned with the relevant festivals. The present policy of permitting all employees to enjoy those holidays, irrespective of their concern ought to be scrapped.

Certain important days, for example the birth anniversary of Gandhiji, that of Sardar Vallabhbhai, the Independence Day of India, etc. might well be celebrated to generate awareness about them. Obviously, declaration of such days as only holidays, without appropriate celebration, is counterproductive.

If the results of the university examinations are declared before the commencement of the term, after the summer vacation, more precious days can be saved for teaching.

The authorities would do well to curtail vacations and breaks in Indian colleges and universities. Alternatively, educational and academic programmes should be organized to utilize such days constructively. The knowledge of teachers and students could thus be enriched, so far as practicable, instead of closing the portals of our vital institutions of higher learning for long vacations. Holidays require to be drastically curtailed. The talent of the specialized vast human resource in colleges may be optimally availed of in a year. The teaching community, no doubt, debates what to teach, how to teach and how much to teach. However, how long to teach is left out. The proverbial wisdom is: "all work and no

play makes Jack a dull boy". In the present context, less work and more play could make Jack a dangerously worse student.

## References


1 *Assam Times* (2009). Harijan, October 15, 1938, as quoted in *Assam Times*, 6th August 2009.

2 Sethi, Deviika. (2007). Making holidays count, *The Times of India*, November 9, Ahmedabad, p. 12.

3 Ibid.

4 Menezes, Joaquim. P. (1996). In India, granting holidays has been taken to an art form, *The Times of India*, April 13, Ahmedabad, p. 9.

5 Tailor, Bakul. (2007). Cover Story, half weekly supplement, *Sandesh*, September 19, Ahmedabad, p. 2.

6 Menezes, Joaquim. P. (1996). In India, granting holidays has been taken to an art form, *The Times of India*, April 13, Ahmedabad, p. 9.

7 Patel, Ramjibhai. (1993,). *Raja-Raj*, Bhuj, Sanosara: Akshar Bharati, Sarvodaya Prakashan, p. 37.

8 *Drashti*, December. 1990.

9 *Samkalin*, 15 (76), March 31, 1998.

10 Menezes, Joaquim. P. (1996). In India, granting holidays has been taken to an art form, *The Times of India*, April 13, Ahmedabad, p. 9.

11 *Sandesh*, April 7, Ahmedabad, p. 2.



(39, Ghanshyamnagar Society,
Kundal, Kadi-382715)


"રાજકારણના ઇતિહાસમાં ગાંધી અદ્વિતીય છે. ગુલામ પ્રજાની મુક્તિ માટેના સંઘર્ષ સારુ એમણે એક તદ્દન નવી અને માનવીય પ્રક્રિયાનો આવિષ્કાર કર્યો અને વધુમાં વધુ જોમ અને ભક્તિપૂર્વક એનો અમલ કર્યો. આખી સભ્ય દુનિયાના વિચારવંત લોકો ઉપર એમણે જે નૈતિક અસર પાડી છે, તે આપણા આજના જમાનાની પાશવિક શક્તિની અતિશયતામાં જણાય છે એના કરતાં ઘણી વધારે ચિરસ્થાયી થશે. કારણ પોતાના જીવનના ઉદાહરણ અને શિક્ષણ દ્વારા એ લોકો જેટલે અંશે એમની પ્રજાઓની નૈતિક તાકાતોને જગાડી શકે અને દૃઢ કરી શકે, એટલા પ્રમાણમાં જ રાજનીતિમાં કુશળ લોકોનું કામ સ્થાયી બને છે.

"નિયતિએ આપણી ઉપર કૃપા કરીને આપણને એવા જાજ્વલ્યમાન સમકાલીન આપ્યા છે, કે જે ભાવિ પેઢીઓ સારુ દીપસ્તંભ બની રહેશે. એ આપણું સદ્ભાગ્ય છે. આપણે તેના આભારી છીએ.

"ભાવિ પેઢીઓના માન્યામાં પણ ભાગ્યે જ આવશે કે, એમના જેવા હાડમાંસના માનવીએ આ ધરણી પર કદીયે પગલાં માંડ્યાં હતાં."

**– આલ્બર્ટ આઇન્સ્ટાઈન**

ગાંધીનો રસ્તો એટલે અન્યાયી વ્યવસ્થા સામે જંગ માંડતો, પણ એ વ્યવસ્થાનો શિકાર બનેલ વ્યક્તિ સાથે વિશ્વાસ અને સ્નેહ સાધતો માર્ગ હતો. આજે વિશ્વની વ્યવસ્થામાં ઠેર ઠેર અન્યાય મોં વકાસીને ઊભો છે. આ પ્રસંગે એની સામે એની રીતે લડવા જવાને બદલે એમાં સપડાયેલ વ્યક્તિ કે સમૂહને બચાવી લેવાની દૃષ્ટિએ જે આગળ વધશે તે કદાચ આજના પ્રશ્નોને વધુ સારી રીતે ઉકેલવામાં સફળ થશે.

**– નારાયણ દેસાઈ**

# 'પ્રોફેશનલ' અભ્યાસક્રમોમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણ

ડૉ. ચંદ્રકાન્ત મહેતા, પૂર્વ ઉપકુલપતિ, ગુજરાત યુનિવર્સિટી

'પ્રોફેશનલ'નો કોશગત અર્થ મુજબ Profession means paid occupation or job that requires advanced education and training such as architecture, law, medicine, management studies, computer etc. Professional નો અર્થ છે belonging to a profession ધંધાવિષયક કે ધંધા અંગેનું. આવા જ્ઞાનમાં ઊંડા અભ્યાસ, વિશેષ દક્ષતા, વિશેષ તાલીમ અને 'વિશેષ' નિષ્ણાતપણાની જરૂર પડે છે. એમાં ઉમેરણ કરીએ તો એમ કહી શકાય કે It is an occupation especially one that requires specialist academic and practical training. આવા વિશેષ પ્રોફેશનલમાં 'પ્રોફેશનલ એથિક્સ' અને ધંધાકીય આચાર સંહિતાનું પણ પરિપાલન કરવાનું હોય છે.

અહીં પ્રોફેશનલ કોર્સિસ એટલે કે ધંધા સંદર્ભિત અભ્યાસક્રમોની ચર્ચા કરવાની છે, અને 'વિશેષતઃ મૂલ્યનિષ્ઠ શિક્ષણ' એટલે કે Value based education બાબતે, એટલે શિક્ષણની વિભાવના (concept) વિશે પણ વિચારવાનું આવશ્યક છે.

'શિક્ષણ' શબ્દ 'શિક્ષ' ધાતુ પરથી બનેલો છે, જેનો અર્થ થાય છે, શીખવું, અધ્યયન કરવું, જ્ઞાનપ્રાપ્તિ કરવી. શિક્ષણ સાથેનો સંકળાયેલો 'વિદ્યા' શબ્દ 'વિદ્' ધાતુ પરથી વ્યુત્પન્ન થયેલો છે, જેનો અર્થ છે, જાણવું, જ્ઞાનથી પરિચિત કે વાકેફ કરાવવું, અધ્યાપન વગેરે.

અંગ્રેજીનો Education શબ્દ E + Duco શબ્દોના મેળથી બનેલો છે. Eનો અર્થ છે અંદરથી અને Duco નો અર્થ છે અંદરથી વિકસિત કરવું : વ્યક્તિની અંતર્નિહિત શક્તિઓને બહાર તરફ સર્વાંગીણ રીતે વિકસિત કરવી. Edcucation શબ્દની વ્યુત્પત્તિ લેટિન ભાષાના 'એજ્યુકેટમ' (Educatum) શબ્દ પરથી થઈ છે. લેટિનમાં શિક્ષણના અર્થમાં બીજા બે શબ્દો પણ મળે છે. 'એજ્યુકેયર' અને 'એજ્યુસિયર.' આ ત્રણે શબ્દોનો અર્થ નીચે દર્શાવ્યા મુજબ થશે.

૧. Educatum – એટલે શિક્ષણ-પ્રશિક્ષણ

૨. Educare (એજ્યુકેર) એટલે શિક્ષિત કરવું, વિકાસ કરવો, બહાર કાઢવું.

૩. Educcere (એજ્યુસિયર) અર્થાત્ વિકસિત કરવું, બહાર કાઢવું.

શિક્ષણના સંસ્કૃત અને અંગ્રેજી શબ્દોનો વ્યુત્પત્તિ આધારિત અર્થ એ થયો કે શિક્ષણ વ્યક્તિની અંદર રહેલી શક્તિઓના પ્રગટીકરણનો ધ્યેયલક્ષી-ઉદ્દેશલક્ષી પ્રયાસ છે.

શિક્ષણવિષયક પરિભાષાઓનો ભારતીય તેમ જ પ્રાશ્ચાત્ય બંને દૃષ્ટિકોણથી ખ્યાલ મેળવવો જોઈએ. વેદ-ઉપનિષદ, મહાભારત, ગીતા વગેરે મહાન ગ્રંથો તેમજ વિવેકાનંદ, મહર્ષિ અરવિંદ, મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ટાગોર, ડૉ. રાધાકૃષ્ણન વગેરે જ્યોતિર્ધરોએ પણ શિક્ષણને પોતપોતાના દૃષ્ટિકોણથી પરિભાષિત કર્યું છે. ઋગ્વેદની નજરે

'શિક્ષણ તે છે, જે મનુષ્યને આત્મનિર્ભર અને સ્વાર્થમુક્ત બનાવે. યજુર્વેદના મતે વિધયાઅમૃતમ્ અશ્નુતે' એટલે કે વિદ્યા વડે અમરત્વની પ્રાપ્તિ થાય છે. ગીતાના મતે 'જ્ઞાન જેવું પવિત્ર આ દુનિયામાં અન્ય કશું જ નથી.' મહાભારત વિદ્યાને 'ચક્ષુવત્' એટલે આંખ જેવું ગણાવે છે. શંકરાચાર્યજી શિક્ષણને આત્મઓળખ કરવાનો વિષય માને છે. મહર્ષિ અરવિંદના મતાનુસાર શિક્ષણનું કાર્ય માણસમાં જે કાંઈ પડેલું છે તેને વિકસિત કરવામાં સહાયક બનવાનું છે. રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું કે ''Education means to enable the mind to find out truth, making truth its own and giving expression to' અર્થાત્ શિક્ષણનો અર્થ દિમાગને સત્યની શોધ કરી શકે અને તેના તથ્યોને પોતીકું બનાવીને અભિવ્યક્ત કરી શકે તેવું સજ્જ અને યોગ્ય બનાવવું તેવો છે.

મહાત્મા ગાંધીનું મંતવ્ય હતું કે 'શિક્ષણ બાળક તથા મનુષ્યના શરીર, મન અને આત્મા દ્વારા સર્વોત્તમ તત્ત્વો પ્રાપ્ત કરવાનું છે. હવે શિક્ષણવિષયક પાશ્ચાત્ય દૃષ્ટિકોણ તપાસી લઈએ.

## સોક્રેટિસ

Education means the bringing out of ideas of Universal validity which are latent in the mind of everyman. શિક્ષણનો અર્થ પ્રત્યેક મનુષ્યના મસ્તિષ્કમાં અદૃશ્યરૂપે વિદ્યમાન સંસારના સર્વમાન્ય વિચારોને પ્રકાશમાં લાવવાનું છે. કેન્ટના મતાનુસાર ''Education is the development of the individual of all the perfection of which he is capable.'' શિક્ષણ વ્યક્તિની એવી પૂર્ણતાનો વિકાસ છે, જેમાં એની ક્ષમતા હોય. ટી. પી. નનના શબ્દોમાં શિક્ષણ વ્યક્તિની વૈયક્તિકતાનો પૂર્ણ વિકાસ છે, જેથી તે પોતાની સંપૂર્ણ યોગ્યતા મુજબ માનવજીવનને મૌલિક યોગદાન આપી શકે. Adms (એડમ્સ)ના મતાનુસાર education is Bi-polar process. શિક્ષણ દ્વિમુખી પ્રક્રિયા છે જેમાં એક વ્યક્તિ બીજી વ્યક્તિને જ્ઞાન પ્રદાન કરે છે અને તેના વ્યવહારને વિકસિત અને પરિવર્તિત કરે છે.

મૅકેન્ઝીએ ઉચિત જ કહ્યું છે કે વ્યાપક અર્થમાં શિક્ષણ એક એવી પ્રક્રિયા છે જે આજીવન ચાલતી રહે છે તથા જીવનના પ્રત્યેક અનુભવથી તેમાં વૃદ્ધિ થાય છે.

## `મૂલ્ય' અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ / અભ્યાસક્રમ

પ્રત્યેક દેશના લોકોના, સમાજના કેટલાક નિયમો પેટા નિયમો હોય છે જે તેની બુનિયાદ હોય છે અને જેના પરિપાલનથી વ્યક્તિ 'પ્રાણી'માંથી 'સામાજિક પ્રાણી' બને છે. સમાજજીવન અને વ્યાવસાયિક જીવન શુદ્ધ, પરિશુદ્ધ, અણિશુદ્ધ બને તેવા નૈતિક માપદંડોને 'મૂલ્ય' તરીકે ઓળખવામાં આવે છે.

## મૂલ્ય એટલે શું ?

રાધાકમલ મુખર્જીના શબ્દોમાં કહીએ તો સામાજિક મૂલ્ય એવા માપદંડ અથવા આદર્શો છે, જેને આધારે વિભિન્ન સામાજિક પરિસ્થિતિઓ તથા વિષયોનું મૂલ્યાંકન કરવામાં આવે છે. ફીચરના મતાનુસાર સામાજિક દૃષ્ટિએ મૂલ્યો એવી કસોટીઓનું નામ છે જેના દ્વારા સમૂહ કે સમાજ, વ્યક્તિઓ, પ્રતિમાનો, ઉદ્દેશો અને સામાજિક – સાંસ્કૃતિક વસ્તુઓના મહત્ત્વનો નિર્ણય કરે છે.

Value based education : Beyond The Borderssમાં Prof Jaap Scouten (જાપ સ્કાઉટન)એ Milton Rokeachનો સંદર્ભ ટાંકી 'મૂલ્યો' વિશે નોંધ્યું છે.

"Avalue is an enduring belief that specific mode of conduct or end state existence is personally or socially preferable to an opposite or converse mode of conduct or end state of existence. આમાં વ્યક્તિગત અને સામાજિક વ્યવહારની ઉદાત્તતાને મૂલ્યનિષ્ઠાની દૃષ્ટિએ મહત્ત્વની ગણવામાં આવી છે. Lous Raths (લ્યૂઈસ રેથ્સ)ના મંતવ્ય મુજબ Values are beliefs, attitudes or feeling that an individual is proud of, is willing to publicly affirm, have been chosen thouthfully from alternatives without persuation, and are acted on repeatedy મતલબ કે વ્યક્તિ જે માન્યતાઓ, મનોવલણો અને લાગણીઓનું ગૌરવ અનુભવી શકે અને જગજાહેર અનુમોદન આપી શકે એવાં વિચારપૂર્વક પસંદ કરેલા, જે સમજાવ્યા વિના સ્વીકૃત થઈ શકવાની યોગ્યતા ધરાવતાં હોય અને વારંવાર અમલી બનતાં હોય. James Shaverના મત મુજબ Values are our standards and principles for judging worth ઉત્તમ શું છે ? એ નિર્ધારિત કરવાનાં આપણાં ધોરણો અને સિદ્ધાંતો એટલે મૂલ્યો.

## મૂલ્યોનું વર્ગીકરણ / પ્રકારો

'મૂલ્યો'ને જુદા જુદા વિદ્વાનોએ જુદા જુદા ભાગોમાં વહેંચ્યાં છે.

૧. સી. ગોલાઈટલીની દૃષ્ટિએ મૂલ્યોના બે વિભાગો (૧) અનિવાર્ય મૂલ્ય (૨) વ્યાવહારિક મૂલ્ય.

૨. પૈરો નામના શિક્ષણવિદ્દ મૂલ્યોને બે વિભાગમાં વહેંચે છે. નકારાત્મક મૂલ્યો અને સકારાત્મક મૂલ્યો.

૩. સ્પ્રૅંગ્લર મૂલ્યોને છ વિભાગમાં વિભાજિત કરે છે. (૧) આર્થિક મૂલ્યો (૨) સૈદ્ધાન્તિક મૂલ્યો (૩) સૌંદર્યાત્મક મૂલ્યો (૪) સામાજિક મૂલ્યો (૫) રાજનૈતિક મૂલ્યો (૬) ધાર્મિક મૂલ્યો.

૪. ડબ્લયૂ અરબનની દૃષ્ટિએ મૂલ્ય વિભાજનક

(અ) સાધનમૂલ્ય : જેના ત્રણ પ્રકારો શારીરિક મૂલ્ય, આર્થિક મૂલ્ય અને મનોરંજનાત્મક મૂલ્ય

(બ) સાધ્યમૂલ્ય : બૌદ્ધિક, ધાર્મિક અને સૌંદર્યાત્મક

(ક) સાધન અને સાધ્ય બંને મૂલ્યો બે પ્રકારનાં : ચારિત્રિક મૂલ્ય અને સાહચર્ય મૂલ્ય.

## મૂલ્યો : ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિએ :

જીવનના પુરુષાર્થરૂપે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર મૂલ્યો પર ભારતીય સંસ્કૃતિએ ભાર મૂક્યો છે. સામાન્ય ધર્મનાં ૩૦ લક્ષણ ભગવદ્દ ગીતામાં વર્ણવવામાં આવ્યાં છે જેમ કે : સત્ય, દયા, તપસ્યા, પવિત્રતા, કષ્ટસહનની ક્ષમતા, મનનો સંયમ, સ્વાધ્યાય, સંતોષ, સમદૃષ્ટિ, સેવાભાવના, આત્મચિંતન વગેરે. વર્તમાન ભારતીય સમાજનાં મૂલ્યોમાં સામાજિક, રાજનૈતિક ન્યાય, સમાનતા અને સ્વતંત્રતાની પ્રતિષ્ઠા, બંધુત્વ, ધાર્મિક સ્વાતંત્ર્ય વગેરેને મહત્ત્વ આપવામાં આવ્યું છે.

ભારતીય સંસ્કૃતિની ઉદાત્ત પરંપરાઓનું જતન એનું નામ જ મૂલ્યનિષ્ઠા. આવાં મૂલ્યોમાં સત્ય, ક્ષમા, અહિંસા, શાંતિ, પ્રેમ, સહનશીલતા, માનવતા, સદ્દવર્તન, શાંતિ, સહઅસ્તિત્વ, સાર્વભૌમિકતા અને સત્યમ-શિવમ્-સુંદરમ્નો આદર્શ.

'મૂલ્યશિક્ષણ' પુસ્તકમાં ડૉ. હરિભાઈ પટેલે મૂલ્યોને મુખ્ય ત્રણ પ્રકારોમાં વિભાજિત કર્યાં છે.

(૧) શાશ્વત મૂલ્યો (૨) સંક્રાન્તિક અથવા પરિવર્તનશીલ મૂલ્યો (૩) ઊભરતાં નવાં મૂલ્યો.

વ્યક્તિગત મૂલ્યોમાં તેમણે શ્રમનું ગૌરવ, ઉદ્યમશીલતા, કર્તવ્ય પરાયણતા, વૈજ્ઞાનિક દૃષ્ટિબિન્દુ, વ્યક્તિ સન્માન, સ્વશિસ્ત, જુસ્સો, સખતપરિશ્રમ, ઇન્દ્રિયો પરનો કાબૂ, સહનશક્તિ, વિદ્યાજ્ઞાન પ્રાપ્તિ માટે પિપાસા, સંવેદનશીલતા આત્મગૌરવ, શીલ(ચારિત્ર્ય) વગેરેનો સમાવેશ થાય છે. ડૉ. હરિભાઈએ સામાજિક મૂલ્યો, સાંસ્કૃતિક મૂલ્યો, આર્થિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો અને નૈતિક મૂલ્યો, રાષ્ટ્રીય મૂલ્યો તથા આંતરરાષ્ટ્રીયતાનાં મૂલ્યોની વિગતે ચર્ચા કરી છે.

## પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં મૂલ્યનિષ્ઠાની આવશ્યકતા

સ્થાપત્ય, ચિકિત્સા, પ્રબંધન, ન્યાયક્ષેત્ર, કમ્પ્યૂટર જેવા પ્રોફેશન્સમાં મૂલ્યનિષ્ઠાનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે કારણ કે દેશના વિકાસમાં બૌદ્ધિકો, ટૅક્નૉલૉજિસ્ટો અને પ્રબંધ નિષ્ણાતો તથા નિર્માણવિદ્દોનો ફાળો પણ શિક્ષકો – અધ્યાપકો અને રાજનીતિજ્ઞો જેટલો જ મહત્ત્વનો છે.

'ધંધાદારીપણું' નહીં પણ નીતિમત્તાથી મહેકતો ધંધાકીય અભિગમ જ આવા 'પ્રોફેશન્સ'નું ગૌરવ વધારશે. શુદ્ધતા, પ્રામાણિકતા, માનવતા, નૈતિક હિંમત, ન્યાય, બીજાની લાગણીનો સ્વીકાર અને આદર્શ, નિખાલસતા, નૈતિક વ્યવહાર અને ખેલદિલી એ આવા પ્રોફેશનમાં અત્યંત મહત્ત્વનાં પરિબળો છે.

આજકાલ જીવનના બધા જ માર્ગોનું ધ્રુવલક્ષ્ય રૂપિયા, ભૌતિક સુખો, ભોગો-ઉપભોગો બની ગયા છે, ત્યારે પ્રોફેશનલ ક્ષેત્રોમાં રૂપિયા કમાવાની વિશેષ તકો હોવાને કારણે તેમાં કાર્યરત વ્યક્તિઓ માટે વિવેક, સંયમ અને ઇમાનદારીની અત્યંત આવશ્યકતા છે. આજનો માણસ 'વાયદા', 'ફાયદા' ને 'કાયદા'નો માણસ બની ગયો છે ત્યારે એકલું જ્ઞાન જ નહીં 'પ્રજ્ઞાની સ્થિરતા'ની પણ એટલી જ આવશ્યકતા છે. 'મારે શું' અને 'મારું શું ?'નો અજગરી ભરડો સમાજને બરબાદ કરી રહ્યો છે. ત્યારે નીતિમાન ઉદ્યોગવીરો, પ્રામાણિક વકીલો, દર્દીની સેવાને વરેલા નિર્લોભી તબીબો, કન્સ્ટ્રક્શનમાં ગુણવત્તાયુક્ત માલ/સામાન વાપરી નિર્માણને મજબૂત અને દીર્ઘજીવી બનાવવા મથતા ઇજનેરો, સાયબર લૉઝનું પરિપાલન કરતા કમ્પ્યૂટર ટેક્નિશિયન અને નિષ્ણાતો વગેરેના વ્યક્તિત્વ ચારિત્રિક ઘડતરમાં મૂલ્યનિષ્ઠા જ મહત્ત્વનો ભાગ ભજવી શકે.

મૂલ્યનિષ્ઠ માણસ ક્ષુદ્ર વાસનાઓ, લોભ, લાલચ, છેતરપિંડી અને ચારિત્રિક સ્ખલનથી દૂર રહેશે. મૂલ્યનિષ્ઠ પ્રોફેશનલનો એક જ સિદ્ધાંત હશે કે ભલે મારો ક્ષય થાય પણ મારા જ્ઞાન અને ચારિત્ર્યનો તો વિજય જ થવો જોઈએ. આનો પાયો શિક્ષણમાં મૂલ્યનિષ્ઠાને અતિ મહત્ત્વનું સ્થાન આપતા અભ્યાસક્રમો દ્વારા જ નાખી શકાય, કારણ કે ચારિત્ર્ય વગરનો નાગરિક એ દેશ માટે અભિશાપરૂપ છે. વર્તમાન શિક્ષણ મૂલ્યનિષ્ઠા જાગ્રત કરવામાં સદંતર નિષ્ફળ નીવડ્યું છે, જેને પરિણામે, ચોરી, જૂઠ, ધોખાબાજી, દુરાચાર, જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવું, સંવેદનહીનતા, માદક દ્રવ્યોનું સેવન અને સંકુચિતતાની વૃત્તિ જોર પકડી રહી છે. સકારાત્મક દૃષ્ટિકોણનો અભાવ અને નકારાત્મક દૃષ્ટિકોણની બોલબાલા દિવસે દિવસે વધતી જાય છે. અને પ્રોફેશનલો પણ માત્ર આર્થિક માનવ બનવામાં સંકોચ રાખતા નથી, ત્યારે પ્રોફેશનલ શિક્ષણ સત્યં (જ્ઞાનાત્મક) શિવં (ક્રિયાત્મક) અને સુંદરમ્ (ભાવાત્મક) બને એ આજની તાતી માગ છે. જ્ઞાન માણસને 'રાવણ' પણ બનાવી શકે તેમજ વિવેક અને સંયમ વડે પણ એને

'રામત્વ'થી વિભૂષિત પણ કરી શકે. આજનું વિશ્વ 'કામ' અને 'દામ' પાછળ દોડી રહ્યું છે એટલે એની સાથે 'હરામ' શબ્દને ફૂલવા-ફાલવાનો મોકળો મોકો મળ્યો છે. 'પ્રોફેશન'માં નીચે દર્શાવેલી બાબતો અગ્રસ્થાને રહેવી જોઈએ.

૧. પોતાના કાર્ય પ્રત્યે સમર્પિત અને દષ્ટિસંપન્ન રહેવું

૨. કઠિન અને વિશેષ સજ્જતાલક્ષી તૈયારીમાંથી પસાર થવું.

૩. આચાર સંહિતા અને મૂલ્યોનો ચુસ્તપણે સ્વીકાર.

૪. પોતાનાં કર્તવ્યો સ્વાધીનતા, જવાબદારીની ભાવના અને વિશ્વસનિયતા સાથે અદા કરવાની ભાવના.

૫. પોતાના ધંધાની પવિત્રતા પ્રત્યે આજીવન પ્રતિબદ્ધતા.

૬. બૌદ્ધિક અને ચારિત્રિક ઉચ્ચ પ્રણાલિકાઓનું પરિપાલન અને સમાજ સેવાની ભાવના

૭. વ્યાવસાયિક – ધંધાગત ગૌરવ સાચવીને વ્યક્તિગત સમાજ-દેશલક્ષી શુદ્ધ નિર્ણયો.

આજે ટેક્નૉલૉજી હરણફાળે વિકસી રહી છે ત્યારે સિડનીએ આપેલી ચેતવણી યાદ રાખવી પડશે કે કમ્પ્યૂટર માણસની જેમ વિચારશે, એ ચિંતાનો વિષય નથી પરંતુ માણસ કમ્પ્યૂટરની જેમ વિચારશે એ ચિંતા અને ભયનો વિષય છે.

મૂલ્યનિષ્ઠ શિક્ષણ જ દેહધારીને માણસ બનાવી શકે. પ્રોફેશનલ્સનું જીવન કેવળ 'રળતરલક્ષી' અને 'મળતરલક્ષી' નહીં પણ 'જીવનઘડતરલક્ષી' બને એ જરૂરી છે અને એ માટે શિક્ષણને 'કેળવણી' બનાવવાની જરૂર છે. શીખવે તે શિક્ષણ અને કેવળ તે કેળવણી. પીટર માર્શલના શબ્દોમાં "હે પ્રભુ, જ્યારે હું ખોટો હોઉં, ત્યારે મને સુધરવાની વૃત્તિ આપજે, અને જ્યારે હું સાચો હોઉં ત્યારે તેને વળગી રહેવાની શક્તિ આપજે."

## 'કેળવાયેલી' વ્યક્તિ કેવી હોય ?

Arthur H. Compton ને કહ્યું છે તેમ શિક્ષિત વ્યક્તિએ વિચારવું જોઈએ કે –

– Has my education made me a friend of good cause ?

– Has my education made a brother or weak ?

– Do I see anything to love in a little child ?

– Do I enjoy being alone ?

– Do I believe in dignity of Labour ?

– Can I look in to a mud puddle and see the blue sky ?

– Can I go out in night, look in the sky and see beyond the sky ?

– Is my life linked with infinite ?

આવાં ઉદાત્ત ધ્યેયો સિદ્ધ કરવા પ્રોફેશનલ શિક્ષણનો મશીની ઢાંચો નહીં ચાલે. એટલે કેવળ I. Q. (ઇન્ટેલિજન્સ ક્વોશન્ટ) એટલે કે બૌદ્ધિકઆંકવાળા નહીં પણ E Q (ઇમોશનલ ક્વોશન્ટ) ભાવનાત્મક આંક તથા S. Q. એટલે કે (સ્પિરિચ્યુઅલ ક્વોશન્ટ) આધ્યાત્મિક સંસ્પર્શ સજ્જ પ્રોફેશનલ્સની દેશને જરૂર છે અને આ ઉદ્દેશ કેવળ મૂલ્યનિષ્ઠ શિક્ષણથી સજ્જ થયેલા પ્રોફેશનલ્સ જ કરી શકશે.

# સાહિત્યિક અભિલેખાગાર

ભોળાભાઈ પટેલ

'સરસ્વતીચંદ્ર'ની એક પાંડુલિપિ (હસ્તપ્રત) થોડા સમય પહેલાં સાહિત્ય પરિષદના ગ્રંથાલયમાં આવી છે. આ પાંડુલિપિ એના લેખક સ્વયં ગોવર્ધનરામના હસ્તાક્ષરમાં છે. આપણા એક પ્રશિષ્ટ ગ્રંથની પાંડુલિપિ હજી જળવાઈ છે તે સાહિત્યના અભ્યાસીઓ અને સંશોધકો માટે આનંદના સમાચાર છે. ગોવર્ધનરામના હાથે લખેલી બીજી પણ પાંડુલિપિઓ હશે જ – એ બધી ક્યાં છે ? પણ માત્ર ગોવર્ધનરામની જ કેમ, આપણા બધા જ મહત્ત્વના લેખકોની પાંડુલિપિઓ સદ્‌ભાગ્યે ક્યાંક હશે, તો એ ધૂળ ખાતી પડી હશે અથવા તો નષ્ટપ્રાયઃ સ્થિતિમાં હશે. આ બધી પાંડુલિપિઓના 'ઉદ્ધાર'ની સવેળા યોજના ઘડવી રહી; તે માટે એક સભાનતા પણ કેળવવાની જરૂર છે.

પ્રાચીનકાળની કે મધ્યકાળની અનેક હસ્તપ્રતો જેમ નષ્ટ પામી છે, તેમ ગ્રંથભંડારો અને હવે સંશોધનની સંસ્થાઓની કાળજીથી સચવાઈ છે અને વર્ગીકૃત થઈ સંશોધકો માટે ઉપલબ્ધ બની રહી છે. હું અહીં એ વિશે વાત નથી કરતો. વાત હું કરવા માગું છું આધુનિક સમયના આપણા લેખકોની પાંડુલિપિઓની જાળવણીની. મુદ્રણવ્યવસ્થાના આરંભ પછી પાંડુલિપિઓને સાચવી રાખવાની સભાનતા સ્વયં એના લેખકોમાં પણ ઓછી થતી ગઈ છે. દલપતરામ કે નર્મદની કેટલી પાંડુલિપિઓ જળવાઈ હશે ? એ જળવાઈ હોય તો અત્યારે કેવી હાલતમાં છે, ક્યાં છે તે – સાહિત્યના અભ્યાસીઓને જાણવાનાં બહુ સાધનો નથી.

'કુસુમમાળા'ની પાંડુલિપિ છે ? 'ભદ્રંભદ્ર'ની પાંડુલિપિ છે ? 'વસન્તોત્સવ' કે 'ઇન્દ્રકુમાર'ની પાંડુલિપિ છે ? 'પાટણની પ્રભુતા'ની 'ગ્રામલક્ષ્મી'ની, 'ભણકાર'ની, 'શેષનાં કાવ્યો'ની, 'વિશ્વશાંતિ'ની 'કાવ્યમંગલા'ની, 'ગૃહપ્રવેશ'ની – અને એમ તમામ મહત્ત્વના લેખકોની મહત્ત્વની રચનાઓની પાંડુલિપિઓ જ્યાં હોય ત્યાંથી મેળવી એક સાહિત્યિક અભિલેખાગાર (લિટરરી આર્કાઇવ્‌)માં સંગ્રહીત થવી જોઈએ.

સરકારી દસ્તાવેજો કે ઇતિહાસ વિષયક અભિલેખાગારોની વ્યવસ્થા છે, પણ સાહિત્યિક અભિલેખાગારોની આગવી વ્યવસ્થા ઊભી કરવાની જરૂર છે. અલબત્ત, કેટલાંક જાણીતાં ગ્રંથાલયોમાં ઓછેવત્તે અંશે આવી વ્યવસ્થા હોય છે. પરંતુ તે વ્યવસ્થા એટલે પાંડુલિપિઓને એક પોટલામાં બાંધી રાખી લોખંડના કબાટોમાં તે સાચવી રાખવી. પણ આપણા ઉષ્ણકટિબંધવાળા ભૂભાગમાં એમ ક્યાં સુધી સચવાઈ રહેવાની ? પોટલામાં જ તે નષ્ટ થઈ જાય એવી સંભાવના ખરી.

આવાં પોટલાઓનો પણ સવેળા ઉદ્ધાર થાય તો સારું. ઉદ્ધાર એ અર્થમાં કહું છું કે એ બધી સામગ્રીની વ્યવસ્થિત નોંધ થઈ, તે નોંધો પ્રકટ થાય – જેમ પ્રકટ થાય છે જૂની હસ્તપ્રતોની સૂચિઓ. જે મહત્ત્વની પાંડુલિપિઓ નાશ પામવાની અણી ઉપર હોય તેમની માઇક્રોફિલ્મ [સ્કેનિંગ કરી] લેવાની વ્યવસ્થા પણ વિચારી શકાય. ગ્રંથાલયો આ માટે અલગ એકમ ઊભું કરી શકે.

ગ્રંથાલયોમાં તો, સમજોને કે વ્યવસ્થા ના થાય તોયે પોટલામાં પડ્યાં છે – થોડાંક વર્ષો સચવાશે, પણ જે પાંડુલિપિઓ ખાનગી કે અંગત સંગ્રહોમાં છે, તેની જાણકારી પણ થાય તે જરૂરી છે. ઘણી વાર તો લેખકના પરિવારના ઉત્તરાધિકારીઓ એ મૂલ્યવાન સામગ્રી ભણી ઉદાસીન હોય છે, અને તે જતા સમયે રફેદફે થઈ જાય છે. ઘણી વાર કોઈ ઉત્સાહી સાહિત્યસંશોધક ત્યાંથી ઉપાડી લઈ આવે, અને આમ ધીમે ધીમે એ કિંમતી પ્રજાકીય વારસો નષ્ટ પામે, એવું બને.

આ તો થઈ દૂર-નજીકના ભૂતકાળમાં દિવંગત થયેલા લેખકોની પાંડુલિપિઓની વાત. આપણા ઘણા વિદ્યમાન લેખકો સ્વયં પણ પોતાની પાંડુલિપિઓ જાળવી રાખવાની બાબતમાં બહુ માનતા નથી. મુદ્રિત ગ્રંથ ઉપલબ્ધ હોય, પછી પાંડુલિપિની જરૂર શી ? પ્રૂફરીડરોને ત્યાં પણ એ રહી જાય અને છેવટે ઉકલી જાય. સંભવ છે કે તરત આ પાંડુલિપિઓનું બહુ મૂલ્ય ન પણ હોય, પરંતુ આગામી સૈકાઓમાં ભવિષ્યની પેઢી માટે એનું બહુ મૂલ્ય હોવાનું.

પાંડુલિપિઓની જાળવણીની સાથે મહત્ત્વના સાહિત્યકારોના પત્રોની, ડાયરીઓની, અંગત દસ્તાવેજોની જાળવણીનો પ્રશ્ન જોડાયેલો છે. દિવંગત લેખકોના 'અંગત' જીવનમાં ડોકિયું કરવામાં હજી પણ આપણી 'નૈતિકતા' આડે આવે છે, તે ભલે. પણ એમનું એ બધું સાહિત્ય જળવાવું જોઈએ. ગોવર્ધનરામની 'સ્ક્રેપબુકો' આપણને મળી તે કેટલું સારું થયું. નરસિંહરાવની 'રોજનીશી' પ્રકટ થઈ અને તે સાથે આખો યુગ પ્રકટ થયો. બલવંતરાયની શતાબ્દીના વર્ષમાં તેમના કેટલાક પત્રોની પુસ્તિકા પ્રકટ થઈ હતી. (એ બહુ પ્રચાર પામી નથી – એ શોચનીય છે.) જૂના જમાનાની વાત ન કરીએ તોય આજના સમયમાં પણ આપણા સાહિત્યકારોના અનેક અનેક, પત્રો જાળવવાની બાબતમાં સભાનતા ઓછી છે. 'કાન્ત', 'કલાપી' જેવાના પત્રો બાદ કરતાં આપણે ત્યાં પત્ર-સાહિત્ય બહુ જ ઉપેક્ષિત રહ્યું છે. ભવિષ્યમાં પ્રકટ થાય ત્યારે, પણ અત્યારે તો તે સચવાય એ માટેના પ્રયત્નો આદરવા જોઈએ. (થોડા સમય પહેલાં સદ્‌ગત અનિરુદ્ધ બ્રહ્મભટ્ટના પત્રોના સંપાદનનું કામ સદ્‌ગત (વિશેષણ કેટલું દુઃખદ !) ભૂપેશ અધ્વર્યુએ ઉપાડેલું – અત્યંત મનોયોગપૂર્વક. વિધિ વામ થયો. હવે ભૂપેશના પત્રોના સંપાદનનું કામ પણ રહ્યું.)

ડાયરીઓની બાબતમાં પણ, આ જાળવણી થવી જોઈએ. અંગત રાગદ્વેષો તેમાં હોય – વિદ્યમાનોના તેમાં ઉલ્લેખો હોય, તરતના સમયમાં એને પ્રકટ કરવામાં મુશ્કેલીઓ ઊભી થાય, પણ તે જળવાવી તો જોઈએ જ. થોડાંક વર્ષો પહેલાં સુમંત મહેતાએ વર્ષો સુધી લખેલી પોતાની ઘણી ડાયરીઓ જાતે જ અગ્નિને સમર્પિત કરી હતી. સદ્‌ગત જયંતિ દલાલે એને વિશે જાહેર ઊહાપોહ પણ કરેલો. આપણા અનેક જાણીતા લેખકોની ડાયરીઓ, અંગત નોંધો જળવાય તે અત્યંત ઇષ્ટ છે. પ્રકાશન સામે કે અમુક સમય પહેલાં તેનું પ્રકાશન થાય તે સામે તેમને વાંધો હોય તો તેવી શરત સાથે પણ એ સચવાય તે જોવું રહ્યું.

જે-તે પુસ્તકની પહેલી આવૃત્તિની જાળવણી વિશે પણ આમ વિચારી શકાય. લેખકની પાસે પણ પોતાના પ્રકટ પુસ્તકની પહેલી આવૃત્તિની એક પણ પ્રતિ ન હોય એવું બને. એ વિશેની સભાનતા હવે અલબત્ત, કેળવાતી જાય છે. પણ આપણા જૂનાં અતિ મહત્ત્વનાં પુસ્તકોની પહેલી આવૃત્તિની નકલો જ્યાં ત્યાંથી મેળવવાના પ્રયત્નો કરવા રહ્યા. એ માટે પણ જે વ્યવસ્થા વિચારીએ તેમાં આ સાહિત્યિક અભિલેખાગાર જરૂરી બની રહે.

એવો પ્રશ્ન આપણા મોટા સાહિત્યકારોના અંગત ગ્રંથાલયોનો છે. સાહિત્યિક સંશોધકોને

તો એ બાબતમાં રસ હોવાનો કે અમુક સાહિત્યકારના પ્રિય સાહિત્યકારો કોણ હતા ! એનાં પ્રિય પુસ્તકો ક્યાં હતાં ? એ પુસ્તકો બીજે અવશ્ય મળતાં હોય, પણ જે-તે સાહિત્યકારે તેના હાંસિયામાં જે નોંધો લખી હોય, પોતાની પ્રતિક્રિયારૂપ ઉદ્‌ગારો લખ્યા હોય, તેવું પણ તેના મનોજગતને જાણવા માટે મહત્ત્વ છે જ. કેટલાક જાણીતા ગ્રંથાલયોને જાણીતા ગ્રંથકારોના આવા અંગત સંગ્રહો ભેટરૂપે મળેલા છે. તેનો વ્યવસ્થિત ઉપયોગ પણ થતો હોય છે, પરંતુ એ દિશામાં હજી આગળ ઘણું કરવાનું રહે છે. દરેક મોટા જાહેર કે યુનિવર્સિટીના ગ્રંથાલયોમાં આની વ્યવસ્થા થઈ શકે. સાહિત્ય પરિષદના ગ્રંથાલયમાં પણ એને માટે અવકાશ હોઈ શકે.

આપણે સૌ જાણીએ છીએ કે વિદેશમાં પાંડુલિપિઓ કે લેખકોના પત્રો – ડાયરીઓ, દુર્લભ પુસ્તકોની પ્રથમ આવૃત્તિઓનું ઊંચું મૂલ્ય હોય છે. વ્યાવસાયિક રીતે પણ એક પ્રજા તરીકે આપણા સાહિત્યિક વારસાની આ સામગ્રીને જાળવી રાખવાનું આપણું કર્તવ્ય છે. તે માટે એક કેન્દ્રીય સાહિત્યિક અભિલેખાગાર તો હોય જ, પણ તે સાથે દરેક મોટાં ગ્રંથાલયો એવું એક અલગ એકમ પણ સ્થાપી શકે. શાંતિનિકેતનના રવીન્દ્રભવનમાં રવીન્દ્રનાથ પરત્વે આવું એક ઉત્તમ, આદર્શ અભિલેખાગાર છે.

# ભારતીય વિજ્ઞાન પ્રત્યે દૃષ્ટિ

**પૂર્વ અધ્યક્ષ, ભૌતિકશાસ્ત્ર વિભાગ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ**

**પી. સી. પટેલ**

ભારત પાસે એવું શું વિપુલ માત્રામાં છે જેના આધારે વિશ્વ સમક્ષ છાતી ફુલાવી શકે ? જનસંખ્યા એક જ એવું પરિબળ છે. જેને માટે તે ગર્વ (?) લઈ શકે છે. એવી કઈ પ્રવૃત્તિઓ છે જેને માટે સુજ્ઞ નાગરિકનું શિર શરમાઈ જાય ? અલબત્ત, કૌભાંડપ્રવૃત્તિઓ. શું આવી વધુપડતી જનસંખ્યાને મૂડી ગણી શકાય ? ના – જનસંખ્યાને વિશ્લેષણાત્મક રીતે જોવાથી કંઈક વિશેષ જાણકારી પેદા થાય છે અને તે આ રીતે : ભારતની અત્યારે અંદાજે ૧૧૫ કરોડની જનસંખ્યા અંતર્ગત ૨૫ વર્ષથી નાના યુવાનો ૫૪% છે. ૨૦૨૦માં સરેરાશ ભારતીય નાગરિક ૨૯ વર્ષનો હશે, જ્યારે ચીન અને યુ.એસ.નો નાગરિક ૩૫ વર્ષનો, પશ્ચિમ યુરોપનો ૪૫ વર્ષનો અને જાપાનનો ૪૮ વર્ષનો હશે.

ભારતીય વિજ્ઞાન માટેનો, વડાપ્રધાનની વિજ્ઞાનસલાહકાર સમિતિના ૩૨ સભ્યોએ તૈયાર કરેલો દર્શન-દસ્તાવેજ (Vision document) તાજેતરમાં પ્રકાશિત થયો છે. આ દસ્તાવેજના મતે ભરજુવાનીવાળું જૂથ ભારતની જનસંખ્યા માટે મહત્ત્વનું છે. આજે યુવાનોના માત્ર તેર ટકા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે દાખલ થાય છે. તેથી વૈજ્ઞાનિક માનવ-બળ વધારવા માટે હજુ અવકાશ છે. ૪૭ પાનાંના હેવાલમાં “India as a global leader” અંતર્ગત આગામી ૨૦ વર્ષ માટે ભારતીય વિજ્ઞાન શિક્ષણ અને સંશોધન માટે રોડમેપ તૈયાર કર્યો છે.

હેવાલ ભારત સરકારને આગ્રહપૂર્વક જણાવે છે કે દેશમાં શિક્ષણનું સ્તર ઊંચું લાવવું હોય અને તેને શ્રેષ્ઠ ગુણવત્તાવાળું બનાવવું હોય તો ઉત્કૃષ્ટ કોટિના બુદ્ધિશાળી શિક્ષકોને આ ક્ષેત્રમાં ખેંચી લાવવા જોઈએ. વ. પ્ર.ની સલાહકાર સમિતિ મુજબ ''સારા શિક્ષકો મેળવવા સિવાય બીજી કોઈ પદ્ધતિ શિક્ષણમાં યથાર્થ બની શકે નહીં.'' આપણા દેશમાં દુર્ભાગ્યે શિક્ષણ વ્યવસાયને માનની દૃષ્ટિએ જોવામાં આવતો નથી. શિક્ષણના વ્યવસાયમાં ઉત્તમ શિક્ષકોને લાવવા (આકર્ષવા) માટે નવા નવા પ્રયોગો કરવા જરૂરી છે. રાષ્ટ્ર અને સમાજનાં શૈક્ષણિક મૂલ્યો માટે તેમનો કૃતજ્ઞતાથી સ્વીકાર કરે તો 'નવી પેઢી' તૈયાર થાય.

વિજ્ઞાનક્ષેત્રે વિશ્વ-બળ બનવા માટે ભવિષ્યમાં ભારતને કેટલા વિજ્ઞાનીઓની જરૂર પડશે ? Vision document પ્રમાણે એવું વાતાવરણ સર્જવું જોઈએ જેથી ૨૦૨૫માં ઓછામાં ઓછા ૧૫ લાખ સ્નાતકવિજ્ઞાનીઓ, ત્રણ લાખ અનુસ્નાતક વિજ્ઞાનીઓ અને ૩૦,૦૦૦ પીએચ.ડી. તૈયાર થાય. વિજ્ઞાન સંશોધનમાં ભારતનો ફાળો અત્યારે માંડ બે ટકા છે, જે વધીને ૨૦૨૫માં દસ ટકા થાય. ૨૦૦૭માં ૧૯૦૦ પેટન્ટ ફાઇલ તૈયાર થઈ તેની સામે ૨૦૨૦માં દર વર્ષે ૨૦,૦૦૦ થાય.

વિજ્ઞાન માટે બજેટમાં નોંધપાત્ર વધારો ન કરવામાં આવે તો ઉપર્યુક્ત અંદાજિત લબ્ધિઓ પ્રાપ્ત ન થાય. યુ.એસ. નેશનલ સાયન્સ ફાઉન્ડેશનના આંકડાઓને આધારે એશિયાની હાઈ-ટેક નિકાસ વધતી જાય છે, જ્યારે યુ.એસ.ની નિકાસ ઘટતી જાય છે. ગમે તે હોય પણ એશિયાની નિકાસ મહદ્અંશે ચીન, દક્ષિણ કોરિયા અને જાપાનને કારણે છે. આ દેશોએ છેલ્લાં કેટલાંક વર્ષોથી સંશોધન અને વિકાસ (R & D) પાછળ સારું એવું બજેટ ફાળવ્યું છે. જ્યારે ભારતમાં છેલ્લા બે દસકામાં તેનો GDPનો R & D પાછળ ખર્ચવામાં આવતા ફાળામાં વધારો થયો નથી.

આથી વડાપ્રધાનની વિજ્ઞાનસલાહકાર સમિતિ સરકારને વિજ્ઞાન પાછળ બજેટ ૦.૮ ટકાથી વધારીને ક્રમશઃ ૨૦૨૦ સુધીમાં અઢી ટકા કરવું તેમ સૂચવે છે. ઉપરાંત ભારત હાઈટેક નિકાસ સારી રીતે કરી શકે તે માટે વિજ્ઞાન અને ટેક્નૉલૉજી માટે આર્થિક પેકેજ તૈયાર કરવું જોઈએ. તે સાથે યુનિવર્સિટીઓને ટેકો કરવો જોઈએ.

આ હેવાલ નવીનીકરણ (innovations) અને સાહસિકતા (entrepreneurship)ની પ્રવૃત્તિ વિકસાવવા માટેનો દૃષ્ટિકોણ ધરાવે છે. તેથી જ તો કામચલાઉ વ્યવહારોથી ઘણું આગળ વધવું પડશે. જાહેર કંપનીઓએ શરૂઆતમાં માતબર રોકાણ કરી ક્રમશઃ વધારવું જોઈએ.

આ બધું આમ તો રૂપાળું લાગે છે. તે બધું અત્યારે કાગળ ઉપર છે. હેવાલે સત્વરે વાસ્તવિકતા ધારણ કરવી જોઈએ.

## ૨. સંચાર વિજ્ઞાન :

વિજ્ઞાનમાં કેટલાંક હેત્વાભાસ અને જોખમો (ભય) પડેલાં છે. તે છતાં તે માનવજાતિની ભૌતિક પ્રગતિ માટેનું મુખ્ય, ચાલકબળ બની રહ્યું છે. વિજ્ઞાન પોતે એક જ્ઞાન માત્ર છે. પરંતુ ઈસુની છાતીમાં ઠોકી બેસાડેલા ખીલા કે તેમને ઢાળનાર કારીગરનો શું વાંક ? આ જ વાત વિજ્ઞાન અને વિજ્ઞાનીને લાગુ પડે છે. સ્થાપિત હિતોના હાથમાં જતાં, તે દોષિત ઠરે છે.

વિજ્ઞાનની પ્રવૃત્તિમાં કેટલીક જટિલતાઓ રહેલી છે. તેથી માનવસમાજ વિજ્ઞાન જાણકાર અને ન જાણનાર એમ બે ભાગમાં વહેંચાયો

છે. વિશ્વના રાષ્ટ્રોનું આ જ મુદ્દા ઉપર વિભાજન થાય છે. વિજ્ઞાનથી લાભાન્વિત અને બિનલાભાન્વિત. સૂચના પ્રાદ્યોગિક (IT)ના અભ્યુદય સાથે અંકીય વિભાજકે (Digital Divider તે એક પ્રકારની અંકીય કમ્પ્યૂટર સાથે સંકળાયેલી પ્રયુક્તિ છે) તેની ભૂમિકા શરૂ કરી દીધી છે. આથી વિજ્ઞાન સંચાર સમૂહોને સશક્ત કરવા માટેનું સબળ સાધન બન્યું છે.

આજે જનનીય રૂપાંતરિત (genetically modifie) અન્ન-આહાર, સ્રોત કોષ (Stem cell) ટેક્નૉલૉજી અને ન્યૂક્લિયર ઊર્જા વિવાદના એરણ ઉપર છે. તેમાંથી સારાં અને નરસાં એમ બે પ્રકારનાં પરિણામો સંભવે છે. વિજ્ઞાન અને ટેક્નૉલૉજી માણસને આ બધી પરિસ્થિતિ અને માહિતીની જાણકારી આપી શકે છે. વિજ્ઞાન સંચારથી નાગરિકોમાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને મિજાજ કેળવાતો જાય છે. લોકો અંધશ્રદ્ધામાંથી બહાર નીકળતા થયા છે. સમુદ્રજળ એકાએક મધુર બને. લાકડાની મૂર્તિમાંથી મધ ઝરે અને મૂર્તિ દૂધ પીએ, તેવી બાબતો હવે લોકો એકદમ માની લેતા નથી. આવું બને ત્યારે વિજ્ઞાનના સંચારકની ફરજ બને છે કે આવી બિનાધારિત માન્યતાઓનો ઘટસ્ફોટ કરે. આવું ત્યારે જ બને જ્યારે દેશના નાગરિકો વિજ્ઞાનના સંસ્કારોથી ઘડાય. ડગલેને પગલે પૃચ્છા કરતા રહે તો સર્વાંગી વિકાસની શક્યતાઓ વધે.

પૂર્વ રાષ્ટ્રપતિ અબ્દુલ કલામે તાજેતરમાં ભારપૂર્વક જણાવ્યું છે કે વિજ્ઞાન-સંચારમાં એટલી બધી તાકાત છે જે સમાજમાં વિજ્ઞાનના અભાવથી પેદા થયેલી અસમતુલા દૂર કરી શકે. તે રીતે રાષ્ટ્રમાં સુખ અને સમૃદ્ધિ લાવી શકે. સામાજિક પરિવર્તન માટે વિજ્ઞાન-સંચાર શક્તિશાળી મૂડી છે. વિજ્ઞાનની વિભાવનાઓને પ્રજાની છેલ્લી વ્યક્તિ સુધી પહોંચાડવાનો સમય પાકી ગયો છે. વધુમાં તેમણે જણાવ્યું કે વિજ્ઞાન સંચારકોની ભૂમિકા સંચારની પટપહોળાઈ સુધી મર્યાદિત ન રહેતાં તે કલ્પનાની પટપહોળાઈ સુધી પહોંચવી જોઈએ.

આ બધા સાથે ડૉ. કલામે વિશિષ્ટ રીતે જણાવ્યું કે અંતઃપ્રેરણા જગાડે (જન્માવે) તેવા શિક્ષકો-અધ્યાપકોની આવશ્યકતા છે. સક્ષમ વિજ્ઞાનશિક્ષક સારો વિજ્ઞાન સંચારક અને પ્રેરક બની શકે છે. આ સાથે વિજ્ઞાનમાં રહેલું સૌંદર્ય (તત્ત્વ) યુવાનોમાં વિક્ષેપ (inject) કરવું જરૂરી છે. દૃષ્ટાંત આપતાં તે કહે છે કે દસ વર્ષની વયે તેમને તેમના ભૌતિકવિજ્ઞાનના શિક્ષક તરફથી પ્રેરણા મળેલી જેને આધારે તેઓ વિમાનવિદ્યા (aeronautics) પ્રત્યે આકર્ષાયા તે પ્રેરણાથી જ તેઓ રોકેટ-વિજ્ઞાન અને અવકાશ-વિજ્ઞાન કાર્યક્રમમાં પ્રવૃત્ત થયા અને સફળ થયા.

આવનારાં ત્રણ-ચાર વર્ષમાં દેશભરમાં વિવિધ ભાષાઓના સંખ્યાબંધ વિજ્ઞાન સંચારકો થાય તેવું આયોજન કરવાની જરૂરિયાત છે. તેમણે વધુમાં જણાવ્યું કે Discovery, National geography જેવી વૈજ્ઞાનિક માહિતી આપતી ચેનલો, આપણા દેશની પરિસ્થિતિને ધ્યાન રાખી તેને અનુરૂપ કરવી જોઈએ. તેનાથી વિશાળ પટ ઉપર નવીનીકરણ, સંશોધન અને રસદાયક વૈજ્ઞાનિક ઘટનાઓને આવરી લે. આવી ચેનલો બાળકોમાં લોકપ્રિય બને તેવું પ્રોત્સાહક અને સ્પર્ધાત્મક આયોજન કરવું જરૂરી છે.

**('અભિદૃષ્ટિ' નવેમ્બર, ૨૦૧૧,**
**પૃ ૭-૯માંથી સાભાર)**

# ગ્રંથસૌરભ

## ગુજરાતની શિક્ષણવિભૂતિઓ; ગુજરાતનાં શિક્ષણતીર્થો; ગુજરાતનું શિક્ષણાવલોકન

**લેખન-સંપાદન : ડૉ. ભદ્રાયુ વછરાજાની**

પ્રકાશક : ગૂર્જર પ્રકાશન, 2011. 8, 380; 120; 226 પૃ. -કિં. 275/-; 100/-; 150/-

ISBN : 978-81-8461-560-9; 978-81-8461-561-6; 978-81-8461-559-3




બાલ્યવયમાં જ જેણે રમકડાં ત્યજીને પુસ્તકો સાથે ગોઠડી કરી હોય, યુવાવયે બરોડા બૅંકની નોકરી સ્વેચ્છાએ ત્યજીને શોખથી પ્રાથમિક શિક્ષકનો વ્યવસાય અપનાવ્યો હોય અને પૂરા ખંતથી અધ્યયનશીલ બનીને સ્વબળે ઉચ્ચ શિક્ષણના ટોચના સ્થાને બિરાજતા હોય અને કર્મયોગે ભારતભરની અને સવિશેષતઃ ગુજરાતની શિક્ષણવિભૂતિઓનું સાન્નિધ્ય પ્રાપ્ત થયું હોય તેવા 'તેજસ્વી અને ઓજસ્વી શિક્ષણકાર' ડૉ. ભદ્રાયુ વછરાજાનીને સમીક્ષિત ગ્રંથત્રયીના લેખન-સંપાદનનાં સપનાં ન આવે, ઉમળકો ન છલકે તો જ આશ્ચર્ય ગણાય ! પરંતુ, સાનંદ નોંધવું ઘટે કે એક જાગરૂક અને ચિંતનશીલ શિક્ષક-પ્રશિક્ષક તથા પ્રશાસક તરીકે વ્યાવસાયિક ઋણ અદા કરવાની કર્તવ્યનિષ્ઠ ભાવના સાથે ગુજરાત રાજ્યની સ્થાપનાની સુવર્ણજયંતીની ઉજવણી પ્રસંગે. ગુજરાતની અપ્રતિમ પ્રગતિના આધારસમા ગુજરાતના શિક્ષણનાં પચાસ વર્ષોના આકલન સંબંધી પ્રસ્તુત ગ્રંથત્રયીનું લેખન-સંપાદન અને આયોજન અભિનંદનનું અધિકારી બની મહોરી ઉઠયું છે. આ ગ્રંથત્રયીના ત્રણ સ્તંભો છે : ૧. ગુજરાતની શિક્ષણવિભૂતિઓ ૨. ગુજરાતનાં શિક્ષણતીર્થો, અને ૩. ગુજરાતનું શિક્ષણાવલોકન. પ્રસ્તુત ગ્રંથત્રયી ગુજરાતની શિક્ષણયાત્રાનાં પ્રાયઃ ૧૦૦ વર્ષની અધ્યયન-સંશોધન તેમજ તેના પાયાની શિક્ષણવિભૂતિઓ-શિક્ષણતીર્થોના અંતઃસ્થલમાં ડોકિયું કરવા અને તેમનાં તપઃ પૂત ચીંધેલા માર્ગે ગુજરાતના ભાવિ શિક્ષણનો માર્ગ પ્રસ્તુત કરવા માટે અનિવાર્યપણે દિશાસૂચક બની રહેશે.

'ગુજરાતની શિક્ષણવિભૂતિઓ'માં ગુજરાતના શિક્ષણક્ષેત્રના ૩૭ ધ્રુવતારકો – શ્રી નાનાભાઈ ભટ્ટથી શરૂ કરી શ્રી સામ પિત્રોડા સુધીનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ પૈકી ક્રમનંબર ૧થી ૨૭ સુધીના દિવંગત છે. અહીં સમાવિષ્ટ શિક્ષણકારો ગુજરાતના શિક્ષણક્ષેત્રની વંદનીય વિભૂતિઓ તો છે જ, પરંતુ સાથે સાથે શિક્ષણ ઉપરાંત પોતપોતાના વિવિધ વિષય-રસ ક્ષેત્રમાં પણ તેટલા જ ગૌરવના અધિકારી છે. આ પૈકીની કેટલીક વિભૂતિઓ ગુજરાતના સીમાડા બહાર ભારત અને આંતરરાષ્ટ્રીય સ્તરે શિક્ષણ અને પોતપોતાની રસ-રુચિના ક્ષેત્રે ખ્યાતિપ્રાપ્ત છે, ઉદાહરણ તરીકે ભાઈકાકા, ડોલરરાય માંકડ, ઉમાશંકર જોશી, પી.સી. વૈદ્ય, ડૉ. વિક્રમ સારાભાઈ, ડૉ. પંકજ જોશી, રામલાલ પરીખ, ડૉ. કિરીટ જોશી,

ડૉ. રવીન્દ્ર દવે, એમ.બી. બુચ, સામ પિત્રોડા વગેરે એન્જિનિયર, પ્રાચ્યવિદ્યાવિદ્, કવિ-સાહિત્યકાર, ગણિતશાસ્ત્રી, વૈજ્ઞાનિક, શિક્ષણશાસ્ત્રી, ટેકનોક્રેટ વગેરે તરીકે. આ બધી વિભૂતિઓનું જીવનદર્શન, ચિંતન, વ્યવહાર અને પ્રદાન તેના વાચક માટે દીવાદાંડીની ગરજ સારે તેવું સત્વશીલ છે. સમાજ-રાષ્ટ્રના વિકાસમાં શિક્ષણની અનિવાર્યતાને આત્મસાત કરીને તેમણે પોતાનું આયખું શિક્ષણના પ્રચાર-પ્રસાર માટે પસાર કર્યું છે.

આ બધા ચરિત્રનાયકો પૈકી શિક્ષણના 'મહંત' શ્રી નાનાભાઈ ભટ્ટ, બાળશિક્ષણના અગ્રદૂત અને 'બાલસાહિત્યના બ્રહ્મા' શ્રી ગિજુભાઈ બધેકા, વેડછીનો વડલો જુગતરામકાકા, શિક્ષકનો આત્મા સમાન મૂળશંકરભાઈ, વિદ્યાનગરના વિશ્વકર્મા ભાઈકાકા, ઘરશાળાના પ્રણેતા હરભાઈ, શારદાગ્રામના શિલ્પી મનસુખભાઈ જોબનપુત્રા, રાષ્ટ્રીય કેળવણીકાર શ્રી મગનભાઈ દેસાઈ, બાળકેળવણીનાં તપસ્વિની શ્રી તારાબેન મોડક, કેળવણીનું જીવનવૃક્ષ અને પૌર્વાત્યવિદ્ ડૉ'કાકા, લોકાભિમુખ કેળવણીનું ઝગમગતું કોડિયું એવા શ્રી મનુભાઈ પંચોળી અને ગ્રામાભિમુખ લોકવિજ્ઞાની શ્રી અરુણભાઈ તો આપણી ઋષિકુળ પરંપરાના નીતર્યાં નીર જેવા પ્રતિનિધિઓ છે. તેમણે તો ગાંધીજીવન દર્શનને અણીશુદ્ધ રીતે આચરણમાં મૂકી બતાવ્યું છે. ગર્ભશ્રીમંત પરિવારનાં ઇન્દુમતીબહેન શેઠની સાદગી અને સહૃદયતા અનન્ય! તેમણે શિક્ષણમંત્રી તરીકે મળેલ સરકારી ગાડી અને ફોનનો ઉપયોગ ચુસ્તપણે સરકારી કામે જ કર્યો! પરભવના પિતરાઈ સમાન શ્રી નરસિંહભાઈ ભાવસારએ આદિવાસીઓની સેવા કાજે કરેલ ગૃહત્યાગ મહાભિનિષ્ક્રમણની યાદ તાજી કરાવે તેવો છે. શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક આઈ.એ.એસ. અધિકારી – બ્યૂરોક્રેટ, પરંતુ હાડે શિક્ષકનો જીવ. કુલપતિપદને ગરિમા તો અપાવી અને સાથે સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે અનેકવિધ નવપ્રસ્થાનો અમલમાં મૂકી આપ્યાં. ડૉ. દાઉદભાઈ ઘાંચી સતત અધ્યયન-અધ્યાપન-સંશોધન-લેખન દ્વારા અધ્યાપકનો આદર્શ પ્રસ્તુત કરી રહ્યા છે. 'University News'માં તેમની સતત ઉપસ્થિતિ તેનું પ્રમાણ દર્શાવે છે. આંતરરાષ્ટ્રીય ભૌતિકવિજ્ઞાની-ગણિતજ્ઞ વૈદ્યસાહેબને પામવા માટે 'પસ્તીનાં પાનાં' અને 'ચોક અને ડસ્ટર' વાંચવાં જ રહ્યાં! ગુજરાત અને દેશનું ગૌરવ એવા પ્રતિભાસંપન્ન શિક્ષણવિદ્ I.A.S. (૧૯૫૫) અને અરવિંદદર્શનના પ્રખર અભ્યાસી કે જેમની નાડ પારખીને સ્વ. ઇંદિરા ગાંધીએ ભારત સરકારના શિક્ષણ સલાહકાર તરીકે નિયુક્ત કર્યા હતા તેવા ડૉ. કિરીટભાઈ જોશીથી ગુજરાત પ્રાયઃ અનભિજ્ઞ રહ્યું છે. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈએ તેમને નિમંત્ર્યા પણ સુસ્વાસ્થ્યના અભાવે લાંબી સેવાઓ ન લઈ શકાઈ. અહીં ડૉ. વછરાજાનીના કેમેરામાં તેમનું ચિત્ર ઝિલાયું છે તે લેખકની વિચક્ષણ દૃષ્ટિનું દ્યોતક છે. અધ્યયનશીલ અધ્યાપક, સંશોધક અને 'ગુજરાતી વિશ્વકોશ'ના પ્રણેતા-સંપાદક શ્રી ધીરુભાઈ ઠાકરની બહુમૂલ્ય સેવાઓ સદૈવ અવિસ્મરણીય રહેશે. આ બધાં જ ચરિત્રોનું શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ દ્વારા ભરપૂર પયપાન થાય તેવા પ્રયાસો આવકાર્ય બની રહેશે.

આ બધાં ચરિત્રાંકનોની એક નોંધપાત્ર બાબત એ છે કે તેના ચરિત્રકારો ચરિત્રનાયકના પ્રાયઃ સીધા સંપર્કમાં રહ્યા છે, તેમની સાથે સાહચર્ય કેળવ્યું છે, જીવન જીવ્યું છે કે જેમણે તેમના વિદ્યાર્થી અથવા વિદ્યાર્થી અને સહકાર્યકર અથવા સહકાર્યકર તરીકે ઠીક ઠીક વર્ષો ગાળ્યાં છે. અહીં ચરિત્રનાયકની આદર્શ છબિ ઊભી કરવાના ખ્યાલના સ્થાને વાસ્તવનું યથાતથ ચિત્રણ જોવા મળે છે. પરિણામસ્વરૂપે આ બધાં ચરિત્રાંકનો

અનુભૂત જીવન-ચિંતન સમા દસ્તાવેજી ગ્રંથની ગરજ સારે તેવાં બની ઊઠ્યાં છે. આ પાછળનું મુખ્ય કારણ ચરિત્રલેખકોની યથાયોગ્ય પસંદગી છે. ચરિત્રલેખકો પણ પોતાની આગવી ઓળખ ધરાવનારી પ્રતિભાઓ છે, ઉદા. તરીકે મોતીભાઈ પટેલ, મગનભાઈ પટેલ, પી.જી. પટેલ, મણિલાલ હ. પટેલ, મનસુખ સલ્લા, વિનોદ ભટ્ટ, ઈશ્વર પરમાર, સંજય ભાવે, ભદ્રાયુ વછરાજાની, પ્રીતિ શાહ વગેરે.



'ગુજરાતનાં શિક્ષણ-તીર્થો'માં પસંદગીની વૈવિધ્ય-સભર ૩૫ શિક્ષણસંસ્થાઓ – શિક્ષણતીર્થો – કે જેમાં ઘરશાળાથી શરૂ કરીને યુનિવર્સિટી સુધીની શિક્ષણ-સંસ્થાઓ, પ્રયોગશાળાઓ, સંશોધનકેન્દ્રો, કેળવણીમંડળો વગેરેને આવરી લેવામાં આવ્યાં છે. બીજા શબ્દોમાં કહીએ તો ૨૦મી સદીથી ૨૧મી સદીના પ્રથમ દશકા સુધી સ્થપાયેલ બુનિયાદી શિક્ષણથી અદ્યતન ટેકનોલોજીકલ સુધીની પ્રતિનિધિ સંસ્થાઓ સમાવિષ્ટ છે. જેમ કે પરંપરાગત શિક્ષણની સંસ્થાઓ પૈકી સાંદીપનિ વિદ્યાનિકેતન, લોકભારતી અને નઈ તાલીમની લોકશાળાઓ, વિદ્યાપીઠ વગેરે, ઉચ્ચ શિક્ષણની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પૈકી IIM, NID, MICA, DAIICT, NIRMA, CEPT, PDPU, MSU વગેરે તો બીજી બાજૂ આ પ્રકારની વિદ્વત્ સંસ્થાઓની સ્થાપના કરનાર દૃષ્ટિસંપન્ન કેળવણીમંડળો જેમકે અમદાવાદ એજ્યુકેશન સોસાયટી, ચારુતર વિદ્યામંડળ અને સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી નો સમાવેશ લેખકની વ્યાપક અને દીર્ઘદૃષ્ટિનાં પરિચાયક બની રહે છે. પસંદ કરાયેલ પ્રત્યેક સંસ્થા ગુજરાતનું ગૌરવશિખર છે અને આ બધી સંસ્થાઓનું ગુજરાતના શિક્ષણ અને સંસ્કાર ઘડતરમાં મૂલ્યવાન પ્રદાન રહ્યું છે. લેખકે આટલી વિશાળ સંખ્યામાં એકી સાથે શૈક્ષણિક તીર્થો સંબંધી માહિતી એકઠી કરીને સુગ્રથિત સ્વરૂપે પ્રસ્તુત કરીને ખરા અર્થમાં ગુજરાતનાં શિક્ષણતીર્થોની પુણ્યદાયી યાત્રા કરાવી છે. લેખકનો 'મા સરસ્વતી નદીના કિનારે પાંગરેલાં શિક્ષણતીર્થોની જાત્રા કરાવવાનો ઉમદા ઉદ્દેશ' પૂર્ણતઃ પરિપૂર્ણ થયો છે.

અહીં સમાવિષ્ટ પ્રત્યેક સંસ્થા-તીર્થનો લાઘવતાપૂર્ણ સ-રસ ક્વચિત આંખે દેખ્યા અહેવાલ સમ પરિચય આપવામાં આવ્યો છે, જેમાં સંસ્થાની સ્થાપનાનો ઇતિહાસ, હેતુઓ, ઉપલબ્ધિઓ, સંસ્થાપકોનો પરિચય, અભ્યાસક્રમો, Vision and Mission, વિદેશની અન્ય યુનિવર્સિટીઓ કે સંસ્થાઓ સાથેનાં જોડાણો, સંસ્થાના ગૌરવરૂપ અધ્યાપકો અને છાત્રધન, ઉદાહરણસ્વરૂપ કર્ણધારો, પરિસર, ભવનનો ફોટોગ્રાફ, પ્રતીકચિત્ર, સંસ્થાપક કે પ્રેરકનો ફોટો, ઈ-મેઈલ એડ્રેસ, વેબસાઈટ, ફોન નંબર વગેરે વિગતો આપવામાં આવી છે. જો કે પત્રવ્યવહાર ઇત્યાદિ વિગતો સમાન રીતે આપવામાં આવી છે. પરંતુ બાકીની બધી વિગતો પ્રત્યેક સંસ્થા માટે સમાન ધોરણે આપવામાં આવી નથી. ઉદા. તરીકે DAIICTના વર્ણનમાં તેના પરિસરમાં ૨૫૬૬ દેશી વૃક્ષો, ૩૯૦૦ સ્કે. મીટર સેંટ ઓગસ્ટીન ઘાસ, ૫૦,૦૦૦ સ્કે. મીટર લોન વગેરેની માહિતી તથા ફીનું રૂ. ૨૦થી ૩૩ હજાર સુધીનું ધોરણ, નિરમા યુનિવર્સિટીના ડાયરેક્ટર અને કુલસચિવનાં નામોનો ઉલ્લેખ તથા ઉચ્ચ કાર્યવાહક મંડળના સભ્યોની યાદી, NIFTનાં અન્ય યુનિવર્સિટીઓ સાથે MOUની યાદી વગેરે વગેરે અન્ય સંસ્થાઓની આ પ્રકારની માહિતી જોવા મળતી નથી. પ્રત્યેક સંસ્થાની વિવિધ માહિતીની વિગતોના વ્યાપમાં

એકસૂત્રતા અને સમાન ધોરણ અપેક્ષિત હોઈ વિશેષ આવકાર્ય બની રહેત. આ ઉપરાંત એક અન્ય ધ્યાનપાત્ર બાબત એ કે અહીં ઉત્તર ગુજરાત (નઈ તાલીમની લોકશાળાઓ અંતર્ગત 'વિશ્વમંગલમ' અનેરાનો સંક્ષેપમાં પરિચય બાદ કરતાં) અને કચ્છની પસંદગીની શિક્ષણ સંસ્થાઓનો સમાવેશ કરવામાં આવ્યો હોત તો સમગ્ર ગુજરાતના શિક્ષણની વિકાસગાથાનું અખિલાઈભર્યું ચિત્ર સુપેરે ઊપસી આવત. ઉત્તર ગુજરાતમાં પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી (૧૯૧૯), નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, પાટણ-મુંબઈ અને શ્રી વિવિધલક્ષી વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર-મુંબઈ ગુજરાત સ્તરે છવાયેલી યાદગાર સંસ્થાઓ છે. કચ્છમાં રાજાશાહીમાં 'બ્રજભાષા પાઠશાળા' અનેકવિધ દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ સંસ્થા હતી. હાલમાં માંડવીમાં આર. ડી. ટ્રસ્ટ (૧૯૦૯) અને ભૂજમાં શેઠ ગોકુળદાસ તેજપાળ હાઈસ્કૂલ(૧૮૯૦)ના ટ્રસ્ટોની શૈક્ષણિક સેવાઓ કચ્છ પ્રદેશ માટે વિશેષ ઉલ્લેખનીય છે. શિક્ષણ સંસ્થાનું હાર્દ તેનું ગ્રંથાલય ગણાય છે. ગ્રંથાલયની સમૃદ્ધિ જ તેના માપદંડનો આંક દર્શાવે છે. આમ છતાં માત્ર એકાદ-બે સંસ્થાઓના ગ્રંથાલયોના અછડતા ઉલ્લેખો બાદ કરતાં ગ્રંથાલયો વિશે મૌન સેવવામાં આવ્યું છે. ગ્રંથમાં ફીલર તરીકે શિક્ષણચિંતન વિષયક કણિકાઓ ધ્યાનાર્હ બની રહે છે. પરંતુ તેના સર્જકોનાં નામ કેમ અહીં વિસારે પાડી દીધાં હશે તે સમજાતું નથી. ક્વચિત માહિતી કે મુદ્રણદોષ ડોકાય છે, જેમ કે '૧૯૯૪માં ભારતના તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. ઝાકીર હુસેને અહીં આવી કબૂલાત કરી કે'.... (પૃ. ૧૦૮). હકીકતમાં ડૉ. ઝાકીર હુસેન તા.૧૩-૫-૧૯૬૭થી ૩-૫-૧૯૬૯ સુધી જ ભારતના રાષ્ટ્રપતિ હતા. DA-IICT એ Full Fledge State University છે (પૃ. ૫૦) હકીકતમાં આ યુનિવર્સિટી Private University ગણાય. રાજ્ય સરકારના અનુદાનથી નભતી યુનિવર્સિટી જ સ્ટેટ યુનિવર્સિટી ગણાય, નાનાભાઈ ભટ્ટનું અવસાન વર્ષ (પુસ્તક-૧, પૃ.૧૯) વગેરે.




'ગુજરાતનું શિક્ષણાવલોકન' ગુજરાતના શિક્ષણ-ક્ષેત્રની વિકાસરેખા શબ્દોના સથવારે' અને 'આંકડાઓની આંગળીએ' પ્રસ્તુત કરે છે. ગ્રંથના પૂર્વાર્ધમાં ગુજરાતના શિક્ષણની વિકાસ-રેખા વર્ણવામાં આવી છે. ગ્રંથારંભે રજની વ્યાસ કૃત 'અમારો ગુણિયલ ગૂર્જરદેશ'માં ગુજરાતની વિભૂતિઓના અસાધારણ વ્યક્તિત્વ અને અનુકરણીય ઉદાત્ત કાર્યોની સુપરે ઝાંખી કરાવવામાં આવી છે. ત્યાર બાદ ભારત અને ગુજરાતમાં પ્રાચીનકાળથી ૨૦મી સદીના અંતસુધીના શિક્ષણનું અધિકૃત વિહંગાવલોકન કરાવવામાં આવ્યું છે. ડૉ. ચંદ્રકાન્ત મહેતાએ ગુજરાતનાં ૫૦ વર્ષોના શિક્ષણનું સરવૈયું રજૂ કરીને પ્રાયઃ છેલ્લા બે દશકા દરમ્યાન ઠેર ઠેર શિક્ષણની હાટડીઓની સ્થાપના, 'ઘડતરલક્ષી'ને બદલે 'મળતરલક્ષી' સંચાલકોની ઊભી થતી ફોજ, વ્યાપ વધવાની સાથે ઊંડાણ અને સત્વનો ઘટાડો, અધ્યાપકોનાં તપ અને તેજમાં થઈ રહેલો ઘટાડો, વિશ્વવિદ્યાલયોમાં વધતું જતું રાજકારણ વગેરે વિશે ઊંડી ચિંતા સેવી છે. હરેશ ધોળકિયાએ કચ્છમાં શિક્ષણના છ દાયકાની ઝીણી ઝીણી વિગતો રજૂ કરી છે. પ્રાયઃ બાકીનાં બધાં જ પ્રકરણો ડૉ. ભદ્રાયુ વછરાજાની દ્વારા સાધાર અને ખંતપૂર્વક તૈયાર કરવામાં આવ્યાં છે. જેમાં સૌરાષ્ટ્રમાં શિક્ષણ,

પ્રાથમિક શિક્ષણ, ગુણવત્તાસભર શિક્ષણ અભિયાન, પાઠ્યપુસ્તક મંડળની વિકાસગાથા, આઈટી શિક્ષણ, શિક્ષણ અને ખેલકૂદ, સાક્ષરતા અભિયાન, શિક્ષણક્ષેત્રે વર્ષ ૨૦૦૦માં સેવેલું સ્વપ્ન, સ્વર્ણિમ વર્ષે શિક્ષણની હરણફાળ વગેરે. ગુજરાતના સામ્પ્રતકાલીન શિક્ષણના ઇતિહાસ માટે આ બધી માહિતી સંશોધકીય અભિગમથી આંકડાકીય આધારો સાથે રજૂ કરવામાં આવી હોવાથી ખૂબ જ ઉપયોગી બની રહે છે. પ્રવર્તમાન પરિસ્થિતિનું દસ્તાવેજીકરણ એ લેખકની દીર્ઘદષ્ટિ અને સૂઝબૂઝનાં દર્શન કરાવે છે.

ગ્રંથના ઉત્તરાર્ધમાં ગુજરાતની શિક્ષણ વિષયક આંકડાકીય માહિતી અધિકૃત સ્રોતોના આધારે સુનિયોજિત રીતે પ્રસ્તુત કરવાં આવી હોવાથી સંશોધકોને એક વિશ્વસનીય સ્રોત તરીકે ભારે ઉપકારક બની રહેશે. અહીં ગુજરાતની ભૌગોલિક માહિતી, વસ્તીદર, ભારતીય સ્તરે શિક્ષણના લઘુત્તમ, મહત્તમ અને સરેરાશ સૂચકાંક અને તેમાં ગુજરાત ક્યાં ?, GAPમાં વિષયવાર સિદ્ધિ, જિલ્લાવાર અને જાતિવાર સાક્ષરોની સંખ્યા અને દર, ગ્રામ્ય શહેરી સાક્ષર દર, SC અને ST સાક્ષરતા દર, IEDC શિક્ષણનાં વિવિધ પાસાંઓ જેમ કે શિક્ષણના સ્તર અને જિલ્લા અનુસાર શિક્ષણસંસ્થાઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને તેમની જાતિ, પરીક્ષાઓનાં પરિણામો, ડ્રોપ આઉટ રેટ વગેરે સંબંધી પ્રાયઃ છેલ્લા દશકાની (૨૦૦૧-૨૦૧૦) તો ક્વચિત ૨૦૦૬-૨૦૦૭ના સ્રોતના આધારે આંકડા આપવામાં આવ્યા છે. જો કે ક્વચિત આંકડાના સ્રોતના નામની સાથે વર્ષ (ઉદા. તરીકે પૃ. ૧૬૦, ૧૭૪-૧૮૪) તો ક્વચિત સ્રોતનો જ ઉલ્લેખ (પૃ.૨૧૩-૨૧૭, ૨૧૯-૨૨૩) છૂટી ગયો છે. ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રીઓની યાદી(પૃ.૨૧૮)માં કેટલાંક નામો જેમકે શ્રી ભરત બારોટ, ડૉ. માયાબેન કોડનાની અને શ્રી વસુમતીબહેન ત્રિવેદીનો સમાવેશ જોવા મળતો નથી. ગુજરાતની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની વિગતો પ્રાયઃ બે વર્ષ (તા. ૧-૮-૨૦૦૯) પૂર્વેની છે. સમગ્રતયા પ્રસ્તુત ગ્રંથત્રયી ગુજરાતની ૩૭ શિક્ષણવિભૂતિઓનાં જીવન અને પ્રદાન, ગુજરાત અને દેશની ગૌરવરૂપ મહત્ત્વપૂર્ણ ૩૫ શિક્ષણસંસ્થાઓ અને ગુજરાતની અર્ધશતાબ્દીના શિક્ષણના ઇતિહાસ માટે અને સવિશેષતઃ છેલ્લા બે-ત્રણ દશકાઓની પ્રગતિની વિસ્તૃત જાણકારી માટે જિજ્ઞાસુઓ અને સવિશેષતઃ શિક્ષણશાસ્ત્રના અભ્યાસીઓ અને સંશોધકો માટે પ્રમુખ આધારસ્રોત બની રહેશે.

– **મણિભાઈ પ્રજાપતિ**

## રોગીને સવાલ

*રક્તપિત્તનો એક રોગી રસ્તામાં બેસી હાથ લાંબો કરી ભિક્ષા માગી રહ્યો હતો. તેને બે પૈસા આપતાં એક જુવાને પૂછ્યું કે, "ભાઈ, તારું શરીર રોગથી લગભગ ખલાસ થવા આવ્યું છે, અને તારી ઇંદ્રિયોનો બરાબર ઉપયોગ કરવાની શક્તિ પણ તારામાં રહી નથી, તો પછી આટલું કષ્ટ વેઠીને જીવવાની પીડા શીદને ભોગવી રહ્યો છે ?"*

*રોગીએ ઉત્તર આપ્યો, "આ સવાલ કદીક કદીક મારા મનને પણ સતાવે છે ને તેનો જવાબ મને જડતો નથી. પણ કદાચ હું એટલા માટે જીવી રહ્યો હોઈશ કે મને જોઈને માનવીને ખ્યાલ આવે કે તે પોતે પણ ક્યારેક મારા જેવો બની શકે છે, એટલે સુંદર દેહનું અભિમાન રાખવા જેવું નથી તે સમજે."*

# સંસ્થા-વૃત્ત

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### કાનૂની માર્ગદર્શન શિબિર

ફેકલ્ટી ઑફ એજ્યુકેશન (કે.એસ.વી.), જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ તેમજ ગાંધીનગર શહેર વસાહત મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૩૦-૧૧-૧૧ના રોજ કાનૂની માર્ગદર્શન શિબિર યોજાઈ ગઈ. જેમાં ફેકલ્ટી ઑફ એજ્યુકેશનના વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજના તાલીમાર્થીઓ અને અધ્યાપકો હાજર રહ્યા હતા. ડિસ્ટ્રીક્ટ જજ શ્રી જી. કે. ઉપાધ્યાય સાહેબ, મેજિસ્ટ્રેટ શ્રી બારોટ સાહેબ અને એડવોકેટ શ્રી રસીલાબેને રક્ષણ અંગેના કાયદા, ઘરેલુ હિંસા, સ્ત્રીઓ અને બાળકોના અધિકારો વગેરેની કાયદાકીય માહિતી આપી હતી.

### ટાટ(TAT)ના નિઃશુલ્ક વર્ગો

એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન અને વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના ભૂતપૂર્વ તાલીમાર્થીઓને ટાટના અભ્યાસક્રમ પ્રમાણે પ્રશ્નપત્ર–૧ અને ૨ માં વિષય સજ્જતા કેળવવાના હેતુથી નિઃશુલ્ક વર્ગોનું આયોજન કરવામાં આવેલ છે.

### NAAC એક્રિડિટેશન

ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરનું તાજેતરમાં તા. ૧૩થી ૧૫ ઑક્ટોબર, ૨૦૧૧ દરમ્યાન નેક દ્વારા પુનર્મૂલ્યાંકન કરવામાં આવ્યું. આ પુનર્મૂલ્યાંકન વખતે ત્રણ સભ્યોની ટીમ દ્વારા નેકના સાત માપદંડો જેવા કે કૉલેજમાં શીખવવામાં આવતા કોર્સિસ, અધ્યયન-અધ્યાપનની તથા પરીક્ષાની પદ્ધતિઓ, સંશોધન, સામાજિક કાર્યો, કોલેબોરેશન્સ, શિક્ષણ માટેની ભૌતિક સુવિધાઓ, સંચાલન વ્યવસ્થા, વિદ્યાર્થિનીઓને અપાતી સહાય અને શિક્ષણમાં નવીનીકરણ જેવા મુઆઓને ધ્યાનમાં રાખવામાં આવે છે. જેમાં આ કૉલેજને તા. ૩૦-૧૧-૨૦૧૧ના રોજ ૩.૨૧ના CGPA સાથે નેકનો સર્વોચ્ચ ગ્રેડ–'A' એનાયત કરવામાં આવ્યો છે. NAAC દ્વારા તેના છેલ્લા ગાળામાં પુનર્મૂલ્યાંકન કરાયેલ સમગ્ર ભારતની કુલ ૮૩ કૉલેજોમાંથી ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજે સાતમું સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે ગુજરાત રાજ્યમાં NAAC દ્વારા પુનર્મૂલ્યાંકન કરાયેલ ૨ કૉલેજો પૈકી 'A' ગ્રેડ મેળવનાર અન્ય કૉલેજ સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ છે.

### પર્યાવરણ જાગૃતિ

સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજ દ્વારા તા.૫-૧૨-૨૦૧૧ના રોજ પર્યાવરણ જાગૃતિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓ દ્વારા વિવિધ ઔષધી છોડવાઓ રોપવામાં આવ્યા હતા, તેમજ તેમના ગુણધર્મો વિશે અધ્યાપકો દ્વારા વિદ્યાર્થીઓને જાણકારી પૂરી પાડવામાં આવી હતી.

## પાઠ્યપુસ્તક લેખનકાર્ય

વકીલ શ્રી ડી. એચ. પટેલ ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશનના ડૉ. ભાવિકભાઈ શાહ ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળમાં ધોરણ ૯ અને ૧૦ના વ્યવસાયલક્ષી પ્રવાહના પુસ્તકલેખનની કામગીરી માટે તા. ૧૮ અને ૧૯ નવેમ્બરના રોજ જોડાયા હતા.

## પ્લેસમેન્ટ સેમિનાર

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત પ્લેસમેન્ટ કામગીરી અંગેના સેમિનારમાં તા. ૨૩-૧૧-૧૧ના રોજ એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના પ્રાધ્યાપક અને એચ.ઓ.ડી. ડૉ. દીપકભાઈ પંડ્યા તેમજ પ્રા. દેવાંગભાઈ મહેતાએ ભાગ લીધો હતો.

## વિડિયો કોન્ફરન્સ

તા. ૨૯-૧૧-૧૧ના દિવસે BISAG, ગાંધીનગર ખાતે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટીચર એજ્યુકેશન (ITTE) દ્વારા સમગ્ર ગુજરાતના B.ed. કૉલેજોના આચાર્યો, ITTEના રજિસ્ટ્રાર, હેડ અને હાયર એજ્યુકેશન કમિશ્નર સાથે વિડિયો કોન્ફરન્સિંગમાં આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજના H.O.D. ડૉ. કુસુમ યાદવ અને એસ. એસ. એસ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના H.O.D. ડૉ. દીપકભાઈ પંડ્યા જોડાયા હતા.

## વ્યાખ્યાન

- એસ.એસ.પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનના પ્રા. દેવાંગભાઈ મહેતાએ આર.સી. ટેકનિકલ કૉલેજ, અમદાવાદ ખાતે 'Time Management and Overview of Use of Instructional Media' અને મર્ચન્ટ ટેકનિકલ કૉલેજ, મહેસાણામાં 'Time Management' અને પ્રા. ખેવનાબેન ત્રિવેદીએ 'માર્ગદર્શન અને સલાહ' વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું.

- NITTTER, ભોપાલના અમદાવાદ એક્ષટેંશન સેન્ટર દ્વારા આયોજિત સરકારી પોલિટેકનિક અને એન્જિનિયરિંગ કૉલેજોમાં આર. એચ. પટેલ ઇંગ્લિશ મીડિયમ બી.એડ્. કૉલેજનાં H.O.D. ડૉ. કુસુમ યાદવે તા. ૧૪-૧૧-૧૧ના રોજ 'Learning Instruction, Principles and Factors Affecting Learning' તથા તા. ૧૫-૧૧-૧૧ના રોજ પ્રા. શ્રીમતી સુપ્રિયા બેનરજીએ 'Overview of Teaching Methods' તેમજ તા. ૯-૧૧-૧૧ના દિવસે મર્ચન્ટ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, મહેસાણામાં પ્રા. શ્રીમતી વિનીતા અડવાણીએ 'Lesson Planning' તથા પ્રા. તોમ્બાસિંગે 'Principles of Teaching' વિષય ઉપર વ્યાખ્યાનો આપ્યાં હતાં.

## સ્કીટ કોમ્પિટિશન

તા. ૯-૧૨-૨૦૧૧ના રોજ સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજ દ્વારા સ્કીટ કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્પર્ધક ગ્રુપો પૈકી શ્યામજી કૃષ્ણ વર્મા ગ્રુપ વિજેતા થયું હતું. આ ઉપરાંત તા. ૯-૧૨-૧૧ના રોજ ઈન્ટર્નશીપ સંદર્ભે તાલીમાર્થીઓ માટે ઓરિએન્ટેશન વર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શૈક્ષણિક પ્રવાસ

સર્વ વિદ્યાલય પી.ટી.સી. ઇંગ્લિશ મીડિયમ કૉલેજ દ્વારા તા.૨૨-૧૦-૧૧ના રોજ અંબાજી તથા ઉમિયામાતાજી, ઊંઝાના શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસ દરમ્યાન બાલવા – પીરોજપુરાની શાળાની મુલાકાત દરમ્યાન તાલીમાર્થીઓએ પ્રાર્થના કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

# શાળા વિભાગ

## પાઠ્યપુસ્તક લેખનકાર્ય

એસ. બી. પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક શાળા, ગાંધીનગરના શિક્ષક શ્રી મનુભાઈ એચ. પટેલને ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળ દ્વારા ધોરણ–૯ તથા ૧૦માં 'વાણિજ્ય વ્યવસ્થા'ના નવા અભ્યાસક્રમ અનુસાર પાઠ્યપુસ્તક તૈયાર કરવા માટે નિમંત્રિત કરવામાં આવતાં લેખનકાર્યમાં ભાગ લીધો.

## બાળદિન

શ્રીમતી આર. જી. પટેલ સેકન્ડરી એન્ડ એસ. બી. પટેલ કન્યા ઉચ્ચ માધ્યમિક શાળા ખાતે પંડિત જવાહરલાલ નહેરુનો જન્મદિન તા. ૧૪-૧૧-૧૧ 'બાળદિન' તરીકે ઊજવવામાં આવ્યો. આ નિમિત્તે આચાર્યાશ્રી સુધાબેન પટેલે 'બાળદિન'ની ઉજવણીનું મહત્ત્વ સમજાવતાં જણાવ્યું કે બાળકો ભારત દેશના સાચાં નાગરિક બને અને ભારતની સંસ્કૃતિનું જતન કરે, તેમજ બાળકો પ્રત્યે સાચી મમતા રાખી તેમનું સારી રીતે ઘડતર થાય એ જરૂરી છે. પંડિત જવાહરલાલ નહેરુની સ્મૃતિમાં તા. ૧૫-૧૧-૧૧ના રોજ સમૂહ પ્રાર્થના કરવામાં આવી. સમૂહ પ્રાર્થના દરમ્યાન કસ્તુરબા ગૃહ આયોજિત ક્વીઝ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં ધોરણ ૮થી ૧૨ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## બાળમહોત્સવ

અભ્યાસની સાથે સાથે બાળકો ખેલદિલી દાખવે અને અન્ય સહ અભ્યાસપૂરક પ્રવૃત્તિઓમાં રસ દાખવે અને સર્વાંગી વિકાસ થાય તે હેતુસર શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં સંસ્થાના આદ્ય સ્થાપક સ્વ. શ્રી પુરુષોત્તમદાસ ર. પટેલ(પૂજ્ય દાસકાકા)ની સ્મૃતિમાં શિયાળુ રમતોત્સવ અને યુવક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મુખ્ય મહેમાન શેઠ સી. એમ. હાઈસ્કૂલના આચાર્ય શ્રી બચુભાઈ પટેલે કેમ્પસમાં સ્થાપિત પૂજ્ય દાસકાકાની પ્રતિમાને પુષ્પહાર અર્પણ કરી આતશજ્યોત પ્રગટાવી રમતોત્સવને ખુલ્લો મૂક્યો હતો અને વિદ્યાર્થીઓને ખેલદિલીપૂર્વક વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા અને પોતાનું હીર દાખવવા સંદર્ભે મનનીય ઉદ્‌બોધન કર્યું હતું. (આ પ્રસંગે શાળાનાં આચાર્યા શ્રીમતી નીવાબેન પટેલે પ્રસંગોચિત વક્તવ્યમાં વિદ્યાર્થીઓને પોતાનાં કૌશલ્યો ખીલવે અને સફળતા પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.) તા. ૧૨, ૧૩ અને ૧૪ ડિસેમ્બર, ૨૦૧૧ના રોજ યોજાયેલ આ મહોત્સવમાં વિદ્યાર્થીઓએ પોતાનાં કૌશલ્યો ખીલવ્યાં હતાં. રમતોત્સવની દોડ, જંપદોડ, લીંબુ-ચમચી, ગોળાફેંક, સંગીતખુરશી, બોરપીપર, દેડકાં દોડ વગેરે તથા યુવક મહોત્સવ અંતર્ગત રંગોળી, વક્તૃત્વ, ચિત્ર, ગીત, એકપાત્રીય અભિનય, નિબંધ, વાર્તા, સુલેખન વગેરે સ્પર્ધાઓમાં લગભગ ૮૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

## મેડીકલ પ્રવેશ

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગરની નીચેની વિદ્યાર્થિનીઓએ મેડીકલ અને એલાઈડ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવ્યો. ૧. શાહ પ્રિયંકા વી. (મેડીકલ કૉલેજ, સુરત) ૨. ચૌધરી કામિની જી. (મેડિકલ કૉલેજ, જામનગર) ૩. રબારી અંકિતા જી. (મેડિકલ કૉલેજ, ભૂજ) ૪. પટેલ ધારા એમ. (નૂતન ડેન્ટલ કૉલેજ, વિસનગર) ૫. ચૌધરી અંજના આર. (ફિઝીયોથેરાપી, જામનગર) ૬. પટેલ દિવ્યા જી.

(ફિઝીયોથેરાપી, જામનગર) ૭. યાદવ હિટલી જે. ( (ફિઝીયોથેરાપી, જામનગર) ૮. જીવાની હેમાલી એ. B.Sc. – નર્સિંગ, અમદાવાદ૯ ૯. લાટીવાલા શબનમ જી. B.Sc. – નર્સિંગ, વડોદરા) ૧૦. પટેલ કૃપા પી. B.Sc. – નર્સિંગ, પાટણ) ૧૧. પટેલ ખુશ્બુ પી. B.Sc. – નર્સિંગ, ભાવનગર) ૧૨. પટેલ કવિતા એમ. B.Sc. – નર્સિંગ, બરોડા) ૧૩. પંચોલી ઊર્વી ડી. B.Sc. – નર્સિંગ, ઝૂંડાલ) ૧૪. જાડેજા શીવાંગી આર. B.Sc. – નર્સિંગ, પાટણ) ૧૫. ચૌધરી નીમા એન. B.Sc. – નર્સિંગ, એપોલો) અને ૧૬. પટેલ સ્વીટી એ. B.Sc. – નર્સિંગ, એપોલો).

## વક્તૃત્વ સ્પર્ધા

આત્મ ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓમાં રહેલી વિવિધ પ્રતિભાશક્તિને બહાર લાવવાના હેતુથી વક્તૃત્વ સ્પર્ધા, શીઘ્રનિબંધ સ્પર્ધા અને ક્વીઝ સ્પર્ધાનું આયોજન તા. ૨૩ અને ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૧ના દિવસોમાં સ્વામી રામકૃષ્ણ પરમહંસ સ્કૂલ, ગાંધીનગરમાં રાખવામાં આવેલ, જેમાં ગાંધીનગરની વિવિધ શાળાઓના આશરે ૧૫ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળાની નીચેની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. ૧. રાઠોડ જૈમિના (શીઘ્ર નિબંધસ્પર્ધા, ૧૧–ડી) ૨. કાનડિયા કરમનિષ્ઠા (વક્તૃત્વ સ્પર્ધા, ૯–એ) ૩. શાહ કિશ્ના જે. (ક્વીઝ સ્પર્ધા, ૯–સી), ૪. ગોહિલ નેહલ આર. (ક્વીઝ સ્પર્ધા, ૯–સી). ઉપરોક્ત સ્પર્ધાઓ પૈકી શીઘ્ર નિબંધ સ્પર્ધામાં રાઠોડ જૈમિના એસ. એ પ્રથમ નંબર મેળવી રૂપિયા ૩૦૦ રોકડ પુરસ્કાર, પ્રમાણપત્ર તેમજ 'કાવ્યાંજલિ' અને 'ગ્રંથોત્સવ' બે પુસ્તકો ઇનામમાં પ્રાપ્ત કરેલ છે. સ્પર્ધાનો વિષય – 'વાંચનનું મહત્ત્વ' હતો.

## શૈક્ષણિક પ્રવાસ

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ગાંધીનગર દ્વારા તા. ૧૯થી ૨૧ ઑક્ટોબર દરમ્યાન કચ્છ તથા સૌરાષ્ટ્રના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અનુક્રમે ૩૦૦ તથા ૧૦૦ વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી. આ ઉપરાંત ૧૦૧ વિદ્યાર્થીઓએ વિમાન દ્વારા મુંબઈનો પ્રવાસ માણ્યો. આ પ્રવાસોમાં વિદ્યાર્થિનીઓની સાથે શાળાના ૩૫ જેટલા સ્ટાફમિત્રો પણ જોડાયા હતા. આ પ્રવાસો વિદ્યાર્થિનીઓના જ્ઞાનમાં વધારો કરનારા તથા ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ તથા આધ્યાત્મિક વારસાનાં દર્શન કરાવે તેવા રહ્યા હતા.

### માભૂમિની હૈયાલક્ષ્મી

*ડુંગરે ગાવલડી ભાંભરે,*
*મને રહી રહી સાંભરે;૦૦૦*
*ઊભી અદીઠ ક્યાંક ઝાંખરે*
*ડુંગરે ગાવલડી ભાંભરે –*
*શું એ માભૂમિની હૈયાલક્ષ્મી આમ ઊંડી આરત રહી રેલી ?*

ઉમાશંકર જોશી

ટાઈપસેટિંગ અને મુદ્રક : શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯
પ્રકાશક : કુલસચિવ, સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૨૩૨૪૪૬૯૦



પ્રમુખસ્વામી સાયન્સ એન્ડ એચ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, કડી



સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી

**Sarva Vishwavidyalaya Vṛtta :** *News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar*
Year 1, Issue No. 6 November-December, 2011
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382015



સર્વ વિદ્યાલય, કડી

